Super Visa/ Visitor to Canada Insurance

Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
Serving at 2 locations GTA East / GTA West
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years

Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 06 December, 2019 Vol. 15, No. 49 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## તેલંગણા, યુપી, બિહાર અને કર્ણાટકમાં ગેંગરેપની ઘટનાથી સમગ્ર દેશમાં આક્રોશ, સંસદમાં પડઘા

# ઉન્નાવમાં ગેંગરેપ : પીડિતાને જીવતી સળગાવી દીધી


### •પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી પાડ્યા

લખનઉ : ઉત્તરપ્રદેશના ઉન્નાવમાં બિહાર પોલીસ ક્ષેત્રના એક ગામમાં રહેતી સામૂહિક દુષ્કર્મ પીડિતાને ગુરૂવાર સવારે ૬ યુવકોએ પેટ્રોલ છાંટી સળગાવી દીધી હતી જે બાદ પિતાએ માહિતી આપતા પોલીસે પીડિતાને હોસ્પિટલ પહોંચાડી હતી. અહીં પીડિતાની હાલત ગંભીર જોતા લખનઉ રિફર કરાઈ છે. હાલ પોલીસે ત્રણ આરોપીઓને કસ્ટડીમાં લઈ પૂછપરચ્છ કરી રહ્યા છે. પીડિતાએ નિવેદન આપ્યું કે ગુરૂવાર વહેલી સવારે ૪ વાગ્યે રાયબરેલી જવા માટે ટ્રેન પકડવા બૈસવારા બિહાર રેલવે સ્ટેશન જઈ રહી હતી. ગૌરા મોડ પર ગામના હરિશંકર ત્રિવેદી, કિશોર શુભમ, શિવમ, ઉમેશે તેને ઘેરી લીધી અને માથા પર ડંડાથી અને ગળા પર ચાકુથી પ્રહાર કર્યા. ત્યારે પીડિતાને ચક્કર આવતા પડી ગઈ તો આરોપીઓએ પેટ્રોલ નાંખી આગ લગાવી દીધી. આ કેસમાં કેટલાંક આરોપી જેલમાંથી જામીન પર બહાર આવ્યા હતા. હાલમાં પણ તમામ આરોપીની ધરપકડ કરાઈ છે.

## હૈદ્રાબાદમાં ડોક્ટર પર ગેંગરેપ કરનારાની સરભરા

નવી દિલ્હી : હૈદ્રાબાદમાં મહિલા ડોક્ટર સાથે ગેંગરેપ બાદ જીવતી સળગાવી દેવાની ઘટનાના ચાર આરોપીઓની જેલમાં આગતા સ્વાગતા કરાઈ રહી છે. રેપના આરોપીઓ મહોમ્મદ પાશા, નવીન, કેશાવુલુ અને શિવાને પહેલા દિવસે મટન કરી અને ફ્રાઈડ રાઈસ ખાવા માટે અપાયા હતા. જોકે ત્રિચિરાપલ્લી જેલના સત્તાધીશોના કહેવા પ્રમાણે આરોપીઓને જેલ મેન્યુઅલ પ્રમાણે જ ખાવા અપાઈ રહ્યુ છે. બીજો પણ એક ખુલાસો એવો થયો છે કે, રેપના આરોપી મહોમ્મદ પાશા પાસે કોઈ ડોક્યુમેન્ટ જ નહોતા આમ છતા તે બે વર્ષ સુધી ટ્રક ચલાવતો રહ્યો હતો. મહિલા ડોક્ટરની બહેનનો આરોપ છે કે, પોલીસે તો શરુઆતમાં ફરિયાદ લખવામાં પણ મોડુ કર્યુ હતુ.પોલીસને કોલ કર્યા બાદ પોલીસ રાતે ૩.-૩૦ વાગ્યે ટોલ પ્લાઝા પર ગઈ હતી. જેની નજીકથી આરોપીઓએ ડોક્ટરનુ અપહરણ કર્યુ હતુ. બળાત્કાર પીડિતાની ઓળખ જાહેર કરનારી કેટલીક ટીવી ચેનલોને અને સોશિયલ મીડિયા સાઈટસને પોલીસે નોટિસ મોકલી હતી.

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો

Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જ્વેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com

www.ashokjewellers.ca

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank®

BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region
Fax: 416-253-9461

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com

THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

## બિહારમાં સગીરા પર રેપ કરી, ગોળી મારી કર્ણાટકમાં રેપ બાદ બાળકીની ઘાતકી હત્યા

પટના : હૈદરાબાદમાં મહિલા ડોક્ટર પર રેપ કર્યા બાદ તેને જીવતી સળગાવી દેવાની ઘટનાએ સમગ્ર દેશમાં ચકચાર જગાવી છે ત્યારે હવે બિહારમાં પણ તેના જેટલી જ અતી ક્રૂર ઘટના સામે આવી છે. અહીંના બક્સરમાં એક સગીરા પર રેપ કર્યા બાદ તેની બંદુકથી હત્યા કરવામાં આવી હતી અને બાદમાં તેને સળગાવી દેવામાં આવી હતી. સ્થાનિક ડીવાય એસપીએ જણાવ્યું હતું કે યુવતીની હત્યા કરવામાં આવી તે પહેલા તેના પર રેપ થયો હતો. જોકે આ યુવતીનું શરીર સળગી ગયું હોવાથી તેની ચોક્કસ ઉમર જાણી શકાય તેમ નથી. હાલ તેના મૃતદેહને પીએમ માટે મોકલવામાં આવ્યો છે અને વધુ તપાસના આદેશ આપવામાં આવ્યા છે. પોલીસે જણાવ્યું હતું કે પીડિતાને નરાધમોએ એક ગોળી માથામાં મારી હતી. બાદમાં તેને સળગાવી દેવામાં આવી હતી. આ ઘટનાની તસવીરો પણ સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ હતી. જોકે હજુસુધી આ ઘટનાને અંજામ આપનારા નરાધમો ઝડપાયા નથી. આ ઉપરાંત કર્ણાટકમાં પણ બનેલી ઘટનામાં પણ માસુમ બાળકી સાથે રેપ થયાં બાદ તેની હત્યા થઈ હોવાનું બહાર આવ્યું છે.

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE

Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

સિલાઈ મશીન તથા ઇન્ડસ્ટ્રીયલ સીવણ મશીનની ફેક્ટરી વેચવાની છે.

-: સંપર્ક કરો :-
514-387-4257
10221 Saint Lawrence Blvd., Montreal.

✓ Residential
✓ New Condos
✓ Investments
✓ Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222

RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી. ૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance

Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002

1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.

WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



SECURING YOUR FAMILY'S FUTURE

CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY
FOR YOUR FINANCIAL NEEDS



Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca

The North Star Insurance Inc.
For all your Insurance & Investment needs

Visitors Insurance | Super Visa Insurance | Travel Insurance

Protect Yourself, your family, investment & your valuable assets through

Life Insurance | Critical Illness Insurance | Disability Insurance | Supplemental Health Insurance

Make your investment plans, MEANINGFUL

Guaranteed Investment Funds | Tax Free Saving Account | Reg. Ed. Saving Plan | Reg. Retirement Plans

NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!

Call today for a free no obligation quote



Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com

Hiring new & experienced insurance advisor
- Better Commission package
- Weekly product training
- One on one basis support
- Full flexibility

શ્રીજી (SHRIJI)
CATERING AND TAKEOUT
IN BRAMPTON
Operated By : RAMABEN PATEL
71, WEST DRIVE, UNIT #34, NEAR OM GROCERY

CATERING TAKE OUT & FAST FOOD
ALL TYPE OF GUJARATI SNACKS
& FOOD AVAILABLE
JAIN ITEMS ALSO AVAILABLE
100% PURE VEG

Test our special GUJARATI FOOD
Kathiyawadi Meal On SUNDAY

TRY OUR SPECIAL ITEMS
DABELI, KACHORI, PAV BHAJI, LADU & MORE

COOK NEEDED FOR INDIAN FOOD.

LOCATION
71, WEST DRIVE, UNIT # 34, NEAR OM GROCERY, IN, 36T 5E2

PLS. CONTACT FOR DETAILS
PH. 905-451-4050 - CELL : 416 -509-2120
KITCHEN HELP WANTED

વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Travel Services
દુનિયા જુઓ અમારી નજરથી....

Lowest & Special Fares to:
Ahmedabad / Vadodara / Mumbai & Delhi

Air Ticket | Cruises | Vacation Packages | Insurance



Diptesh Patel
Tel: 905 790 8989
Dir: 647 409 2976
2565 Steeles Ave E, Unit # 20, Brampton, ON L6T 4L6
Fax: 905 790 8686
travelservices14@gmail.com
travelservices12@yahoo.com
tico.ca 50018836

ETIHAD AIRWAYS | Emirates | KLM | AIR-INDIA | AIR CANADA | BRITISH AIRWAYS

Rollz ICE CREAM
BEST TAWA ICE CREAM IN TORONTO
Flavours
• Roasted Pistachio
• Anjeer Baadam
• Rose and Pistachio
• Chickoo
• Bombay Kulfi
• Mava kulfi
• Guvava Chili
• Kaju Draksh
• Sitafal
• Maharaja Paan
Waffles
• Chocolate nuts Waffle
• Strawberry cracker Waffle
• Classic Waffle
• Pecan Banana Waffle
Dipped Gelato softserve Cones
Egg free waffles
NO EGGS NO GELATINE NO ALCOHOL
5631 Steeles Ave East, Unit 6, Middlefield & Steeles
Behind SUBWAY SANDWICH
416-293-4006 rollzicecream.com
blogTO SKIP the DISHES UBER eats

ઓછામા ઓછા ભાડાની ખાતરી આપતું એક માત્ર ટ્રાવેલ્સ
સસ્તી ટિકીટો અને સરસ સેવા માટે કાયમ નંબર વન
Rank One Travels & Tours
www.rankonetravels.com
LOWEST FARES GUARANTEED SPECIAL SEAT SALE
એર ઈન્ડિયાની ફ્લાઈટમાં સૌથી સસ્તા દરે મુસાફરી
FARES TO
MUMBAI, AHMEDABAD, VADODRA, KOLKATA, DELHI, BANGALURU, CHENNAI, HYDERABAD
AIRTRAVEL - HOTEL - VACATION PACKAGES
CRUISES - INSURANCE
CALL US TODAY!
905.672.5300 I 1-866.929.5300
Email: rajesh@rankonetravels.com
49, Hillcrest Avenue, Unit - 203, Brampton L6W 4V4
tico.ca LIC: 50021002
CLIA CRUISE LINES INTERNATIONAL ASSOCIATION, INC.

# ઓન્ટેરિયોમાં પવનોનું તોફાન, અનેક વાહનો વચ્ચે અથડામણ : એકનું મોત

• કિંગસ્ટન ઓન્ટેરિયો ખાતે મોટી ટ્રક સહિત ૩૦ થી ૪૦ વાહનો એક બીજા પર ધસી જતાં ૧૫ થી ૨૦ લોકોને હોસ્પિટલ લઈ જવાયા

ટોરન્ટો : દક્ષિણ ઓન્ટેરિયોમાં રવિવારે શિયાળાના તોફાનને કારણે ડઝનબંધ વાહનોની અથડામણને કારણે એકનું મોત થયું હતું. જ્યારે હજારો લોકોને વીજપૂરવઠા વિના રહેવું પડ્યું હતું.

પ્રાંતીય પોલીસે જણાવ્યું હતું કે, રવિવારે બપોરે કિંગસ્ટન ઓન્ટેરિયો ખાતે ગંજાવર ટ્રક સહિત ૩૦ થી ૪૦ વાહનો એક બીજા પર ધસી જતાં ૧૫ થી ૨૦ લોકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યાં હતાં. પરંતુ મોટાભાગના લોકોને સામાન્ય ઈજાઓ થઈ હતી. પોલીસે જણાવ્યું હતું કે આ અથડામણમાં એકનું મોત થયું હતું. પરિવારજનોની ઓળખ વિધિ બાદ મૃતકનું નામ જાહેર કરવામાં આવશે. ઓન્ટેરિયોના હાઈવે પર રવિવારે દિવસે તોફાની હવામાન રહેતાં ગ્રેટર ટોરન્ટો વિસ્તારમાં રવિવારે બરફ પડવાની શરૂઆત થઈ હતી. પરિણામે અથડામણના આશરે ૪૦૦ બનાવો બન્યા છે. નાયગરા વિસ્તારમાં રવિવારે એક ટ્રક સાથે જીપ અથડાતાં એક ૨૪વર્ષીય મહિલાનું મોત થયું હતું એમ સાર્જન્ટ કેરી સ્કીમિડે જણાવ્યું હતું. ભારે પવનો ફુંકાતા મોટા પ્રમાણમાં બરફ જામી જતાં ૨૫,૦૦૦ હાયડ્રો વનના અને ૬,૦૦૦ ટોરન્ટો હાયડ્રોના ગ્રાહકો પાવર ફેલ્યોરનો ભોગ બન્યા હતાં.

PE
SATISFACTION 100% GUARANTEED
PEGASUS ENTERPRISE
Importer & Wholesaler
Thermal Paper Rolls
1 - Debit Machine : 2 1/4''x 50 ft.
2 - Cash Register (POS) : 3 1/8''x 180 ft
Variety of Paper & Plastic Products
pegasusenterprise@hotmail.com
Toronto, Ontario, Canada
CALL : Sanjay (647) 294-9402

AVAILABLE SERVICES:
EXCHANGE USD TO CAD & CAD TO USD
CURRENCY EXCHANGE & WIRE TRANSFER
GUARATEED BEST EXCHANGE RATE IN CANADA
PAYMENT AFTER DELIVERY**
CASH PICK-UP AND DIRECT BANK DEPOSIT ALL OVER THE WORLD
REMITTANCE PARTNER
MoneyGram XPRESS MONEY Ria UREMIT & more...
SEND MONEY TO
INDIA DUBAI ABU DHABI KUWAIT SAUDI ARABIA PAKISTAN OMAN QATAR BANGLADESH SRI LANKA UNITED KINGDOM USA AUSTRALIA NEW ZEALAND
BRING MONEY FROM
INDIA UNITED KINGDOM SAUDI ARABIA SOUTH AFRICA UNITED ARAB EMIRATES
TO CANADA
ભારતથી બાપ-દાદાની મિલકત વેચીને રુપિયા કેનેડા કાયદેસર રીતે મંગાવવા માટે સંપર્ક કરો: ઝાકીરભાઈ
*No Service Charge & No Commission **Subject to Credibility
Call ZAKIRBHAI
There is NO TAX on most Inheritance, Loan, and Gift Money.
ZAKIRBHAI WILL PROVIDE GUIDANCE FOR THAT.
Jack Filled Foreign Exchange Inc
#102-305 MILNER AVE, SCARBOROUGH, ON, M1B 3V4
416.901.9995, 416.439.9995

# તેલંગણા, ઉન્નાવમાં ગેંગરેપ અને મર્ડરની ઘટનાથી દેશ ફરી શર્મસાર

## તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

ભારતમાં છેલ્લાં પખવાડિયામાં તેલંગણા, ઉન્નાવ અને કર્ણાટક તથા ગુજરાતમાં ગેંગરેપ અને હત્યા જેવા બનાવોથી આખો દેશ હચમચી ઉઠ્યો છે. તેલંગણામાં ૨૬ વર્ષની વેટરનરી ડૉક્ટર યુવતી પર બળાત્કાર અને પછી તેની ઘાતકી હત્યા કરી નંખાઈ. બુધવારે રાત્રે બનેલી આઘાતજનક ઘટનામાં ચાર હવસખોરોએ હેવાનિયતની તમામ હદો વટાવીને આ યુવતી પર પહેલાં બળાત્કાર ગુજાર્યો અને પછી તેને સળગાવી નાંખી. આ ઘટનાની જે વિગતો બહાર આવી છે તે થથરાવી નાખે એવી છે. આ સાથે જ દેશમાં મહિલાઓ કેટલી સુરક્ષિત એવો સવાલ પણ ઉઠ્યો છે.

આ વેટરનરી ડૉક્ટર યુવતી સાંજે સવા છ વાગ્યે એક સ્થળે પોતાનું સ્કૂટર પાર્ક કરીને ટેક્સીમાં ડર્મેટોલોજિસ્ટને મળવા ગઈ હતી. ચારેય હવસખોરોએ એ વખતે જ તેને જોઈ લીધેલી અને તેમણે યુવતીને હવસનો શિકાર બનાવવાનું નક્કી કરી લીધેલું. તેમણે યુવતીના સ્કૂટરનું એક ટાયર પંક્ચર કરી દીધું. યુવતી ત્રણેક કલાક પછી પાછી આવી ત્યાં સુધીમાં તે નરાધમો દારૂ પીને મત્ત થઈ ગયા હતા. યુવતીને મદદના બહાને ચારેય તેની પાસે ગયા ત્યારે યુવતી ફોન પર વાત કરતી હતી. યુવતીનું મોં દબાવીને એ લોકો તેને પાસેની ઝાડીમાં લઈ ગયા અને ફોન બંધ કરી દીધો. યુવતી બૂમો પાડતી હતી. તેથી તેના મોંમાં વ્હિસ્કી ભરી દીધી અને બળાત્કાર કર્યો. આ અત્યાચારોને કારણે યુવતી બેભાન થવા સાથે લોહીલુહાણ થઈ ગઈ હતી. થોડા કલાક પછી યુવતી ભાનમાં આવવા લાગી ત્યારે તેમણે ગળું દબાવીને તેની હત્યા કરી દીધી. વળી તેની હેવાનિય હદ વટાવતી હોય તેમ આ ચારેય નરાધમોએ યુવતીના મૃતદેહને એક કામળામાં લપેટ્યો અને પછી ત્રીસેક કિલોમીટર દૂર એક બ્રિજ પાસે લઈ જઈને તેને સળગાવી દીધો. હવસ અને હત્યાનો આ ખેલ છ કલાક સુધી ચાલ્યો.

દરમિયાનમાં યુવતી ઘરે નહીં પહોંચતાં તેનાં માતા-પિતા પોલીસ સ્ટેશને પહોંચ્યાં, પણ પોલીસે તેમને યોગ્ય પ્રતિભાવ ના આપ્યો. યુવતી પોતાના પ્રેમી સાથે જલસા કરવા ઉપડી ગઈ હશે એવા ઉડાઉ જવાબો આપીને પોલીસે કશું જ ના કર્યું. પછી તેમને એક પોલીસ સ્ટેશનથી બીજા પોલીસ સ્ટેશને ધક્કા ખવડાવાયા. પોલીસે આ બધું કરવાને બદલે તપાસ કરી હોત તો કદાચ યુવતીને શોધી શકાઈ હોત. તેના બદલે પોલીસે યુવતીનો વાંક હોય એવું વર્તન કર્યું. બીજા દિવસે યુવતીની લાશ મળી પછી પોલીસ હરકતમાં આવી. પોલીસે એ પછી ઝડપથી પગલાં ભરીને ચારેય હવસખોરોને ઝડપી લીધા. યુવતીનાં માતા-પિતાને રઝળાવનારા ત્રણેય પોલીસને પણ સસ્પેન્ડ કરી દેવાયા છે.

બીજી તરફ આ ઘટનાના પગલે લોકોનો આક્રોશ ભડક્યો છે. લોકો રસ્તા પર આવી ગયાં છે. હૈદરાબાદમાં તો લોકો એ હદે આક્રોશિત બન્યા કે, પોલીસ સ્ટેશનને ઘેરીને તેમણે હેવાનોનો ત્યાં ને ત્યાં ન્યાય કરવા માટે પોતાને સોંપી દેવાની માગણી કરી. દેશના બીજાં શહેરોમાં પણ આ ઘટનાના પ્રત્યાઘાતો પડ્યા.

ડિસેમ્બર ૨૦૧૨માં દિલ્હી ખાતે નિર્ભયા સાથે ચાલુ બસમાં જે ઘૃણિત સામૂહિક બળાત્કારનો બનાવ બન્યો ત્યારે માત્ર દેશ જ નહીં, આખી દુનિયા હચમચી ઉઠી હતી. નિર્ભયાના બનાવ સમયે આખો દેશ એક સાથે આંદોલનમાં જોડાયો હતો. સરકાર, સમાજ અને તમામ રાજકીય દળોએ પણ સંકલ્પ લીધો હતો કે, હવે કોઈ આવી કોઈ ઘટના નહીં બને. એ આંદોલન અને એ સમયે લીધેલા સંકલ્પો બાદ લાગવા માંડયું હતું કે, હવે દેશની પરિસ્થિતિ બદલાશે અને દેશમાં મહિલાઓ સુરક્ષિત બનશે. સરકાર ઉપર પણ કડક કાયદા ઘડવાનું દબાણ હતું. નિર્ભયાકાંડ બાદ સરકારે મહિલાઓની સુરક્ષા માટે એક અલગ કોષની સ્થાપના કરી. એ સાથે જ લોકોના રોષને ઠંડો પાડવા માટે સરકારે જસ્ટીસ જે.એમ. વર્માની અધ્યક્ષતા હેઠળ એક સમિતિની રચના કરી જેણે અનેક કડક ઉપાયોની હિમાયત કરી. જાન્યુઆરી ૨૦૧૩માં સમિતિએ સોંપેલા રિપોર્ટમાં પોલીસની સંખ્યા, પોલીસની કામગીરીમાં સુધારા, આપરાધિક મામલાઓમાં દંડ વ્યવસ્થા અને સામાજિક જાગૃતિ અંગેની ભલામણો કરી. એ સમયે જે આંદોલન ચાલી રહ્યું હતું એમાં મુખ્ય માંગ એ હતી કે, બળાત્કારના દોષિતોને મૃત્યુદંડની સજા આપવામાં આવે. જોકે મૃત્યુદંડની સજાને લઈને ઘણાં મતભેદ હતાં પરંતુ છેવટે એ ભલામણ પણ સ્વીકારવામાં આવી. એ પછી ત્રણ મહિનાની અંદર જ કાયદામાં આ ફેરફારનો વટહુકમ પણ જારી થઈ ગયો. કાયદામાં બદલાવ પાછળ આકરા દંડનો સિદ્ધાંત હતો અને એ વિચારસરણી હતી કે, જો બળાત્કારીઓને બચી નીકળવાના માર્ગ બંધ થઈ જાય અને તેમને આકરી સજા થાય તો લોકોમાં દાખલો બેસે અને અપરાધી માનસિકતા ધરાવતા લોકો આવા અપરાધ કરતા અટકે. પરંતુ કડક કાયદા છતાં દેશમાં બળાત્કારની ઘટનાઓ ઓછી થઈ નથી.

ફરી ફરી આ પ્રકારની ઘટનાઓ વારંવાર બન્યા જ કરી છે. આવું કેમ થાય છે એ સવાલ મહત્વનો છે. વર્ષોથી આપણા સમાજનો છોકરીઓ તરફનો અભિગમ અને બળાત્કાર જેવા ઘૃણાસ્પદ અપરાધને સહજતાથી લેવાની પોલીસ સહિતના સરકારી તંત્રની માનસિકતા આ ઘટનાઓ માટે મુખ્ય જવાબદાર પરિબળ છે. એ સિવાય વિકૃત માનસિકતા, કાયદાના કડક અમલમાં નબળાઈ અને ખાસ તો રાજકીય ઈચ્છાશક્તિના અભાવનાં કારણોને પણ જવાબદાર માની શકાય તેમ છે. જમ્મુ અને કાશ્મીરમાં બનેલી કઠુઆની બળાત્કારની ઘટના પણ હચમચાવી નાખે તેવી હતી. કઠુઆમાં આઠ વર્ષની છોકરીને ઘેનની દવા આપીને પાંચ-પાંચ હવસખોરો તેના શરીરને અઠવાડિયા લગી ચૂંથતા રહ્યા અને તેને ખાવાનું સુધ્ધાં નહોતું આપ્યું. હાલમાં તેલંગાણા ઉપરાંત યુપીના ઉન્નાવમાં પણ ગેંગરેપની ઘટના બની. જેમાં પણ પાંચ જેટલા નરાધમોએ પીડિતાના દેહને પેટ્રોલ નાંખીને સળગાવી દીધો. આ ઉપરાંત ગુજરાતના વડોદરના નજીક પણ પખવાડિયા પહેલાં જ ગેંગરેપની ઘટના ઘટી. જયારે કર્ણાટકમાં બાળકી પર રેપ થયો છે. ચાર દિવસ પહેલાં જ રાંચી ખાતે એક વિદ્યાર્થીનીના અપહરણ અને સામૂહિક બળાત્કારનો મામલો શમ્યો નથી. ત્યાં બિહારમાં સગીરા પર ગેંગરેપ કરી ગોળી મારીને તેને જીવતી સળગાવી દેવાઈ છે.

બળાત્કારીઓની માનસિકતા હવે પીડિતાને મારી નાંખવા સુધી પહોંચી છે. આ માનસિક વિકૃતિ કઈ રીતે ઘટાડવી એ વિશે સરકાર, સમાજ અને શાસકો માટે મનોમંથન જરુરી છે. સામાન્ય રીતે કોઈ પણ છોકરી ગુમ થાય ત્યારે એ વાતને ગંભીરતાથી લેવાના બદલે છોકરી કોઈ છોકરા સાથે ગઈ હશે એમ જ માની લેવાય છે. આપણે આપણી જ બહેન-દીકરીઓને શંકાની નજરે જોઈએ છીએ તેની બધી આ મોંકાણ છે. આ માનસિકતા પોલીસ ખાતામાં વધારે છે અને એ લોકો કોઈ ફરિયાદ કરવા આવે ત્યારે સૌથી પહેલાં આ જ વાત કરીને તેમને પાછા કાઢે છે. આ પ્રકારની વાતો કરીને એ લોકો છોકરીના ચારિત્ર્ય પર તો શંકા કરે જ છે, પણ સાથે સાથે પરિવારને પણ નિરાશાની ગર્તામાં ધકેલે છે. ખાસ તો આ માનસિકતાના કારણે સમય નીકળી જાય છે. બીજી તરફ આ જ સમયમાં અપરાધીઓને અપરાધ કરવાની તક મળી જાય છે. પોલીસ તરત જ હરકતમાં આવે તો કદાચ અનેક ઘટનાઓને રોકી શકાય, પરંતુ કમનસીબે એવું થતું નથી. આ સ્થિતિ બદલવી પડે અને એ માટે લોકોની માનસિકતા બદલવી પડે. પોલીસની

અનુસંધાન પેજ નં. ૧૫

manoj1968@yahoo.ca






# SkyRoute
## TRAVEL SERVICES INC.



AIR CANADA

QATAR AIRWAYS القطرية

Lufthansa

Emirates

الاتحاد ETIHAD AIRWAYS

**AHMEDABAD → $1159**

**DELHI ← $999**

**VADODARA → $1199**

**MUMBAI ← $989**

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC

IATA

tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**

SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**

Edmonton, Calgary, Ottawa, Montreal, Regina, Winnipeg, Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# ટોરન્ટોમાં ઓટો રડાર કેમેરા લગાડવા મંજુરી અપાઈ

## ગયા વર્ષે ૩૭ રાહદારીઓના મોત અને વધતી જતી ટ્રાફિક સમસ્યા રોકવા સરકાર દ્વારા નિર્ણય કરાયો

- **મહાનગરના મુખ્ય રસ્તા પર સલામતી જાળવવા ઉત્તમ ઓટોમેટિક ગતિ નિયંત્રણ ટેકનોલોજી અમલીમાં આવશે**

ઓન્ટેરિયો : ટોરન્ટોમાં બેફામ ઝડપે દોડી રહેલાં વાહનો જે ટ્રાફિક સર્જે છે તેને પહોંચી વળવા ભારે વિલંબ અને ગયા વર્ષે ૩૭ રાહદારીઓના મોત બાદ ફોટો રાડાર લગાવવાની મંજુરી આપવામાં આવી છે.

ઓન્ટેરિયોના પરિવહન મંત્રાલયને શુક્રવારે ફોટો રાડાર વિષે પૂછવામાં આવેલાં એક પ્રશ્નનો જવાબ આપતાં જણાવાયું હતું કે, લોકોની માર્ગ સલામતી માટે એક પારદર્શક, વિશ્વાસપાત્ર અને આધુનિક ટેકનોલોજી અપનાવવાની જરૂર છે. તેથી 'સેફર સ્કૂલ ઝોન એક્ટ' અંતર્ગત મહાનગરપાલિકાઓને મંજુરી આપવામાં આવશે.

શુક્રવાર બપોર સુધી આ કાયદામાં આધુનિક ટેકનોલોજી સંબંધી વધુ માહિતી આપવામાં આવી નહતી. મંત્રાલયે એ સ્પષ્ટતા પણ કરી નહોતી કે, મહાનગરપાલિકાઓને ફોટો રાડાર લગાવવાની મંજુરી આપવામાં આવશે કે કેમ ?

પરિવહન મંત્રાલયના પ્રવક્તાએ ઇ મેઈલ પર જણાવ્યું હતું કે ×મહાનગરપાલિકાના માર્ગો પર સલામતી જળવાઈ રહે એ માટે તેમને ઉત્તમ ઓટોમેટિક ગતિ નિયંત્રણ ટેકનોલોજી આપવામાં આવશે.

ટોરન્ટોના અધિકારીઓ શહેરમાં બેફામ ઝડપે દોડી રહેલાં વાહનો પર નિયંત્રણ રાખવા ૫૦ ફોટો રાડાર લગાવવા ઉચ્ચ સત્તા વાળાઓની મંજુરી માટે છેલ્લાં ચાર વર્ષથી રાહ જોઈ રહ્યાં હતાં. સ્કૂલ અને કોમ્યુનિટી સેફટી ઝોનના દરેક વોર્ડમા બે ઓટોમેટેડ સ્પીડ એન્ફોર્સમેન્ટ કેમેરા લગાવવાનુ આયોજન કરવામાં આવ્યું છે. આ ઝોનમાં રાહદારીઓ પર ભારે જોખમ રહેલું છે.

વન એવન્યુ રોડ ઝોનમાંથી એક સપ્તાહ માં ૬૦,૧૦૦ મોટરિસ્ટો પસાર થયાં હતાં, તેમાંથી મોટાભાગના લોકોએ ૧૦ કી.મી.ની લિમિટનો ભંગ કરી ૪૦ કી.મી.ની ઝડપે કાર ચલાવી હતી.

એક ડ્રાઈવરે રેનફોર્થ ડ્રાઈવ ઝોન ઈટોબીકોકમાં ૪૦ કી.મી.ની મર્યાદાનો ભંગ કરી ૧૧૦ કી.મી.ની ઝડપે કાર ચલાવી હતી. આ વિસ્તારમાંથી દર સપ્તાહે ૨૫,૫૧૧ વાહનો પસાર થાય છે. તેમાંથી એક ડ્રાઈવરે આંચકો આપે એવું કર્યું હતું અને પાંચ વખત ૨૦૨ કી.મી.ની ઝડપે અહીંથી પસાર થયો હતો. આ બધા બનાવો ધ્યાનમાં લેતા ઓન્ટોરિયોમાં ઓટો રડાર કેમેરા લગાડવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

# કેનેડામાં નર્સિંગ કર્મચારીઓની ભારે તંગી, સમસ્યા વધુ વણસી શકે : ઈન્ડીડનો સરવે

- **ઘણાં સમયથી ભરતીની જાહેરાતો છતાં અનેક જગ્યા ખાલી રહી**

ટોરન્ટો : નોકરી બાબતની સંશોધન કરતી એક સંસ્થા ઈન્ડીડ તરફથી જણાવવામાં આવ્યું છે કે, સમગ્ર દેશમાં કામદારોની તંગીમાં વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને નર્સિંગ સ્ટાફની તંગીમાં કોઈ સુધારો થાય તેવા સંકેત હજુ સુધી જોવા મળતાં નથી.

ઈન્ડીડ જણાવે છે કે, ૨૦૧૭માં જે આગાહી કરવામાં આવી હતી તેના કરતા નર્સિંગ ક્ષેત્રમાં નોકરીની પરિસ્થિતિ વધુ વણસતી જાય છે.

એમ્પ્લોયમેન્ટ એન્ડ સોસીયલ ડેવલપોમેન્ટ કેનેડાના અનુમાન મુજબ કેનેડામાં આગામી દાયકાઓ દરમિયાન નર્સિંગના ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં જરૂરત પડશે.

ઈન્ડીડ જણાવે છે કે, હાલના વર્ષોમાં કેનેડા તરફથી નર્સિંગ કર્મચારીઓના જે આંકડાઓ આપવામાં આવ્યા છે તે વધારે પડતા છે. ૨૦૧૫માં નર્સિંગ વિભાગમાં ૭૭% જગ્યાઓ ખાલી પડી હતી અને છતાં ગુલાબી ચિત્ર રજુ કરવામાં આવ્યું હતું.

ઈન્ડીડના ઈકોનોમિસ્ટ બ્રેઈન ડોન બરનાર્ડે મીડિયાને જણાવ્યું હતું કે, મને લાગે છે કે, નર્સિંગના ક્ષેત્રમાં કર્મચારીઓની સોદા શક્તિ વધુ મજબૂત બની છે. એટલું જ નહિ નર્સિંગના ક્ષેત્રને ખુલ્લું મુકવામાં આવ્યું હોવા છતાં ઘણા લાંબા સમયથી અનેક જગ્યાઓ પુરાયા વગરની પડી છે.

આંકડા દર્શાવે છે તેમ એમ્પ્લોયરને નર્સિંગ માટે કર્મચારીઓ મેળવવામાં નાકે દમ આવી જાય છે. એક તરફ બેકારી છે તો બીજી તરફ આ ક્ષેત્રમાં તંગી દેખાય છે અને રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણા ઓછા કર્મચારીઓ આ ક્ષેત્રમાં રહ્યા છે.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) **$8.00 +Tax**

Limited થાળી (without sweet & Farsan) **$6.50 +Tax**

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

**$12.99 (M-T) / $14.99 (F-S)**

**CATERING SPECIAL**

**$ 6.99 10 items**

Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

**Call us for details**

**Franchise Opportunity in GTA**

૯૪૦, માર્ખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

**Per Person / Per Month**



Knights Inn & Suites


Every Knight, Just Right®

**Call : Tushar Shah - 416-434-8121**

**ગુજરાત ભવન - 416-913-7184**

**4694 Kingston Road, Scarborough.**

# બેચરાજીમાં ઉમિયા માતાજી મંદિરનો ૨૨મા પાટોત્સવની રંગેચંગે ઉજવણી




ચાણસ્મા : મહેસાણા જિલ્લાના પવિત્ર યાત્રાધામ બહુચરાજીથી ખાતે ઉમિયા પથિકાશ્રમમાં આવેલા શ્રી ઉમિયા માતાજીના મંદિરનો ૨૨મો પાટોત્સવ સોમવારે ભારે હર્ષોલ્લાસ સાથે હજારો પાટીદારોની ઉપસ્થિતિમાં રંગેચંગે ઉજવાયો હતો. આ પ્રસંગ નવચંડી યજ્ઞા, અન્નકૂટ, શોભાયાત્રા સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ જોડાયા હતા. ઉમિયા માતાજીના મંદિરના ૨૨મા પાટોત્સવ પ્રસંગે આજે સવારે ઉમિયાવાડીથી મા ઉમાની ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નીકળી હતી. આકર્ષક દિવારથ, બગી, ઉંટલારી સહિત શણગારેલા વાહનોની અડધો કિમી લાંબી શોભાયાત્રા મુખ્ય બજાર, ઉપલી બજાર, પ્રાથમિક શાળા, મંદિર ચોક, મામલતદાર કચેરી થઈ બેચર ગામે પરામાં પહોંચી હતી. જ્યાં મોટી સંખ્યામાં ગ્રામજનોએ મા ઉમાનુ ભવ્ય સામૈયું કર્યુ હતું. તેમજ રાસ-ગરબાની રમઝટ બોલાવી હતી.

## મહાયજ્ઞમાં કેન્દ્રિય ગૃહપ્રધાન, મુખ્યમંત્રી, રાજ્યપાલ હાજર રહેશે

ઊંઝા : ઊંઝા લક્ષચંડી મહાયજ્ઞમાં રાજ્ય તથા કેન્દ્રના મંત્રીઓનો સતત પાંચ દિવસ તા. ૧૮-૧૨-૧૯ થી તા. ૨૨-૧૨-૧૯ સુધી વિવિધ ઉદઘાટનો અને જાહેર સભાઓમાં ઉપસ્થિત રહેવાના હોવાથી વહીવટી તંત્ર દોડતું થયું છે. હાલમાં દરરોજ ઉમિયા માતાજી સંસ્થાન ખાતે જિલ્લા કલેક્ટરથી માંડીને ગાંધીનગરના અધિકારીઓ તેમજ મ્યુનિ. કમિશ્નર મહેન્દ્રભાઈ પટેલ સહિતના ઉચ્ચ અધિકારીઓનો કાફલો વિવિધ કમિટિઓ અને કામકાજની સમીક્ષાઓ લેવામાં આવી રહી છે.

ઊંઝા ખાતે કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહ તેમજ ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, બિહારના મુખ્યમંત્રી નિતીશકુમાર તથા છત્તીશગઢના મુખ્યમંત્રી ભુપેશ બધેલ, યુપીના રાજ્યપાલ આનંદીબેન પટેલ, કેન્દ્રિય મંત્રીઓ મનસુખ માંડવીયા, રાજ્ય મંત્રી મંડળના મોટાભાગના મંત્રીઓ તથા ધારાસભ્ય ડો. આશાબેન પટેલ ઉપરાંત ચારેય મઠોના શંકરાચાર્યો પણ ઉપસ્થિત રહેનાર હોવાથી સમગ્ર તંત્ર હરકતમાં આવી ગયું છે.

# પાટણના ભાજપ નેતાએ ગ્રૂપમાં ૧૩ અશ્લીલ વીડિયો મૂકતાં ખળભળાટ

**● પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા કરવામાં આવેલી કરતુત પ્રત્યે ફીટકાર વરસાવાયો**

પાટણ : પાટણ જિલ્લાના ભાજપ-કોંગ્રેસના આગેવાનો, વેપારીઓ, સામાજિક સંસ્થાના આગેવાનો, મહિલાઓ સહિત અગ્રણ્ય નાગરિકોને સાથે રાખી બનાવવામાં આવેલ મીડીયા ગ્રુપમાં મોડી રાત્રે પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા પોતાના મોબાઈલ પરથી ગંદા અને અભદ્ર ૧૩ જેટલા વિડીયો વાયરલ કરી દેતા સમગ્ર પંથકમાં હોબાળો મચી જવા પામ્યો હતો. અભદ્ર વીડિયો વહેલી સવારથી આગેવાનો સહિત જિલ્લાના ભદ્ર નાગરિકોના ધ્યાનમાં આવતા પાલિકાના પૂર્વ પ્રમુખ દ્વારા કરવામાં આવેલ કરતુત પ્રત્યે ફીટકાર વરસવા પામ્યો હતો.

પાટણ જિલ્લાના તમામ અગ્રગણ્ય નાગરિક આગેવાનો, પ્રબુધ્ધ મહિલાઓ અને સામાજીક સંસ્થાઓને સાથે રાખી બનાવવામાં આવેલ મીડીયા ગ્રુપમાં મુખ્ય ઉદેશ પાટણ શહેર સહિત જિલ્લાભરમાં બનતી ઘટનાઓને લોકો સુધી પહોંચાડવાનો હોઈ વધુને વધુ લોકોને આ ગ્રુપમાં સામેલ કરવામાં આવ્યા હતા.

મળતી વિગતો મુજબ છેલ્લા ઘણા સમયથી ચાલતા આ ગ્રુપમાં સમાચારો પ્રસિધ્ધ કરી લોકોને રોજીંદી બનતી ઘટનાથી વાકેફ કરાવવામાં આવતા હતા. જે ગ્રુપમાં પ્રદેશ ભાજપના મહામંત્રી કે.સી. પટેલ, જી.આઈ.ડી.સી. ના ચેરમેન બળવંતસિંહ રાજપૂત, કોંગ્રેસના પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર સહિતના આગેવાનો સામેલ હોઈ એકાએક રાત્રીના ૧૧.૨૮ના સુમારે પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મનોજભાઈ ઝવેરીના મોબાઈલ પરથી ૧૩ જેટલા અભદ્ર વિડીયો ગ્રુપમાં અપલોડ કરાતા અને વહેલી સવારે લોકો દ્વારા આ ગ્રુપ ખોલતા અને અભદ્ર વીડિયો સામે આવતા શહેર સહિત જિલ્લાભરમાં હડકંપ મચી જવા પામ્યો હતો. પાટણ નગરપાલિકાના પૂર્વ પ્રમુખ મનોજ ઝવેરી દ્વારા અશ્વિલ વિડીયો મુકાતાં ફીટકાર વરસી રહ્યો છે.


Insure Rite
Licensed Insurance Broker in Ontario
Serving families in Ontario since 2007



RESP
• Government grants up to 40%
• Lifetime $7200
• Tax deferred accumulation of interest and principle/capital
• Flexibility to study worldwide



Life Insurance
• Coverage from age 0-90
• Term/Permanent/Cash value policies
• Coverages for individuals with pre-existing medical conditions available



Supervisa Insurance
• Full refund if Visa denied
• Partial refund for early departure
• Coverage for pre-existing medical conditions

Affiliated with RBC Insurance, AIA, Desjardins, Canada Life, Transamerica, IA Pacific, Empire Life, Blue Cross, Manulife, Great-West Life, Assumption Life, AIG



Aarti Gandhi
416-357-8501
info@insurerite.ca

Visit www.insurerite.ca for more information



First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન,ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

૬૪૭-૬૫૭-૯૬૩૧
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# નવલખી ગેંગરેપના આરોપીઓને શોધવા પોલીસના વલસાડમાં દરોડા,છ પકડાયા

વડોદરા : નવલખી કમ્પાઉન્ડમાં બનેલી ગેંગરેપની ઘટનાની તપાસ માટે વલખાં મારતી વડોદરા પોલીસની એક ટીમ ગઈકાલે કેટલાક શકમંદોની તપાસ માટે વલસાડ પહોંચી ગઈ હતી.

૧૪ વર્ષની સગીરા સાથે આચરવામાં આવેલા હેવાનિયતભર્યા કૃત્ય બદલ ચારે બાજુથી ફિટકાર વરસી રહ્યો છે ત્યારે વડોદરા પોલીસ પણ શકમંદોને શોધવા માટે સતત દોડી રહી છે. બળાત્કારીઓના ચહેરા સાથે સામ્યતા ધરાવતા થ્રી ડી સ્કેચ તૈયાર કરી પોલીસ શકમંદોને તપાસી રહી છે.ગઈકાલે પોલીસની એક ટીમને બળાત્કારીઓના સ્કેચ જેવા જ કેટલાક યુવકો વલસાડની હોટલમાં હોવાની વિગતો મળતાં પોલીસની એક ટીમ વલસાડ પહોંચી ગઈ હતી અને હોટલ-લોજો ચેક કર્યા હતા. પોલીસે સ્કેચ સાથે સામ્યતા ધરાવતા હોય તેવા છ શકમંદોની પૂછપરછ કરી હતી અને તેના ફોટાનું પીડિતા પાસે વેરિફિકેશન કરાવ્યું હતું. પરંતુ શકમંદોને સમર્થન નહીં મળતાં તેમને છોડી દઈ પોલીસ વલસાડથી પરત ફરી છે.દરમિયાનમાં પોલીસે વધુ ૧૩ ટીમોને સામેલ કરતાં હાલમાં ગેંગરેપની તપાસમાં ૩૫ ટીમો કામ કરી રહી છે.

## કિશોરીના ફિયાન્સનો ઓડિયો વાયરલ

નવલખી કમ્પાઉન્ડની ઝાડીઓમાં ૧૫ વર્ષની કિશોરીને ગઇકાલે રાત્રે ખેંચી જઇ બે જણાંએ રાત્રે દુષ્કૃત્ય આચર્યું હતુ. આ ઘટના દરમિયાન સગીરાના ફિયાન્સનો એક ઓડિયો વાયરલ થયો છે. ઓડિયોમાં કિશોરીનો ફિયાન્સ તેના એક મિત્રને તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચવાનું કહે છે. યુવક સતત એવું રટણ કરી રહ્યો છે કે પોલીસનો ફોન નથી લાગી રહ્યો.

# નરાધમોને ફાંસી પર લટકાવવા માટે સરકાર પ્રતિબદ્ધ : ગૃહમંત્રી

વડોદરા : ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ ગુરુવારે વડોદરા શહેરની દુષ્કર્મ પિડિતાના પરિવારની મુલાકાત લીધી હતી. મંત્રીએ પિડિતાના પરિવારજનોને સંવેદના સાથે સાંત્વના પાઠવતા કહ્યું કે, આ દુઃખની ઘડીમાં તમે એકલતાના અનુભવતા સમગ્ર રાજ્ય સરકાર તમારી પડખે છે. સાથે જ તમારે કોઈ પણ મદદ-સહાય માટે જરૂરિયાત હોય તો સીધો મારો સંપર્ક કરી શકો છો. તેમજ નરાધમ આરોપીઓને વહેલામાં વહેલી તકે ઝડપીને આકરામાં આકરી સજા આપવામાં આવશે. જાડેજાએ કહ્યું હતું કે, પીડિત પરિવારને તમામ મદદ અને સહાય આપવામાં આવશે. આરોપીઓને વહેલીતકે પકડી ફાંસીના માચડે ચઢાવવા સરકાર કટિબદ્ધ છે. પીડિત પરિવારની મદદની સાથે સાથે દુખદ ઘટનાના આરોપીઓને વહેલીતકે શોધી કાઢવામાં આળશે. વડોદરાના નવલખી ગ્રાઉન્ડ ખાતેના તાજેતરના ચકચારભર્યા દુષ્કર્મ કેસમાં એક સપ્તાહ વીતી ગયુ છતાં હજુ નરાધમ આરોપીઓ પોલીસ પકડમાં આવ્યા નથી ત્યારે ગૃહરાજયમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ આજે વડોદરાની મુલાકાત લીધી હતી. જ્યાં તેઓએ સામૂહિક દુષ્કર્મની સગીર પીડિતા અને તેના પરિવારની મુલાકાત લીધી હતી.

# કૌટુંબિક બહેન ઉપર બળાત્કાર ગુજારનાર ભાઈને આજીવન કેદ

- ભોગ બનનારના ભવિષ્યના વિકાસ માટે સરકાર ૫ લાખ રૂપિયા વળતર ચૂકવે : અદાલત

વડોદરા : કૌટુંબિક બહેન પર બળાત્કાર ગુજારી તેને ગર્ભવતી બનાવી દેનાર આરોપી સામેનો કેસ સેશન્સ કોર્ટમાં ચાલી ગયો હતો. આરોપીએ ભાઈ-બહેનના પવિત્ર સંબંધ પરથી વિશ્વાસ હટી જાય તેવું કૃત્ય કર્યું હોવાનું નોંધી અદાલતે આરોપીને આજીવન કેદની સજા ફટકારી છે.

આ અંગેની વિગત એવી છે કે, પાદરા નવીનગરી કોયણા ગામમાં રહેતાં નિમેશ અમરસંગભાઈ પઢિયાર ગત જુલાઈ ૨૦૧૭માં કૌટુંબિક બહેન જેની ઉંમર માત્ર ૧૪ વર્ષની છે. તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું. જેના પરિણામે કિશોરીને ચાર મહિનાનો ગર્ભ રહી ગયો હતો. કૌટુંબિક બહેને પોતાના માતા-પિતાનું છત્ર ગુમાવ્યું હોય નિઃસહાય હાલતમાં હોવાનું જાણવા છતાંય આરોપીએ તેને ધમકાવી દુષ્કર્મ આચર્યું હતું. આ કેસ અત્રેની અદાલતમાં ચાલી જતાં ન્યાયાધીશ એચ.આઈ. ભટ્ટે આરોપીને કસુરવાર ઠેરવીને આ જીવન કેદની સજા કરી છે.ૉ કોર્ટે નોંધ્યું હતું કે વર્તમાન સમયમાં સગીર વયની બાળકીઓ સાથે બળાત્કારના કેસોની સંખ્યા દિનપ્રતિદિન ખૂબ વધતી જતી હોય આવા સંજોગોમાં અદાલત લેશમાત્ર હળવાશભર્યું વલણ અપનાવી શકે નહીં.

# બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે હજી માત્ર ૫૮ ટકા જમીન સંપાદન, ખેડામાં કામ પૂર્ણ

- સૌથી વધારે ખેડા જિલ્લામાં જમીન સંપાદનની કામગીરી : પ્રોજેક્ટ માટે ૩૫૯.૮૭ હેક્ટર જમીન મેળવી શકાઇ

વડોદરા : દેશના સૌપ્રથમ હાઈસ્પીડ ટ્રેન (બુલેટ ટ્રેન) પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનું કામ હાલ ચાલી રહ્યું છે. જો કે જમીન સંપાદનની સમય મર્યાદા કરતા ખૂબ ધીમી ગતિથી કામ થાય છે. રાજ્યમાં આ પ્રોજેક્ટ માટે હજી સુધી માત્ર ૫૮ ટકા જેટલી જમીન સંપાદન થઈ છે. સૌથી વધારે ખેડા જિલ્લામાં સંપાદનની કામગીરી પૂર્ણ કરાઈ છે જ્યારે નવસારી જિલ્લામાં હજી સુધી જમીનનો એક પણ પ્લોટ પ્રાપ્ત થયો નથી. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાનનો આ ડ્રીમ પ્રોજેક્ટ ગણાય છે અને તે માટે જાપાન સાથે સહયોગ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ સાકાર કરવા માટે જમીન સંપાદનની પ્રક્રિયા સૌપ્રથમ હાથ ધરવામાં આવી છે.

છેલ્લા બે વર્ષ ઉપરાંતથી જમીન સંપાદનનું કામ ચાલે છે પરંતુ હજી સુધી તે પૂર્ણ થઈ શક્યું નથી જેના કારણે આ પ્રોજેક્ટ તેના નિર્ધારીત સમય કરતા મોડો શરૂ થવાની ધારણા છે. જમીન સંપાદન માટે કેન્દ્ર સરકારનું રાજ્ય સરકાર પર ખૂબ દબાણ હોવા છતાં આ કાર્ય ઝડપથી પૂર્ણ થઈ શક્યું નથી. ગુજરાતના આઠ જિલ્લામાંથી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન સંપાદન થઈ રહી છે આ જિલ્લામાં અમદાવાદ, ખેડા, આણંદ, વડોદરા, ભરૂચ, સુરત, નવસારી અને વલસાડનો સમાવેશ થાય છે.

જો કે નવસારી જિલ્લામાંથી જમીનનો એક ટુકડો પણ રાજ્ય સરકાર મેળવી શકી નથી. આ જિલ્લામાં ૧૦૬ હેક્ટર જેટલી જમીનમાં કુલ ૮૯૫ પ્લોટનું સંપાદન કરવાનું છે પરંતુ હજી સુધી આ પ્લોટ મેળવવા સરકારને કોઈ સફળતા પ્રાપ્ત થઈ નથી. સૌથી વધારે સુરત જિલ્લામાંથી જમીન સંપાદન થવાની છે જ્યારે સૌથી ઓછી આણંદ જિલ્લામાંથી ખેડૂતો બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે જમીન ગુમાવશે.

# દાહોદ નજીક એક જ કુટુંબના છ લોકોના સંદિગ્ધ હત્યારાનો મોરબીમાં આપઘાત

દાહોદ : જિલ્લાના સંજેલી તાલુકાના તરકડા મહુડી ગામે એક જ પરિવારના છ સભ્યોની ગળું કાપીને સામૂહિક ઘાતકી હત્યા કરવાની ઘટના બાદ ભોગ બનેલાના એક કુટુંબીજને મોરબી નજીક ટ્રેન નીચે પડતું મૂકી આત્મહત્યા કરી લીધી હતી. શંકા સેવાઈ રહી છે કે ટ્રેન હેઠળ પડતું મૂકનાર પલાસ વિક્રમ ચુનીલાલે જ આ હત્યાકાંડને અંજામ આપ્યો હતો. ઝાલોદમાં ઠક્કર બાપાની જન્મ જયંતિની ઉજવણીમાં મુખ્યપ્રધાન વિજય રૂપાણી આવતા તમામ પોલીસ બંદોબસ્તમાં વ્યસ્ત હતી ત્યાં આ હત્યાની જાણ થતાં પોલીસમાં દોડધામ મચી ગઈ હતી. આ હત્યા પાછળ ઘેરુ રહસ્ય સર્જાઈ રહ્યું છે. મૃતકોની લાશ ઉપર અને જમીન ઉપર પડેલુ લોહી જે રીતે જામી ગયું હતું તે જોતાં આ હત્યાકાંડ ૨૦થી ૨૨ કલાક પહેલા સર્જાયો હોવાની આશંકા વ્યક્ત કરાઈ રહી હતી. સંજેલી પોલીસે હત્યા સબંધી ગુનો દાખલ કરીને તલસ્પર્શી તપાસ શરૂ કરી દીધી હતી. જોકે, કોઈ જ કડી હાથ લાગી ન હતી. મોરબીના રફાળેશ્ર્વર ફાટક પરથી શુક્રવારે સવારે વાંકેનેર મોરબી ડેમુ ટ્રેન પસાર થતી હતી ત્યારે એક યુવકે ટ્રેન નીચે ઝંપલાવ્યું હતું. બનાવની જાણ થતાં મોરબી પોલીસ સહિતની ટીમ દોડી ગઈ હતી. પોલીસે તપાસ કરતા મૃતકના ખિસ્સામાંથી પલાસ વિક્રમ ચુનીલાલ રહે, તરકડા મહુડી, તા. સંજેલી, જિ. દાહોદ લખેલી ચિઠ્ઠી મળી આવી હતી તેમજ એસટીની એક ટિકિટ પણ મળી આવી હતી. આત્મહત્યા કરનાર પલાસ વિક્રમ ચુનીલાલે જ આ હત્યાકાંડને અંજામ આપ્યો હોવાની શક્યતા છે.


કોમર્શિઅલ-રેસીડેન્સિયલ જમીન વેચવાની છે

અમદાવાદ નજીક બાવળા નગરમાં ટીપી સ્કીમ ૧માં
બે ફાઈનલ પ્લોટો નવા સર્વે નં. ૨૯૭૬
(૧૩૬૯૮ ચો.વા.) અને નં. ૨૯૯૬ (૯૧૦૩ ચો.વા)
અમદાવાદ-સરખેજ-બાવળા-ધોલેરા ભાવનગર હાઈવે ઉપર.

સંપર્ક કરો મોબાઈલ વોટ્સએપ ટેક્સ્ટ દ્વારા

મુકુંદભાઈ પટેલ USA
(8-10 am) 1.215.584.5890
Email : mukund.patel100@yahoo.com

અમદાવાદમાં જાન્યુઆરી-ફેબ્રુઆરીમાં રૂબરૂ મળો.



Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week

All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs,
Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control

Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon,
Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets

Free Estimates & Written Guarantee

First Time Customer gets
10% Off
on your first home service
*Mention this offer while booking

Special Service For Bedbug Control

www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)

Call: Ramesh Kanani 416-837-1820

# રાજકોટમાં આચાર્ય રાકેશપ્રસાદ વિરૂદ્ધ મહિલાઓના સુત્રોચ્ચાર, પોલીસ દોડી

રાજકોટઃ મંગળવારે રાજકોટમાં ભુપેન્દ્ર રોડ સ્વામિનારાયણ મંદિરના કાર્યક્રમમાં રાકેશપ્રસાદ આવતા અન્નકુટની આરતી વખતે અચાનક ધસી આવેલી સત્સંગી મહિલાઓએ સુત્રોચ્ચાર કરતા પોલીસને બોલાવવી પડી હતી.


મંદિરમાં ૬૭મા પાટોત્સવ નિમિતે તા.૨ થી ૪ ડીસેમ્બર સુધી ત્રિદિનાત્મક શ્રીમદ વચનામૃત કથાનું આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં બુધવારે કાર્યક્રમના છેલ્લા દિવસે સંપ્રદાયના વડા રાકેશપ્રસાદ આવ્યા હતા તેઓ બપોરે અન્નકુટની આરતીની તૈયારી કરી રહ્યા હતા ત્યારે જુના આચાર્ય અજેન્દ્રપ્રસાદજીના જુથના મહિલા સત્સંગીઓ મોટી સંખ્યામાં મંદિરમાં ધસી આવ્યા હતા. અને રાકેશપ્રસાદ કંઈ સમજે એ પહેલા આ મહિલાઓએ

**અજેન્દ્રપ્રસાદનો જયજયકાર અને વર્તમાન આચાર્યના હાય.. હાયના સુત્રો**

રાકેશપ્રસાદ હાય હાય અને અજેન્દ્રપ્રસાદનો જય જય કાર એવા સુત્રોચ્ચાર કરતા ખુદ રાકેશપ્રસાદ અને અન્ય સત્સંગીઓ ફફડી ઉઠયા હતા તેમજ સ્તબ્ધ બની ગયા હતા. આ મામલો વધારે વણસી જવાની શકયતા દેખાઈ હતી અને મહિલાઆની પાછળ અન્ય કોઈ તોફાની લોકો હોવાની શકયતા દેખાતા અન્ય કોઈ આવીને વાત વધારી દે અને હુમલો કરે એવો ભય લાગતા તુરતજ ઈમરજન્સીમાં પોલીસને બોલાવી લીધી હતી. પરંતુ મહિલાઓએ જરા પણ મચક આપી ન હતી. અને સુત્રોચ્ચાર ચાલુ જ રાખ્યા હતા. આથી ફરીથી તુરતજ મહિલા પોલીસની ટુકડીને બોલાવવામાં આવી હતી. આ મહિલા પોલીસે આવીને બહેનોને શાંત પાડી હતી. બાદમાં સુત્રોચ્ચાર કરત સત્સંગી મહિલાઓ ત્યાંથી નીકળી ગઈ હતી.

# મંત્રી વાસણ આહીર વધુ એક વાર 'સેક્સની ટેપ'ના વિવાદમાં સપડાયા

ભૂજ : રાજ્ય સરકારના સામાજીક અને પછાત વર્ગોના કલ્યાણ વિભાગના રાજ્યકક્ષાના મંત્રી વાસણ આહીરની અગાઉ વાયરલ થયેલી પ્રેમાલાપની ઓડિયો ક્લિપ હજુ તેમનો પીછો છોડતી નથી તેવામાં રવિવારે 'અપડેટ વિથ વાસણભાઈ' નામક વ્હોટ્સએપ ગ્રુપનું કોઈ ગ્રુપ મેમ્બરે નામ બદલીને 'સેક્સની ટેપ' નામ રાખી દેતાં ફરી એક વખત ચર્ચામાં આવ્યા છે. વ્હોટ્સએપ ગ્રુપ બનાવવાથી જ જે ભાંગરો વટાયો તેનું ડેમેજ કંટ્રોલ થાય ત્યાં સુધી તો સમગ્ર મામલાના સ્ક્રિનશોટ ફરતાં થઈ ગયા હતા. રાજ્યકક્ષાના મંત્રીની દિવસભરના અપડેટનાં સમાચારો લોકોને મળી રહે તે માટે એક વ્હોટ્સએપ ગ્રુપ બનાવવામાં આવ્યું હતું. જે ગ્રુપનું



નામ તેના એક સભ્યએ સેક્સની ટેપ કરી નાખતાં મંત્રીને ભારે ક્ષોભજનક સ્થિતિમાં મુકાવું પડયું હતું. ગ્રુપનુ આવું નામ થતાં જ ઘણા સભ્યો લેફ્ટ થઈ ગયા હતા. રવિવારની ઘટનામાં માત્ર કચ્છના જ નહીં પરંતુ ગાંધીનગર સુધીના રાજકીય વર્તુળોમાં પુનઃ વાસણ આહીરની પ્રેમાલાપ કરતી ઓડિયો ક્લિપ ચર્ચામાં રહી હતી.

# "પ્રભુભકિત કરવી છે કહી આધેડે સૂડી વડે અડધું લિંગ કાપી નાખ્યું"

પોરબંદરઃ રાજકોટના શાપરમાં રહેતા એક પ્રૌઢે આજે રાણાવાવ નજીક આવેલ જાંબુવતી ગુફા વિસ્તારમાં જઈને પોતાનું અડધું લિંગ કાપી નાખતા સારવાર માટે પોરબંદર સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. હવેનું જીવન પ્રભુભકિતમાં ગાળવાની ઈચ્છા હોવાથી આ પગલું ભર્યું હોવાનું તેઓએ જણાવ્યું છે.

**સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો..**

મૂળ કુતિયાણાના બાવળાવદર ગામના વતની અને ઘણા સમયથી રાજકોટના શાપર માં આવેલ આદર્શ સોસાયટીમાં રહેતા અને નિવૃત જીવન ગાળતા અરજનભાઈ રાજશીભાઈ વરુ (ઉવ ૫૫) આજે રાણાવાવ નજીક જાંબુવતીની ગુફાએ આવ્યા હતા. જ્યાં દર્શન કર્યા બાદ તેઓએ નજીકના વિસ્તારમાં જઈ સૂડી વડે પોતાનું અડધું લિંગ કાપી નાખ્યું હતું અને લોહીલોહાણ હાલતમાં ત્યાં ફસડાઈ ગયા હતા જે દ્રશ્ય જોઈને કેટલાક લોકો એ ૧૦૮ને જાણ કરતા તેઓને સારવાર માટે પોરબંદર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યા છે જ્યાં સમયસર સારવાર મળી જતા તેઓની સ્થિતિ સામાન્ય છે. તેઓએ મીડિયાને એવું જણાવ્યું હતું કે કોઈના દબાણ વગર સ્વેચ્છા એ જ તેઓએ આ પગલું ભર્યું છે.

# કંડલામાં ધિંગાણું: બે યુવાનોની હત્યા

**બાઈક અથડાવા મુદ્દે મામલો ઉગ્ર બન્યો : બે દિવસ પૂર્વે બોલાચાલી થઈ હતી**

ભુજ : કંડલા નજીકના મીઠા પોર્ટમાં બાઈક અથડાવાના મુદ્દે મુસ્લિમ સમાજના બે યુવકોના જૂથ વચ્ચે ખેલાયેલાં હિંસક ધિંગાણામાં બે યુવકોને મોતને ઘાટ ઉતારી દેવાતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. શનિવારે ખેલાયેલા ધિંગાણામાં બંને જૂથના છથી સાત લોકોને હળવી-ગંભીર ઈજાઓ થઈ છે. ઘાયલોને આદિપુરની જૈન સેવા સમિતિ અને રામબાગ હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડાયાં હતા. ડબલ મર્ડરની ઘટના બહાર આવતાં જ પૂર્વ કચ્છનાં પોલીસ વડા પરીક્ષિતા રાઠોડ અને અન્ય વરિષ્ઠ પોલીસ અધિકારીઓ સ્થળ પર પહોંચી ગયાં



હતાં. સ્થળ પર આસપાસના પોલીસ મથકની કુમક બોલાવી લોખંડી બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

પ્રાથમિક માહિતી મુજબ શનિવારના બપોરે મીઠા પોર્ટમાં બાઈક અથડાવા મુદ્દે યુવાનો સામસામે આવી ગયા હતા. ત્યારબાદ તેમણે ફોન કરી સાગરીતોને બોલાવી લેતાં હિંસક ધિંગાણું ખેલાયું હતું. જેમાં મામદ મુદરાણી (ઉ.વ.૨૮) અને દાઉદ ઈસ્માઈલ નામના બે યુવકોને છરાથી રહેંસી નખાયા હતા. મારામારીમાં ઘવાયેલાં એક પક્ષના ચાર લોકોમાં મામદ આમદ મથડા, ગની હારૂન મમણ, મામદ યાકુબ મુદરાણી અને અનવર યાકુબને આદિપુર જૈન સેવા સમિતિની હોસ્પિટલમાં ખસેડાયાં હોવાનું કંડલા મરીન પોલીસે જણાવ્યું છે. હાલ સ્થળ પર લોખંડી બંદોબસ્ત ગોઠવવા સાથે પોલીસે ઘાયલોના નિવેદનના આધારે ફરિયાદ નોંધવા તજવીજ શરૂ કરી હતી. એકસાથે બબ્બે યુવકોની સરેઆમ હત્યાથી સમગ્ર કચ્છમાં ખળભળાટ મચી ગયો છે.

# ચોટીલામાં મંગેતરને વિડીયો કોલ કરીને યુવતીએ ફાંસો ખાતા યુવકે પણ ઝેર પીધું

- લગ્ન નક્કી નહીં થતા અને બંને વચ્ચે ચડભડ થતાં અંતિમ પગલું ભર્યુ

રાજકોટઃ ચોટીલાના પીયાવા ગામે રહેતા સુરેશ ચોથાભાઈ જમોડ ઉ.વ.૨૨ તથા થાનમાં રહેતી યુવતી ભાનુ સાખરીયાએ આત્મહત્યા કરી લીધાની ઘટના પોલીસ દફતરે નોંધાઈ હતી. બંનેની સગાઈ બે વર્પ પૂર્વે થઈ હતી. ભાનુ અને સુરેશે વિડીયો કોલ કર્યા બાદ લાઈવ સ્યુસાઈડ કરતા ચકચાર જાગી છે. ભાવિ ભરથાર સુરેશને કોલ કરીને ભાનુએ ફાંસો ખાઈ લીધો હતો. બાદમાં સુરેશે ઝેર પી લેતા રાજકોટ સારવારમાં ખસેડાતા સુરેશનું પણ મોત નિપજ્યું હતું. બંને પરિવારમાં શોક છવાયો છે.પોલીસના વર્તુળોમાંથી મળતી વિગતો મુજબ સુરેશ ચાર બહેન, બે ભાઈમાં નાનો હતો.

સુરેશની બે વર્ષ પહેલા ભાનુ સાથે સગાઈ થઈ હતી. બંનેના લગ્નની કોઈ તારીખ નક્કી થતી ન હતી. સુરેશના પરિવારના કથન મુજબ યુવતીના પરિવાર તરફથી લગ્નની તારીખ નક્કી થતી ન હતી. થોડો વખત તો યુવતી પીયાવા ગામે રહેવા આવી ગઈ હતી. સમજાવીને પરત મોકલી દેવાઈ હતી. બે દિવસ પહેલા યુવતીએ ઘરે ફાંસો ખાઈ લીધો હતો. યુવક સુરેશે વાડીએ ખડ બાળવા માટેની દવા પી લેતા પ્રથમ બોટાદ ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં લવાયો હતો જ્યા આજે તેનું મોત નિપજ્યું હતું

## ભાવનગરમાં ૮૦ કરોડના ખર્ચે સાયન્સ મ્યુઝિયમ આકાર લેશે

ભાવનગરઃ નારી રોડ ખાતે અંદાજે રૂપિયા ૮૦ કરોડના ખર્ચે તેમ જ ૨૦ એકર જમીન પર આશરે ૧.૧૩ લાખ સ્કવેર ફૂટમાં નિર્માણ પામી રહેલા રિજીયોનલ સાયન્સ મ્યુઝિયમના નિર્માણની કામગીરી આગળ ધપી રહી છે. પાંચ રિજીયોનલ સાયન્સ મ્યુઝિયમ સાથે ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય બનશે. મ્યુઝિયમની વિજ્ઞાનની થીમ પર આધારિત પાંચ ગેલેરીઓનું નિર્માણ થવાનું છે. મ્યુઝિયમના અન્ય આકર્ષણો જેવા કે આકાશ દર્શન, એક્વેરિયમ, ગાર્ડન, ઓડિટોરિયમ, રિજીયોનલ સાયન્સ મ્યુઝિયમની ડિઝાઈન, કાફેટેરિયા, સહિતની સુવિધાઓ રહેશે.

## ભાનુશાળી હત્યા કેસઃ વધુ એકઆરોપીનીશરણાગતિ

ભુજ : ભાનુશાળી ચકચારી હત્યા કેસમાં બારમો આરોપી નિખિલ થોરાટ સીટની ઓફિસે આવી આત્મસમર્પણ કરતાં તેની વિધિવત ધરપકડ કરવામાં આવી હતી. આ કેસમાં પોલીસે અબડાસાના પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલ, કચ્છ ભાજપનું મોટું માથું ગણાતો જયંતી ઠક્કર ઉર્ફે જેન્તી ડુમરા, મનીષા ગોસ્વામી, સુરજિત ભાઉ સહિત અગાઉ ૧૧ આરોપીની ધરપકડ કરી ચૂકી હતી. જ્યારે આત્મસમર્પણ કરનાર નિખિલ થોરાટની વિધિવત ધરપકડ કરી પૂછપરછ શરૂ કરવામાં આવી હતી. વ્યવસાયે તે ડ્રાઈવર છે અને આ કેસનો સહ આરોપી છે જેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની તજવીજ હાથ ધરાઈ હતી. ભાનુશાળી હત્યા કેસમાં છેલ્લા આરોપીની ધરપકડ થઈ ચૂકી છે ત્યારે પોલીસને તેની પૂછપરછમાં પુરાવાઓ એકત્ર કરવા મહત્ત્વની દિશા મળી રહેશે. ગત ઉજી જાન્યુઆરીએ તે મનીષા, સુરજિત ભાઉ અને જયંતી સાથે ભુજ આવ્યો હતો.



# કચ્છ ટ્રેનમાં આંગડિયાના રૂપિયા દોઢ કરોડ લૂંટનારી ટોળકી ભાગબટાઈ વેળા પકડાઇ

**• ડુંગરી ફાટક પાસે લૂંટ બાદ ચેઈનપુલીંગ કરી ભાગ્યા હતા**

સુરત- કચ્છ એક્સપ્રેસમાં વલસાડથી સુરત આવી રહેલા અમરત કાંતિલાલ આંગડીયા પેઢીના કર્મચારી ઉપર બે અઠવાડીયા અગાઉ ચાલુ ટ્રેને હુમલો કરી રૂ.૧.૫૦ કરોડથી વધુની મત્તાની લૂંટ કરી વલસાડ ડુંગરી ફાટક પાસે ચેઈન પુલીંગ કરી ફરાર થઈ ગયેલી લૂંટારુ ટોળકીને સુરત ક્રાઈમ બ્રાન્ચે ડિંડોલી કરાડવા નજીકથી ઝડપી લીધી છે. રોકડા રૂા.૧૫ લાખ સહિત કુલ રૂા.૮૬.૮૫ લાખનો મુદ્દામાલ અને પિસ્તોલ, રિવોલ્વર, તમંચા, કારતૂસ પણ કબજે કરાયા છે.

ક્રાઈમ બ્રાન્ચના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી વિગતો મુજબ હેડ કોન્સ્ટેબલ શૈલેષ રાધેબિહારીને મળેલી બાતમીના આધારે સુરતના ડિંડોલી કરાડવા નજીક અવાવરુ જગ્યાએ ભેગા થયેલા બેકાર એવા મુખ્ય સૂત્રધાર રાજીવ ઉર્ફે રાજુ બિહારી શર્મા સહિત ૭ શખ્સોને એક પિસ્તોલ, બે રિવોલ્વર, બે તમંચા, ૧૪ કારતુસ, ૧૨ મોબાઈલ ફોન, બે કાર સાથે ઝડપી લીધા હતા. ક્રાઈમ બ્રાન્ચે તેમની પાસેથી રૂ.૪૦ લાખની મત્તાના સોનાના ૧૦ બિસ્કિટ, પોણો કિલોગ્રામ સોનાના દાગીના, ૪ કિલો ચાંદી, હીરાના પડીકા અને રોકડા રૂ.૧૫.૩૬ લાખ મળી કુલ રૂ.૮૬,૮૫,૩૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. પુછપરછમાં નીરજકુમાર સિવાયના તમામે ગત ૨૦ નવેમ્બરના રોજ કચ્છ એક્સપ્રેસમાં વલસાડથી સુરત આવી રહેલા અમરત કાંતિલાલ આંગડીયા પેઢીના કર્મચારી પ્રવિણસિંહ રાજપૂત ઉપર ચાલુ ટ્રેને હુમલો કરી રૂ૧.૫૦ કરોડથી વધુની મત્તાની લૂંટ કરી વલસાડ ડુંગરી ફાટક પાસે ચેઈન પુલીંગ કરી ફરાર થઈ ગયા હોવાની કબૂલાત કરી હતી. તેમની પાસેથી જે મુદ્દામાલ મળ્યો તે આંગડીયા પેઢીના કર્મચારીને લૂંટયો હતો તેનો જ હોવાનું કબુલ્યું હતું. લૂંટમાં આ ટોળકીમાં અન્ય બે પણ સામેલ હોવાનું જાણવા મળ્યું છે. તમામ લૂંટારું રીઢા ગુનેગાર છે અને સુરત સહિત દક્ષિણ ગુજરાતમાં સંખ્યાબંધ ગુનાઓમાં ઝડપાઈ ચુક્યા છે.

# સુરતમાં રજવાડી થીમ સાથે ૧૮ દિક્ષાર્થીઓનો વરઘોડો નીકળ્યો

સુરત : શાંતિવર્ધક જૈનસંઘના આંગણે અધ્યાત્મ નગરી સુરત ખાતે આયોજિત પદ પ્રદાન, ૧૮ દીક્ષા અને માળારોપણના ત્રિવેણી પ્રભુ પંથોત્સવના ચતુર્થ દિને દિક્ષાર્થીઓનો વર્ષીદાનનો રજવાડી વરઘોડો નીકળ્યો હતો. આ સાથે સમસ્ત સુરતના સંઘનું સ્વામી વાત્સલ્ય થયું હતું.

સોમસુંદર સુરીશ્વરજી મ., જિનચંદ્રસૂરીશ્વરજી મહારાજા, શ્રેયાંસપ્રભ સુરીશ્વરજી દીક્ષાધર્મનાયક જૈનાચાર્ય યોગતિલકસૂરિશ્વરજી મહારાજા, ધર્મદર્શનસુરીશ્વરજી અને પુણ્યસુંદરસુરીશ્વરજી મહારાજાની નિશ્રામાં રવિવારની સવારે ૮.૩૦ વાગ્યે ૧૮ દિક્ષાર્થોઓના વર્ષીદાનના વરઘોડાએ એસેમસી પાર્ટી પ્લોટ ઉમરા પોલીસ સ્ટેશન પાસેથી પ્રસ્થાન કર્યું હતું. ગજરાજ, ઘોડા, ઊંટગાડી, ૩૦ જેટલું શણગારેલા ટેબ્લો હતા જેમાં ૨૦ આરધકોના અને ૧૦ ટેબ્લોમાં દિક્ષાર્થીઓ બિરાજમાન હતા. દિક્ષાર્થીઓ જે ટેબ્લોમાં હતા તે વિશેષ રીતે આકર્ષણનું કેન્દ્ર હતા. કારણ કે એ ૧૦ ટેબ્લોને રજવાડી થીમ સાથે શણગારવામાં આવ્યા હતાં . ભારતના ૧૦ અલગ અલગ રાજ્યોના પ્રસિદ્ધ રાજમહેલ અને કિલ્લાની થીમ તેમાં પ્રદર્શિત કરાઈ હતી. એમ રજવાડી ઠાઠ સાથે દિક્ષાર્થીઓની શોભાયાત્રા સુરતના રાજમાર્ગ પરથી પસાર થઈ ત્યારે સૌ કોઈની નજર યાત્રા પરથી હટતી ન હતી. ઉમરાથી ઈન્ડોર સ્ટેડિયમ, લાલ બંગલા દેરાસર, અને પ્લાઝો એપાર્ટમેન્ટ સામે સંપન્ન થઈ હતું.

# દમણ અને દિવ તથા દાદરા અને નગરહવેલીને એક કરવાનો ઠરાવ પસાર કરાયો

દીવ-દમણ : દમણ અને દિવ તથા દાદરા અને નગરહવેલીને ભેળવીને બેમાંથી એક કેન્દ્રશાસિત પ્રદેશ કરવાનો ઠરાવ સંસદે મંગળવારે પસાર કર્યો હતો. દાદરા અને નગરહવેલી તથા દમણ અને દિવ (મર્જર ઑફ યુનિયન ટેરિટરીઝ) ખરડો, ૨૦૧૯ મંગળવારે મૌખિક મતદાન દ્વારા રાજ્યસભામાં પસાર કરાયો હતો. લોકસભામાં આ ખરડો ૨૭મી નવેમ્બરે પસાર કરાયો હતો. નવા કેન્દ્રશાસિત પ્રદેશનું નામ દાદરા અને નગરહવેલી તથા દમણ અને દિવ રહેશે. આ મામલે રાજ્યકક્ષાના ગૃહ પ્રધાન જી. કિશેન રેડ્ડીએ જણાવ્યું હતું કે આ મર્જરથી પ્રશાસકીય ક્ષમતામાં વધારો થશે, બંને કેન્દ્રશાસિત પ્રદેશના વિકાસકાર્ય ઝડપથી થશે અને પ્રશાસકીય ખર્ચ ઘટશે.

# સુરતમાં ટ્રેકમાં પગ ફસાતા જનેતા ઝઝૂમી, પણ લોહી તરસ્યો રેલવે ટ્રેક યમદૂત બન્યો

**• સહારા દરવાજા અને કમેલા દરવાજા વચ્ચે કોયલી ખાડી ગરનાળા પર માતા અને પુત્રીનાં કરુણ મોત**

સુરત : સોમવારે સવારે ૮.૩૦ કલાકે સહારા દરવાજા અને કમેલા દરવાજા વચ્ચે કાયલી ખાડીના ગરનાળા પર વલસાડ-દાહોદ ઈન્ટરસિટી ટ્રેન અડફેટે બે જણા કપાયા હોવાની માહિતી ટ્રેનના ડ્રાઈવરે સ્ટેશન માસ્ટરને આપી હતી. બનાવની જાણ થતાં સ્ટેશન ડાયરેક્ટર, રેલવે આરપીએફ પીઆઈ સહિતનાઓ ઘટનાસ્થળે ધસી ગયા હતા. જ્યાં તપાસમાં વલસાડ ઈન્ટરસિટી અડફેટે રેખા કાલિયા ડામોર (ઉ.વ.૩૦) અને પુત્રી રિતિકા કાલિયા ડામોર (ઉં.વ.૭)નું કરુણ મોત થયાનું જણાયું હતું. રેલવે સૂત્રોના જણાવ્યા અનુસાર ડામોર પરિવાર અને તેઓની સાથે ૨૦થી ૨૫ લોકો ટ્રેક મેન્ટેનન્સનું કામ કરી રહ્યા હતાં. કામ કરતી વેળા રેખાબેન સાથે કામ કરી રહેલા અન્ય મજૂરો આગળ નીકળી ગયા હતા. જેને પગલે રેખાબેન પુત્રી સાથે સહારા દરવાજા-કમેલા દરવાજા પાસે કોયલી ખાડીનું ગરનાળનું ઓળંગી આગળ જઈ રહ્યા હતા. ત્યારે સાત વર્ષીય પુત્રી રિતિકાનો પગ ગરનાળા પર બે ટ્રેક વચ્ચે ફસાઈ ગયો હતો. પુત્રીનો પગ કાઢવા કોશિશ કરી રહ્યા હતા તે સમયે મુંબઈ તરફથી ધસમસતી આવી રહેલી વલસાડ ઈન્ટરસિટી ટ્રેન બંને પરથી પસાર થઈ ગઈ હતી. ગંભીર ઈજાને કારણે બંનેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

# સુરતમાં પ્રેમ કેસમાં સમાધાન કરાવવા ગયેલા યુવકની હત્યા

સુરત : શહેરના ચોક બજારનાં ડભોલી વિસ્તારમાં સરદાર પટેલ સોસાયટીમાં રહેતા રાકેશ સોનારઘરે (ઉ.વ.આ.૩૦) નામનો યુવક પ્રેમ પ્રકરણમાં સમાધાન કરવા ગયો હતો. દરમિયાન સંદીપ પીપળિયા અને પાર્થ ઉર્ફે પરિમલે રાકેશને છાતીનાં ભાગે ચપ્પુનાં ઘા ઝીંકીને રહેંસી નાખ્યો હતો. જોકે, ઈજાગ્રસ્તને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જ્યાં ટૂંકી સારવાર બાદ મોત તેનું થયું હતું. બનાવ અંગે પોલીસે એક આરોપીને ઝડપી પાડ્યો હતો જ્યારે અન્યની શોધખોળ હાથ ધરી હતી.





## ગુજરાતમાં બિન સચિવાલય કલાર્કની પરીક્ષામાં ગેરરીતિ બાદ હજારો ઉમેદવારોનો આક્રોશ

# પરીક્ષામાં ગેરરીતિ મુદ્દે ગાંધીનગરમાં હલ્લાબોલ

### •ગેરરીતિ મામલે ૧૮૨ પુરાવા રજૂ કરાયા છતાં સરકારે પરીક્ષા રદ ન કરતાં વિવાદ વકર્યો

ગાંધીનગર- ગુજરાતમાં તાજેતરમાં જ ગૌણ સેવા પસંદગી મંડળે લીધેલી બિન સચિવાલય કારકુનની પરીક્ષાના પેપરના સેન્ટરો ઉપર વ્યાપક પ્રમાણમાં ગેરરીતિ થઈ હોવાના પુરાવા વિદ્યાર્થીઓએ સરકારને રજુ કર્યા છતાં સરકારે કોઈ પગલાં નહીં ભરતા બુધવારે હજારો ઉમેદવારો ગાંધીનગરમાં ઉમટી પડયા હતા. જેના પગલે પોલીસ પણ દોડતી થઈ હતી અને ગૌણ સેવા પસંદગી મંડળ સહિત સરકારી કચેરીઓ આસપાસ સઘન સલામતી બંદોબસ્ત ગોઠવી દીધો હતો.૮૦૦થી વધુ યુવાનોને ડીટેઈન કરી અલગ અલગ સ્થળે મોકલી દેવાયા હતા. તો જ્યાં સુધી પરીક્ષા રદ નહીં કરાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખીશું તેવું એલાન પણ કર્યુ હતું. ગત તા.૧૭ નવેમ્બરે લેવામાં આવેલી આ બિન સચિવાલય કારકુનની પરીક્ષામાં રાજ્યના ઘણા સેન્ટરો ઉપર ગેરરીતિ થઈ હોવાનું સીસીટીવીમાં જ કેદ થયું હતું. જ્યા સુધી પરીક્ષા રદ નહીં થાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાનું વિદ્યાર્થીઓ એલાન કર્યું હતું. ઉમેદવારોએ સુત્રોચ્ચાર કર્યા હતા કે પરીક્ષા રદ નહીં.. તો સરકાર રદ..., બસ હવે તો હદ કરો અને પસંદગી બોર્ડના ચેરમેન અસિત વોરાના રાજીનામાંની પણ માંગણી કરી હતી.



### ૪ સભ્યોની સરકારી સીટની રચના : ૧૦ દિવસમાં રિપોર્ટ સોંપશે

ગાંધીનગર: ગુજરાત ગૌણ સેવા પસંદગી સેવા મંડળ દ્વારા લેવાયેલી બિનસચિવાલય ક્લાર્કની પરીક્ષાનું પેપર ફૂટી ગયું હોવાના પરીક્ષાર્થીઓના આક્ષેપોની તપાસ માટે રાજ્ય સરકારે ચાર સભ્યોની સીટની રચના કરી છે. આ સીટમાં કમલ દાયાણી (પ્રિન્સિપલ સેક્રેટરી) ચેરમેન રહેશે. જ્યારે મનોજ શશીધરન (એડિશનલ ડીજીપી– સીઆઈડી) અને મયંકસિંહ ચાવડા (ગાંધીનગર રેન્જ–આઈજી) સભ્ય રહેશે. જીએડીના અધિક સચિવ જ્વલંત ત્રિવેદીની આ સીટમાં સભ્ય સચિવ તરીકે નિમણૂક કરાઈ છે. આ સીટ પેપર લીક થવા અંગે સંપૂર્ણ તપાસ કરશે અને ભલામણો સાથેનો પોતાનો રિપોર્ટ ૧૦ દિવસમાં રાજ્ય સરકારને સુપરત કરશે ગૃહરાજ્ય પ્રધાન જાડેજાએ જણાવ્યું હતું કે, તપાસમાં પરીક્ષાર્થીઓની તમામ રજૂઆતોને ધ્યાને લેવામાં આવશે. આ બાબતને ધ્યાનમાં રાખીને ચર્ચા કરવા માટે આજે શુક્રવારે સવારે ૧૦ વાગ્યે ગાંધીનગર ખાતે સીટના તમામ સભ્યોની પરીક્ષાર્થીઓના ચાર પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાશે.

### ગાંધીનગરમાં હાર્દિક પટેલનો હૂરિયો બોલાવાયો

ગાંધીનગર: ગાંધીનગરમાં આંદોલન કરી રહેલા યુવાનોને મળવા ગયેલા કૉંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલનો કેટલાક યુવાનોએ હાર્દિક પટેલ ગો બેકના સૂત્રોચ્ચાર સાથે હુરિયો બોલાવ્યો હતો. કૉંગ્રેસના યુવા નેતા હાર્દિક પટેલ ગુરુવારની સવારે ગાંધીનગર પરીક્ષાર્થીઓના આંદોલનને ટેકો આપવા પહોંચી ગયા હતા, પરંતુ પોતાનો હુરિયો બોલાવાતા ઘડીભર અત્યંત શરમજનક સ્થિતિમાં મુકાઈ ગયા હતા. ત્યારબાદ તેણ મામલો થાળે પાડવા જણાવ્યું હતું કે, હું કોઈ રાજકીય પાર્ટી તરફથી નહીં, પરંતુ અંગત રીતે મળવા આવ્યો છું, વિદ્યાર્થીઓની તાકાત જ સર્વોપરી છે.

### સીટની લોલીપોપ અમને સ્વીકાર્ય જ નથી : યુવાનોનું આંદોલન

ગાંધીનગર: ગાંધીનગરમાં ધરણાં પર બેઠેલા મોટાભાગના યુવાનોએ આંદોલન ચાલુ રાખવાની જાહેરાત કરી હતી. આંદોલનનું નેતૃત્વ લેનારા યુવરાજસિંહના નિર્ણય સામે પણ આંદોલન ચલાવી રહેલા યુવાનોએ સવાલો ઉઠાવ્યા હતા તેમજ જણાવ્યું હતું કે, આજ સુધી અનેક સીટની રચના થઇ છે જેમાંથી કોઇનું સાનૂકૂળ પરિણામ આવ્યું જ નથી ત્યારે આવી સીટની લોલીપોપ અમને સ્વીકાર્ય નથી. યુવરાજસિંહે સરકાર સાથે સમાધાન કરતા પહેલા સીટ અંગે આંદોલનના સ્થળ પર જઇને યુવાનોને વિશ્વાસમાં લીધા જ નથી. જ્યાં સુધી આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય નહી થાય ત્યાં સુધી અમે ગાંધીનગર છોડવાના નથી.

### ખોટા લોકોને નોકરી નહીં મળે, સંપૂર્ણ તપાસ થશેઃ રૂપાણી

અમદાવાદ: બિનસચિવાલય કારકૂનની પરીક્ષામાં ગેરરીતિ થઇ હોવાના આક્ષેપ સાથે પરીક્ષાને રદ કરવા અને જવાબદારો સામે કડક પગલાં ભરવાની માગણી સાથે પરીક્ષાર્થીઓ ગાંધીનગરમાં બુધવારથી ધામા નાખ્યા છે ત્યારે મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, ખોટા લોકોને નોકરી નહી મળે અને આખી ઘટનાની પૂરી તપાસ કરવામાં આવશે.

### અસિત વોરાના ઘરની બહાર એનએસયુઆઈ કાર્યકરોના દેખાવ

બિન સચિવાલયની પરીક્ષામાં ગેરરીતિને લઇને ગાંધીનગર ખાતે એક તરફ જ્યાં ઉમેદવારો દ્વારા આંદોલન કરવામાં આવી રહ્યું છે, ત્યારે બીજી તરફ એનએસયુઆઇના કાર્યકરો દ્વારા સવારે ગૌણ સેવા પસંદગી મંડળના અધ્યક્ષ અસિત વોરાના મણિનગર સ્થિત ઘરની બહાર હોબાળો મચાવવામાં આવ્યો હતો અને ઉગ્ર દેખાવો કરવામાં આવ્યા હતા.

---

## અંબાજીમાં ૬ કરોડનું નુકસાન સરભર કરવા પ્રસાદના ભાવમાં વધારો કરાશે

અંબાજીઃ ગુજરાતના યાત્રાધામ અંબાજીમાં ટ્રસ્ટ દ્વારા ભક્તોને સસ્તા દરે પુરા પાડવામાં આવતા માતાજીના પ્રસાદના પેકેટમાં છેલ્લા કેટલાક વર્ષોથી નુકસાન થતું હોવાથી આખરે આવાં પ્રસાદીના પેકેટના ભાવમાં વધારો કરીને અંદાજિત રૂ. છ કરોડની ખોટ સરભર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. મા અંબાના ધામ અંબાજીમાં દર્શન કર્યા બાદ યાદગીરી રૂપે ૮૦ ગ્રામ પ્રસાદનું જે પેકેટ ૧૦ રૂપિયામાં ભક્તો ખરીદતા હતા, તેના ૧૫ રૂપિયા કરી દેવાયા છે. પ્રસાદના ભાવમાં ૧લી ડિસેમ્બર રવિવારથી ૫૦ ટકા ભાવ વધારવામાં આવતાં મંદિર ટ્રસ્ટને વર્ષે રૂ.૬ કરોડનો ફાયદો થશે. પાછલા કેટલાય વર્ષોથી મંદિરને પ્રસાદમાં કરોડોનું નુકસાન થતું હતું. પ્રસાદના બોક્સમાં થતા નુકસાનને બદલે હવે નહીં નફો નહીં નુકસાનના ધોરણે કરવાનો નિર્ણય લેવાતાં ભાવ વધારવામાં આવ્યા હોવાનું આરાસુરી દેવસ્થાન ટ્રસ્ટના સૂત્રોએ જણાવ્યું છે. માતાજીના પ્રસાદના વેચાણ અને નુકસાન અંગેના આંકડા જોઈએ તો , વર્ષ ૨૦૧૬-૧૭માં મંદિરને પ્રસાદમાં રૂ.૪ કરોડ, વર્ષ ૨૦૧૭-૧૮માં ૪.૪૨ કરોડ, વર્ષ ૨૦૧૮-૧૯માં ૪.૪૩ કરોડ નુકસાન થયું હતું. આ વર્ષે જો ભાવ ન વધારાય તો રૂ.૬ કરોડના નુકસાનનો અંદાજ હતો. મોહનથાળ બનાવનાર એજન્સીને જીએસટી સાથે ૧૫ રૂપિયા ૭ પૈસાનો ભાવ મંજૂર કરાયો છે. જેમાં એજન્સી ૭ પૈસાનું નુકસાન સહન કરશે. આપણે એજન્સીને ૧૫ રૂપિયા જ ચૂકવવાના છીએ.

## ગુજરાતમાં દુષ્કર્મની તટસ્થ તપાસ માટે પાંચ સભ્યોની કમિટિ રચાશે

### •પાંચ સભ્યોની કમિટિ દર ૧૫ દિવસે મળીને સમીક્ષા કરશે

અમદાવાદ : દુષ્કર્મની ઘટનાઓ સતત વધી રહી છે ત્યારે ગુજરાત સરકાર પણ હચમચી ઉઠી છે. આના ભાગરુપે ગુજરાત સરકારે હવે ખુબ મહત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. રાજ્યમાં બનતી દુષ્કર્મોની ઘટનામાં તટસ્થ તપાસ માટે પાંચ સભ્યોની કમિટિની રચના કરવાની આજે ગૃહ રાજ્યમંત્રી પ્રદિપસિંહ જાડેજાએ જાહેરાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગૃહવિભાગના અધિક સચિવના અધ્યક્ષસ્થાને કમિટિની રચના કરવામાં આવશે. આ કમિટિ દર ૧૫ દિવસે મળીને સમીક્ષા કરશે. ભોગ બનનારને સહાય રુપે સ્પેશિયલ પીપી અપાશે. તમામ કેસોને ફાસ્ટટ્રેક મોડ પર ચલાવવા ગુજરાત હાઈકોર્ટને વિનંતી કરવામાં આવશે. ભોગ બનનારને વિક્ટિમ કોમ્પેન્સેશન ફંડ હેઠળ સહાય અપાશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીના નેતૃત્વમાં મળેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે. ગૃહ રાજ્ય મંત્રી પ્રદિપસિહ જાડેજાએ જણાવ્યું કે, રાજ્યમાં બનતા દુષ્કર્મોની ઘટના સંદર્ભે મુખ્યમંત્રી વિજય રૂપાણી સંપૂર્ણ સંવેદનશીલ છે.

## વડાપ્રધાન મોદીના ડ્રીમ પ્રોજેક્ટ રો-રો ફેરીને હજુ ગ્રહણ

અમદાવાદ- સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતને જોડતા ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસને ગ્રહણ લાગ્યું છે. ખોટનો સામનો કરી રહેલી રો-રો ફેરીના સંચાલકો દ્વારા બે વેસલ પૈકી એક વેસલ વેચવા કાઢવામાં આવ્યું છે. રો રો સંચાલકો પાસે વોયેજ સીમફની અને આઈલેડ જેડ નામના બે વેસલ છે. જેમાંથી આઈલેન્ડ જેડ નામનું વેસલ વેચવા કાઢ્યું છે. ૨૦૧૭ માં નરેન્દ્ર મોદીએ મુસાફરી કરી પ્રથમ ફેજનું રો-રો ફેરીનું ઉદ્દાટન કર્યુ હતું. તે વેસલ વેચવા કાઢ્યું છે. દરિયામાં પૂરતો ડ્રાફ્ટ ન મળવાથી બંને વેસલ સપ્ટેમ્બરથી બંધ કરવામાં આવ્યા હતા.

## સુરતના કપાસીયાવાલા મર્ડરના તમામ ૯ને શંકાનો લાભ આપી છોડી મુકાયા

સુરત- આજથી આઠેક વર્ષ પહેલાં પ્રવિણચંદ્ર કપાસીયાવાલા પરિવારની ગવિયર-મગદલ્લાની કિંમતી જમીન હડપવાના હેતુથી ૧૫ લાખની સોપારી આપી અમિત કપાસીયાવાલાની કોર્ટ બિલ્ડીંગની સામે જાહેર રોડ પર કરપીણ હત્યા કરવામાં આવી હતી. આ કેસમાં સંડોવાયેલા મુખ્ય સુત્રધાર ડૉ.અશોક પાંચાણી સહિત ૯ આરોપીઓ વિરુધ્ધનો કેસ આજે અંતિમ સુનાવણી પર આવતાં કોર્ટે ફરિયાદપક્ષ આરોપી વિરુધ્ધનો કેસ શંકા રહિત સાબિત કરવામાં નિષ્ફળ નીવડતા તમામ આરોપીઓને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

અઠવાલાઈન્સ સ્થિત અર્હમ બંગ્લોઝમાં રહેતા ફરિયાદી વૈશાલી કપાસીયાવાલા એ તા.૨૯-૧૨-૧૧ના રોજ કોર્ટ બિલ્ડીંગની સામે જાહેર રોડ પર પોતાના પતિ અમિત કપાસીયાવાલાની હત્યા કરવા સંબંધે ઉમરા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. કપાસીયાવાલા પરિવારની ગવિયર-મગદલ્લા સ્થિત કિંમતી જમીન પચાવી પાડવા આરોપી ડૉ.અશોક પાંચાણી, વિનુ સિમરન સહિત અન્ય આરોપીઓએ રૂ.૧૫ લાખની સોપારી આપી ભાવનગરના કોન્ટ્રાક્ટ કીલર દિપક ઉર્ફે દિપુ મકવાણાને કામ સોંપ્યું હતુ. અલબત્ત હત્યા કરીને ભાગવા જતાં દિપક ઝડપાઈ ગયો હતો. તપાસ દરમિયાન અમિત કપાસીયાવાલાની હત્યાના ગુનામાં આરોપી ભાવસિંહ ઉર્ફે ભાવુ રાજપુત, ધર્મેન્દ્ર ઉર્ફે ધમો પોપટ બારૈયા, ડૉ.અશોક પાંચાણી, સુરેશ ઉર્ફે મીઠુ જયદેવ ડાકવા, સંતોષ અરકીટ શેટ્ટી, સંગમ ઉર્ફે ટીક્કી ઘનશ્યામ પૌડા, પુનમસિંહ રાજપૂત, સંદિપગીરી ગોસ્વામી, ભરત નાગજી વિરાણી, અનિલ દયાલદાસ એનાની, વિનુ હરી પટેલ, સંતોષ યાદવ સહિત ૧૩ આરોપીઓની ધરપકડ કરી જેલભેગા કરવામાં આવ્યા હતા.

## ગુજરાતના ખેડૂતોને પડતા પર પાટુંઃ સોરઠમાં માવઠું

ગાંધીનગરઃ અરબી સમુદ્રમાં બે-બે વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે, જેના કારણે સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારો સહિત દક્ષિણ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં મધ્યમ વરસાદ વરસી શકે છે તેવી હવામાન વિભાગે રાજ્યમાં વરસાદની આગાહી કરી હતી. ત્યારે મંગળવારે જૂનાગઢના કેશોદ અને માળિયાહાટીનામાં કમોસમી વરસાદ થયો હતો. કમોસમી વરસાદથી માર્કેટમાં પડેલી ખેડૂતોની મગફળી પણ પલળી ગઈ હતી. અરબી સાગરમાં ઉદભવેલા લો પ્રેશરને કારણે પીપાવાવ પોર્ટ અને જાફરાબાદ બંદર પર એક નંબરનું સિગ્નલ લગાવાયું છે.







હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી
અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ,
પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.


## વિશ્વમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના વધતા જતા ચલણથી માનવ સમુદાયને આશીર્વાદ કે શાપ?

# આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ : ક્રાંતિ કે જોખમ?

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

વિશ્વમાં છેલ્લા કેટલાક વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનું ચલણ વધી ગયું છે. આવા સમયે ઈન્ડોનેશિયાના વડાપ્રધાન જોકો વિડોડોએ અનોખો પ્રસ્તાવ રજૂ કરતા પોતાના દેશની સરકારી એજન્સીઓને આગામી બે વર્ષમાં સરકારી અધિકારીઓની બે રેન્ક સમાપ્ત કરીને તેમના સ્થાને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને મૂકવાનો આદેશ આપ્યો છે. ઈન્ડોનેશિયાના શાસકોને આમ કરવા પાછળનો ઉદ્દેશ અધિકારીઓનો કામનો બોજ ઓછો કરવાનો છે કે પછી સરકારી ખર્ચ ઘટાડવાનો નથી તે હાલ સમજાય તેમ નથી. પરંતુ સરકારી અધિકારીઓની તુમારશાહી આ પગલાથી ખતમ થઈ જશે તેમ મનાય છે. વિડોડોને લાગે છે કે, સરકારી અમલદારશાહી તેમના દેશના આર્થિક વિકાસમાં અવરોધરૂપ બની રહી છે. આમ તો બુદ્ધિશાળી રોબોટ્સનું સર્જન વૈજ્ઞાનિકો કરી ચૂક્યા છે. અને તેનું ચલણ પણ ધીમે ધીમે વધી રહ્યું છે. પરંતુ હવે આવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અર્થાત આરોપેલી બુદ્ધિમત્તા ધરાવતા રોબોટ્સ મુખ્ય પ્રવાહમાં આવી રહ્યાં છે અને મનુષ્યને સમકક્ષ દરજ્જો મેળવી રહ્યાં છે એ બહુ મોટી બાબત છે. થોડા વર્ષો પહેલા જ સાઉદી અરેબિયાએ સોફિયા નામની રોબોટને પોતાના દેશની નાગરિકતા આપી હતી. આ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્ટ રોબોટ સોફિયા દુનિયાભરમાં અનેક સંમેલનોમાં ભાગ લઈને પોતાના વિચારો પણ વ્યક્ત કરી ચૂકી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કારણે રોબોટિક્સનું વિજ્ઞાન જ સાવ બદલાઈ ગયું છે. હવે રોબોટમાં નવું નવું શીખવાની ક્ષમતા આવી ગઈ છે. ઘણાં નિર્ણયો તે જાતે જ લઈ શકે છે. ઉદ્યોગોમાં તો રોબોટ્સનો ઉપયોગ છેલ્લાં ઘણાં વર્ષોથી થઈ રહ્યો છે. પરંતુ આવા રોબોટ્સ કે મશીનો એકનું એક કામ કર્યા કરતા હોય છે. આવા મશીનો કે રોબોટને સ્માર્ટ એટલે કે, બુદ્ધિશાળી ન ગણી શકાય.

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ખ્યાલ ઘણો ક્રાંતિકારી છે. એમાં એવા મશીનો કે રોબોટ્સ તૈયાર કરવાના છે જે માનવી જેમ જ જાતે વિચારી શકે, માણસોએ આપેલી સૂચનાઓ સમજી શકે, લોકોના ચહેરા ઓળખી શકે, જાતે વાહનો હંકારી શકે. એપલે વિકસાવેલું સીરી કે માઈક્રોસોફ્ટે બનાવેલું કોર્ટાના તેનું ઉદાહરણ ગણી શકાય. જેની મદદથી આજકાલ ઘણાં પ્રયોગો થઈ રહ્યાં છે. નવી દવાઓ તૈયાર કરવામાં અને નવા રસાયણો શોધવામાં આવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદ લેવામાં આવી રહી છે. જે કામ કરવામાં માનવ મગજને વધારે સમય લાગે એવા કામ આવા મશીનો દ્વારા નજીવા સમયમાં કરી શકાય છે. ભારે જટિલ હોય એવી સિસ્ટમ ચલાવવામાં પણ તે ઉપયોગી સાબિત થઈ શકે છે.

સામાન્ય રીતે સમજણ મેળવીએ તો આખી દુનિયામાં ઊડી રહેલા વિમાનોની અવરજવરની સિસ્ટમ કોમ્પ્યુટર સંભાળે છે. કયું વિમાન ક્યારે, કયા રસ્તે પસાર થશે એ તમામ નિર્દેશો આવા મશીન પૂરા પાડે છે. મતલબ કે, એર ટ્રાફિક કંટ્રોલ આવા આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સની મદદથી ચાલી રહ્યું છે. જમીનમાં ઊંડે ઉતરવાના ખાણ ઉદ્યોગથી લઈને આભને આંબવાના સ્પેસ પ્રોગ્રામોમાં માણસોની મદદ માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને કામે લગાડાય છે. શેરબજારથી લઈને વીમા કંપનીઓ સુધ્ધાં આવા બુદ્ધિશાળી યંત્રોની મદદ લઈ રહી છે. પેચીદી ગણાતી સર્જરીઓ આવા રોબોટ્સની મદદથી થઈ રહી છે. આજે તો માણસોની બીમારી અંગે અગાઉથી જાણકારી લેવાથી માંડીને કેટલાક માણસો ગુનેગાર કેમ બની જતા હોય છે એવા વિષયો પર આવા મશીનો સંશોધન અને તારણો કાઢી રહ્યાં છે. એક જાણકારી તો એવી છે કે, હાલમાં એવી કારો પણ વિકસાવવામાં આવી રહી છે જે ડ્રાઈવરની મદદ વિના આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સથી જાતે જ ચાલે.

જેમ જેમ આવા રોબોટ્સ કે ડ્રોનનો ઉપયોગ વધી રહ્યો છે, તેમ તેમ માણસો માટે નોકરીઓ ઘટી રહી છે. દુનિયામાં રોબોટ્સ અને ડ્રોન જેવા યંત્રો એવા અનેક કામ કરી રહ્યાં છે જે કરવા માટે અગાઉ માણસોની જ આવશ્યકતા રહેતી હતી. એક રિપોર્ટ અનુસાર અમેરિકામાં આવતા દસ વર્ષમાં ૧૭ ટકા નોકરીઓ આવા મશીનો ખાઈ જવાના છે. એક અંદાજ મુજબ આવનારા થોડા વર્ષોમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ધરાવતા રોબોટ્સના કારણે અમેરિકામાં ૪૭ ટકા નોકરીઓ માણસોના હાથમાંથી જતી રહેશે. તો આવા રોબોટ્સના કારણે યુરોપના દેશોમાં લગભગ ૫૭ ટકા, ચીનમાં ૭૭ ટકા અને દક્ષિણ અમેરિકી દેશોમાં ૬૦થી ૬૫ ટકા નોકરીઓ ઘટી જશે. રિટેલ સેક્ટર, ઓનલાઈન શોપિંગ અને લોજિસ્ટિક્સ એટલે કે માલસામાનની હેરફેરમાં દુનિયાભરની અનેક કંપનીઓ હવે રોબોટ્સ અને ડ્રોનનો ઉપયોગ કરી રહી છે. આવા યંત્રો સામાનનું પેકીંગ કરે છે, જાળવણી કરે છે અને પાક્કો હિસાબ પણ રાખે છે. માલસામાનના વિશાળકાય ગોદામોમાં આવા રોબોટ્સ માણસો કરતા વધારે ચપળતાથી અને ઝડપથી તમામ કામો કરી શકે છે.

આવા રોબોટ્સને એક વાર કામે લગાડયા બાદ આવી ઝંઝટ રહેતી નથી. ઉલટું ઘણી કંપનીઓએ આવા રોબોટ્સને કામે લગાડયા બાદ માલસામાન ગુમ થવાની કે આડોઅવળો મૂકાઈ જવાની ફરિયાદો બંધ થઈ ગઈ છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના ક્ષેત્રમાં કામ કરતા બ્રિટનના ચેસ પ્લેયર ડો. ડેવિડ લેવી લાંબા સમયથી માણસો જેવા દેખાતા બુદ્ધિશાળી રોબોટ્સ જેને હ્યુમનોઈડ કહે છે તેનો યુગ આવવાની વાત કરી રહ્યાં છે. ડો. લેવીનો દાવો છે કે આવતા દસ વર્ષમાં એવા સોફ્ટવેર બની જશે જેનાથી એવા રોબોટ તૈયાર થઈ શકશે. જેનામાં માનવીમાં હોય એવા પ્રેમ, વિશ્વાસ, માનસન્માન અને સહનશીલતા જેવા ગુણો મોજૂદ હશે. તેઓ તો ત્યાં સુધી કહે છે કે, લોકો પોતાની પસંદગી મુજબનો આવો પાર્ટનર રોબોટ બનાવી શકશે. જો કે, જો આવા રોબોટ્સ અસ્તિત્ત્વમાં આવશે તો નૈતિકતાને લગતા સવાલો પણ ખડા થશે.

વિશ્વ વિખ્યાત વિજ્ઞાની સ્ટીફન હોકિંગ, માઈક્રોસોફ્ટના માલિક બિલ ગેટ્સ અને ઉદ્યોગપતિ એલન મસ્ક જેવા માંધાતાઓ આગાહી કરી ચૂક્યાં છે કે આવનારા સમયમાં સુપર સ્માર્ટ મશીનો માનવી માટે પડકાર બની રહેશે. જેમ જેમ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો વ્યાપ વધી રહ્યો છે તેમ તેમ એ ચર્ચા પણ વ્યાપક બની રહી છે કે તે મનુષ્ય માટે ઉપયોગી છે કે ઘાતક નિવડશે ? ઘણાં લોકોનું માનવું છે કે, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તમામ નોકરીઓ ખાઈ જશે. કોઈ બુદ્ધિ વગર કામ કરતા મશીનોએ આમ પણ લાખો મજૂરોના વ્યવસાય છીનવ્યાં છે ત્યારે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ડોકટર, એન્જિનિયર જેવા માનસિક ક્ષમતાવાળા વ્યવસાયો પણ છીનવી લેશે એવો ડર અનેકને સતાવી રહ્યો છે. જોકે વર્લ્ડ ઈકોનોમિક ફોરમના એક રિપોર્ટ અનુસાર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેટલો રોજગાર ખતમ કરશે એનાથી ક્યાંય વધારે નવા રોજગાર પેદા કરશે.

રિપોર્ટ અનુસાર ૨૦૨૫ સુધીમાં લગભગ ૫૨ ટકા એટલે કે માનવીના અડધા કરતાયે વધારે કામ મશીનો કરવા લાગશે. અત્યાર સુધી આપણા કુલ કામકાજનો ૨૯ ટકા જેટલો હિસ્સો મશીનો કરી રહ્યાં છે. મશીનો વધારે કામ કરવા લાગશે ત્યારે દુનિયાભરમાં સાડા સાત કરોડ લોકો પોતાનો રોજગાર ગુમાવશે. પરંતુ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સના કારણે ૧૩.૩ કરોડ નવી નોકરીઓ પણ આવશે. એમાંયે ડેવલોપર્સ, ઈ-કૉમર્સ અને સોશિયલ મીડિયા સ્પેશિયાલિસ્ટના ક્ષેત્રમાં રોજગારી વધશે.



દુનિયામાં ડોક્ટર, એન્જિનિયર જેવા માનસિક ક્ષમતાવાળા વ્યવસાયો પણ આ ક્રાંતિ થકી છીનવાય જવાનો ડર




બોલીવૂડમાં હાલ બાયોપિક બનાવવાનો ટ્રેન્ડ ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં રીલિઝ થયેલી જીવનકથની પરની આધારિત ફિલ્મોએ રેકોર્ડ કર્યો છે. આ યાદીમાં એક વધુ બાયોપિક ઉમેરાશે. રાજ કુમાર હિરાણી ભારતીય ક્રિકેટર લાલા અમરનાથના જીવનપર ફિલ્મ બનાવવા માંગે છે. જે એક બાયોપિક હશે. આ ફિલ્મમાં તે 'સંજુના રાઇટર અભિજાત જોશી સાથે કામ કરવાનો છે. લાલા અમરનાથ ૧૯૫૨માં પાકિસ્તાન વિરુદ્ધની પ્રથમ ટેસ્ટ મેચમાં કેપ્ટન હતા.

સ્વદેશ

# તાપસી પન્નુ હવે મહિલા ક્રિકેટર મિતાલી રાજના રોલમાં જોવા મળશે





મુંબઈ : તાપસી પન્નુએ પોતાની અભિનય ક્ષમતાથી બોલીવૂડમાં સ્થાન જમાવી દીધું છે. ટોચના નિર્માતા-દિગ્દર્શકો તેને સાઈન કરી રહ્યા છે. હવે તાપસી મહિલા ક્રિકેટર મિતાલી રાજનું પાત્ર ભજવવાની છે. ૩જી ડિસેમ્બરના મિતાલીએ પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો. આ જ પ્રસંગે તાપસીએ પોતાની આગામી ફિલ્મની ઘોષણા કરી હતી. અભિનેત્રીએ બર્થડે ગર્લ મિતાલી સાથે સોશિયલમીડિયાના એકાઉન્ટસ પર તસવીરો શર કરી છે. આ સાથે તેણે ટાંક્યું છે કે, આગામી ફિલ્મ 'શાબાશ મિતુ'માં હું મિતાલીના રોલમાં જોવા મળીશ.'' આ ઉપરાંત તાપસીએ મિતાલીને હેપ્પી બર્થ ડે કેપ્ટન મિતાલી રાજ ટ્વિટ કર્યું છે. તેણે વધુમાં ટ્વિટ કર્યું હતુ કે, મિતાલી તારાથી અમને ગર્વ છે. રૂપેરી પડદે તારું પાત્ર ભજવવા માટે મને પસંદ કરવામાં આવી છે, તે મારા માટે સમ્માનની વાત છે. તારા જન્મદિવસે તને શું ભેટ આપવી તેની દ્વિધા અનુભવી રહી છુ. પરંતુ એક વાતનું વચન આપું છું કે, તારા પાત્રમાં મને જોઈને તનુને પ્રાઉડ ફીલ કરીશ. હું 'કવર ડ્રાઈવ' શીખવા તૈયાર છું.

## સલમાન ખાન આગામી ફિલ્મમાં સારા અલી ખાન સાથે જોડી જમાવશે



મુંબઈ : સલમાન ખાન હાલ પોતાની આવનારી ફિલ્મ 'દબંગ ૩' માટે ચર્ચામાં છે. તો બીજી બાજુ આનંદ એલ રાય પોતાની આગામી ફિલ્મ માટે કલાકારોનો સંપર્ક કરી રહ્યા છે. તેમણે સલમાન ખાન અને સારા અલી ખાન પર મહોર મારી હોવાના સમાચાર છે. આ ફિલ્મમાં ધનુષ પણકામ કરી રહ્યો છે.

સૂત્રની વાત સાચી માનીએ તો, દિગ્દર્શક આનંદ એલ રાય પોતાની આગામી ફિલ્મમાં સલમાન ખાનને લેવા માંગે છે. તો બીજી બાજુ સારા અલી ખાન પણ આ ફિલ્મ માટે ઉત્સાહિત છે. મળેલી બાતમની અનુસાર, થોડા દિવસો પહેલા સારા અલી ખાને આનંદ એલ રાય સાથે મુલાકાત કરી હતી. ત્યારે તેણે આગામી ફિલ્મમાં તેને તક ?આપવાની વિનંતી કરી હતી. જોકે દિગ્દર્શકે આ વાતની કોઈ ઘોષણા કરી નથી.

પહેલા એવા સમાચાર હતા કે, આનંદ એલ રાયની આગામી ફિલ્મમાં અજય દેવગણ અને સારા અલી ખાન કામ કરવાના છે. પરંતુ સૂત્રના અનુસાર દિગ્દર્શક અને અજય દેવગણ અન્ય એક ફિલ્મ માટે વાતચીત કરી રહ્યા છે. અજય આજકાલ વિવિધ વિષયોની ફિલ્મ પર કામ કરી રહ્યો હોવાથી આનંદ એલ રાયને આગામી ફિલ્મમાં લેવાની ઈચ્છા છે.

સારા અલી ખાનની પ્રથમ ફિલ્મ રિલીઝ થયા બાદ તેનું કેરિયર ઝડપથી આગળ વધી રહ્યું છે. તેની પ્રથમ ફિલ્મ સુશાંતસિંહ રાજપુત સાથેની કેદારનાથ રજૂ થઈ જ્યારે બીજી ફિલ્મમાં રણવીર સિંહ સાથે જોડી જમાવી હતી. બંને ફિલ્મોમાં સારા અલી ખાનના અભિનયની ખૂબ પ્રશંસા થઈ હતી.



## અનન્યા આગામી ફિલ્મમાં ટપોરી યુવતી બનશે

મુંબઈ : બોલીવુડમાં સફળ એન્ટ્રી કરનાર સ્ટાર કિડ્સ અનન્યા પાંડેએ પોતાની કારકિર્દીની શરૂઆત 'સ્ટૂડન્ટસ ઓફ ધ યર ટુ'થી કરી હતી. હાલ તે પોતાની આવનારી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. આ ઉપરાંત તે આવનારી ફિલ્મનું શૂટિંગ કરી રહી છે.જેમાં તે એક અલગ જ અવતારમાં જોવા મળશે. '' ફિલ્મ 'ખાલી પીલી'માં હું એક મુંબઈની યુવતીનું પાત્ર ભજવી રહી છું. આ માટે મારે બમ્બૈયા લેન્ગવેજ બોલવી પડશે. જે 'ગલી બોય'માંઆલિયા ભટ્ટે બોલી હતી તેવી જ ભાષા મારે બોલવી પડશે.હું જાણતી નથી કે આલિયાની માફક જ હું સારી રીતે આ બોલી બોલી શકીશ. પરંતુ આ માટે હું પૂરતા પ્રયાસ કરીશ.આ અનુભવનો મને ઉત્સાહ છે. મારી હાલની આવનારી ફિલ્મમાં હું દિલ્હીની ભાષા બોલનારી યુવતીનું પાત્ર ભજવું છું,'' તેમ અનન્યા એ જણાવ્યું હતું. ટપોરી ભાષા બોલતી ફિલ્મમાં અનન્યા સાથે ઈશાન ખટ્ટર કામ કરી રહ્યો છે. તેણે વધુમાં કહ્યું હતું કે, '' મને ખુશી છે કે, હું ફિલ્મોમાં અલગ-અલગ બોલી બોલવાની કોશિષ કરીરહી છું. મને પણ આમાં આનંદ આવે છે. ''

## દીપિકા ફરી હોલીવૂડની ફિલ્મમાં ચમકશે



મુંબઈ : બોલીવુડ અભિનેત્રી દીપિકા પદુકોણની પોતાની આવનારી બે ફિલ્મોની તૈયારીમાં વ્યસ્ત છે. જેમાં તેની નિર્મિત 'છપાક' અને અન્ય એક ૮૩' છે. આ ઉપરાંત તેની વાતચીત એક હોલીવૂડ ફિલ્મ માટે પણ ચાલી રહી છે. સૂત્રના અનુસાર, દીપિકાને હોલીવૂડની એક બિગ બજેટ ફિલ્મ મળવાની શક્યતા છે. જોકે તેણે આ વાતને સમર્થન આપ્યું નથી. દીપિકાએ આ પહેલા હોલીવૂડની 'એકસએકસએકસ : રિટર્ન ઓફ ઝેન્ડર કેગ' થી હોલીવૂડમાં ડેબ્યુ કર્યું હતુ. હવે તેને આ ફિલ્મની સિકવલની ઓફર થઈ હોવાની વાત છે. જો આમ હશે તો દીપિકા આ તક છોડશે નહીં તેવું બોલીવૂડના માંધાતાઓનું માનવું છું. જોકે તે પોતાના કામ પ્રત્યે ગંભીર હોવાથી હોલીવૂડની ફિલ્મ સાઈન કરતા પહેલા બોલીવૂડના પોતાના કમિટમેન્ટને વધુ મહત્વ આપશે.તેને હોલીવૂડની વધુ ફિલ્મો કરવાની ઈચ્છા તો છે જ. ઉલ્લેખનીય છે કે, દીપિકાની આ ફિલ્મમાં મેલ લીડ વિન ડિઝલ સાથે હશે.

## અક્ષયકુમાર અને આયુષ્યમાન ખુરાના ૨૦૧૯ના સફળ કલાકારોમાં મોખરે

મુંબઈ : ૨૦૧૯ની સાલમાં અત્યાર સુધીમાં અક્ષય કુમાર અને આયુષમાન ખુરાનાએ બેક ટુ બેક હિટ ફિલ્મો આપી છે. જ્યારે એક સમયે રૂપેરી પડદે રાજ કરનારા આમિર ખાન અને સલમાન ખાનનું નજાણે નામોનિશાન નથી. બોલીવૂડમાં ખાન ત્રિપુટીનો દબદબો રહ્યો છે. પરંતુ છેલ્લા થોડા વરસોથી તેમને ઘણા એકટરો પડકાર આપી રહ્યા છે. આ વરસે પણ કાંઈક આવું જ જોવા મળ્યું છે. અક્ષય કુમાર અને આયુષમાન ખુરાના જેવા સિતારાઓ આ વરસે બોલીવૂડમાં બેક ટુ બેક હિટ ફિલ્મો આપી છે અને અત્યાર સુધીમાં સૌથી વધુ કમાણી કરનારા સિતારા તરીકે ઊભર્યા છે.





અક્ષયની આ વરસે મિશન મંગલ, હાઉસફુલ ૪ , કેસરી જેવી ફિલ્મો રીલિઝ થઈ છે. જેમાંથી મિશન મંગલ અને હાઉસફુલ ૪ ફિલ્મ રૂપિયા ૨૦૦ કરોડની કલબમાં સામેલ થઈ ગઈ છે. આ ઉપરાંત કેસરી પણ હિટ ફિલ્મમાં ગણાય છે. અક્ષયની આવનારી ફિલ્મ ગુડ ન્યુઝ માટે પણ સારી આશા રખાઈ રહી છે.

આયુષમાન ખુરાના કન્ટેન્ટ અને એન્ટરટેઈનમેન્ટના મિશ્રણના સહારે લોકોના દિલ જીતવામાં સફળ થયો છે. તેની આર્ટિકલ ૧૫, ડ્રીમ ગર્લ, બાલા બોક્સ ઓફિસ પર સફળ થઈ છે. આ વરસે આયુષમાને ત્રણ હિટ ફિલ્મો આપી છે.

જ્યારે આમિર ખાન અને સલમાન ખાન જેવા કલાકારોની ફિલ્મોની હાલ બોલબાલા રહી નથી.

PROFESSIONAL SERVICES Guaranteed
વિઝા-ઈમિગ્રેશનની સાચી અને જરૂરી માહિતી માટે મળો
Super & Visit Visa - Student Visa
Refused Spousal & Super / Visit Visa Application
સુપર / વિઝિટ વિઝા / સ્ટુડન્ટ વિઝા
We also do P.I.O. and O.C.I. applications
In-Canada students can apply for parents visit visa and spousal open work permit
ICC Canada Immigration Solutions Inc.
Toll Free: 1.866.341.2424 | info@iccimmigration.ca | www.iccimmigration.ca
H.O. 1137 Derry Road East, Mississauga, ON L5T 1P3
Tel: 905-461-2424
Ripudaman Dhillon iccrc crcic Manu Datta

Super Visa Medical Insurance
Best rates available
Call us for No obligation advice for
- Life Insurance.
- Mortgage Insurance.
- Critical Illness Insurance.
- Disability Insurance.
- Health Insurance.
- Visitor to Canada Medical Insurance.
- Registered Retirement Saving Plan (R.R.S.P.)
- Registered Education Saving Plan (R.E.S.P.)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt Grants
We represent all Major Insurance Companies of Canada
Guaranteed Money Back Plans / Non medical Plans are available
Persons with medical problems like Blood Pressure, Cholesterol, Diabetes, Heart Problem can get insurance ( conditions apply)
MadhuSudan Lama 647-833-4477
Hetal Shah 416-522-1676
Anirudh Lama 416-822-2570
EFS Economical Financial Services Inc.
1694 Albion Road, Unit #1, 2nd Floor, Etobicoke ON M9V 1B8 • Tel: 416-746-4142


# હોલિવુડની હલચલ

## કાયલી જેનર માંદગીમાંથી સાજી થઈ ફરી કામે વળગી



લોસએન્જલસ : હોલીવુડ મશહૂર ફેશન ડિઝાઈનર કાયલી જેનર ટૂંકી માંદગી બાદ સાજી થઈ ફરી કામે વળઘી છે. ટૂંકો સમય પણ સારી એવી માંદગી ઝાલ્યા પછી કાયલી જેનર હવે સાજી થઈ રહી છે. ફેશનની આ દિગ્ગજ સગરે સોશિયલ મીડિયા પર આ સંકેત આપ્યો હતો. એણે જે તસવીર શેર કરી એમાં એ સારી એવી તંદુરસ્તી અને ફિટ લાગતી હતી. પખવાડિયા પહેલા તો કાયલી એટલી બીમાર હતી કે પોતાની ફેશનની બ્રાન્ડ સંદર્ભે કામ માટે પેરિસ ન'તી જઈ શકી. એણે આખું ફંક્શન હોસ્પિટલનાં ખાટલેથી મોબાઈલ પર 'લાઈવ' માણ્યું હતું. જોકે સમારંભ પછી પત્રકારોના પ્રશ્નનાં ઉત્તર એણે વિડિયો કોલ દ્વારા આપ્યા હતા. જોકે પેરિસ ફેશન શોમા ન જઈ શક્યા બદલ એણે ચાહકોની માફી માગી હતી. એણે માંદગી દરમિયાન ચાહકોને વાયા સોશિયલ મીડિયા અપેક્ષા પણ કરતી રહી હતી.

## બ્લેક વિડો અમેરિકા પહેલા ભારતમાં રિલીઝ થશે




લોસએન્જલસ : ભારતમાં હોલિવૂડ ફિલ્મોની દીવાનગી દિવસે ને દિવસે વધતી જાય છે. આવામાં માર્વેલ યુનિવર્સલની ફિલ્મ્સ તો દિલોદિમાગ પર કબજો જમાવી દે છે કે જ્યાં સુધી તેની નવી સિરીઝ ન આવે. થોડા સમય પહેલાં જ એવેન્જર્સ-ઈન્ફિનિટી વોર રિલીઝ થઈ હતી, જેણે વિદેશમાં જ નહીં પણ સમગ્ર ભારતમાં ધૂમ કમાણી કરી. ત્યારે આ સિરીઝમાં વધુ એક નામ જોડાઈ ગયું છે. જે આવતા વર્ષે રિલીઝ થશે. હોલિવૂડ એક્ટ્રેસ સ્કારલેટ જોન્સનની ફિલ્મ બ્લેક વિડો એક વાર ફરી સિનેમાઘરમાં જોવા મળશે. એવેન્જર્સ-ઈન્ફિનિટી વોરમાં બ્લેક વિડોને પોતાનો જીવ આપી દે છે. જેનાથી ફેન્સને ખૂબ જ ધક્કો લાગ્યો હતો. પણ હવે એવા સમાચાર સામે આવ્યા છે કે બ્લેક વિડો પર અલગથી ફિલ્મ બનશે. આ વાત જાણીને તો તેમના ફેન્સના જીવમાં તો જાણે જીવ આવ્યો છે. હોલિવૂડમાં ચાલતી ચર્ચા મુજબ, સ્કારલેટની ફિલ્મ બ્લેક વિડો ભારતમાં અમેરિકાથી પહેલાં ૩૦ એપ્રિલ, ૨૦૨૦ના રોજ રિલીઝ થશે. ફિલ્મ કુલ છ ભાષામાં રિલીઝ થશે. માર્વલ સ્ટુડિયોએ પણ સત્તાવાર નિવેદન આપ્યું છે કે છેલ્લાં કેટલાંક વર્ષોમાં માર્વલ ફિલ્મોએ ભારતમાં ખૂબ જ કમાણી કરી છે, જે એક ક્રાંતિ કહી શકાય. માર્વલ યુનિવર્સના દરેક સુપર હીરો ભારતમાં હાઉસહોલ્ડ નામ છે જેમને ફિલ્મી પડદે દર્શક ખૂબ જ પસંદ કરે છે.

## ડ્રગ્સનું સેવન હવે ભૂતકાળ બની ગયું : ડેમી લેવેટો

લોસએન્જલસ : સિંગર ડેમી લોવેટો ૨૦૧૮ના જુલાઈ મહિનામાં ડ્રગ્સ ઓવરડોઝનો ભોગ બની હતી. આ બાબતે એણે એક વરસ ચૂપકીદી સાધી અને ગયા મહિને એણે મૌન તોડયું હતું. ડેમીએ કહ્યું છે એ અત્યંત સંવેદનશીલ વ્યક્તિ છે. નાની નાની અને ઝીણી ઝીણી બાબતોમાં એ હતાશ થઈ જાય છે. એ સામાન્ય રીતે ડ્રગ્સનું સેવન નથી કરતી. એ ડીપ્રેશનમાં હતી અને એને લાગ્યું કે અવસાદમાંથી બહાર આવવા માદક પદાર્થનું સેવન મદદ કરશે. જોકે હવે એ ડ્રગ્સની લતમાંથી મુક્ત બની છે અને એક નવી અને જુદી ઈન્સાન બનીને સમાજ સામે આવી છે. હવે એ માત્ર થોડીક નવર્સનેસ અનુભવે છે પણ સંગીત એ પણ દૂર કરી દેશે.

## મિલી સાયરસે પ્રેમ અને વફાદારીના સંદર્ભમાં સોશિયલ મિડીયામાં પોસ્ટ મૂકતા ચાહકો વિમાસણામાં



લોસએન્જલસ : પ્રેમ અને વફાદારીનો સંદેશ વહેતો કરવા ભલે સાયરસે સોશિયલ મીડિયાનો સહરો લીધો હતો. મિલને વોલ પર વફાદારી શબ્દ જોઈ એના ચાહકો પણ વિમાસણાં મૂકાઈ ગયા હતા. જોકે બીજી જ ક્ષણે ફોટો જોઈ તેઓ કળી ગયા હતા કે મિલેએ શ્વાનના સંદર્ભમાં આ પોસ્ટ અપલોડ કરી હતી. એણે લખ્યું કે પ્રત્યેક સવારે શ્વાનો સાથે ઉભા થવું એ અલૌકિક અનુભવ બને છે. શ્વાન સંપત્તિ, કરીયર, પ્રતિભા, જાતિ, વય ઈત્યાદિ કોઈ બાબતનો પ્રશ્ન નથી પૂછતા. જોકે એના અમુક ચાહકોને આ પોસ્ટ ભેદી લાગી હતી. એમનું માનવું હતું કે ૨૬ વર્ષિય સેલિબ્રિટીએ એક્સ કેટલિન કાર્ટર અને લિયામ હેમ્સપર્થને ચોટિંયો ભર્યો છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
★ NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
★ CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
★ MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Davinder Singh Chawla
Call For HONEST ADVICE
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

## સંજયદત્ત હવે ક્રિતી સેનોનને ગર્લફ્રેન્ડ બનાવવા ઈચ્છે છે




મુંબઈ : બોલીવુડના ખલનાયક સંજયદત્તે એક કાર્યક્રમ દરમિયાન જણાવ્યું હતું કે, તે ક્રિતી સેનોનને પોતાની ૩૦૯ની ગર્લ ફ્રેન્ડ બનાવવા માંગે છે. નિર્દેશક આશુતોષ ગોવારિકરની ફિલ્મ 'પાનીપત' રિલીઝ માટે તૈયાર છે. આ ફિલ્મમાં અર્જુન કપૂર કૃતિ સેનન અને સંજય દત્ત મુખ્ય પાત્રમાં નજરે પડવાના છે. ફિલ્મના પ્રમોશનમાં હાલ આ ત્રણેય વ્યસ્ત છે. આમ તો આ ફિલ્મમાં કૃતિ સેનન અર્જુન કપૂરની પત્નીનું પાત્ર ભજવી રહી છે. પરંતુ લાગે છે કે ફિલ્મના વિલન સંજય દત્તનું પણ દિલ તેની પર આવી ગયું છે. આ અમે નહીં પરંતુ સંજય દત્ત ખુદ કહી રહ્યા છે. હાલમાં સંજય દત્ત એક કોમેડી શોમાં પાનીપતના પ્રમોશન માટે પહોંચ્યા. અહીં તેમણે કૃતિ સેનનના ખૂબ વખાણ કર્યા. સંજય દત્તે કહ્યું કે તે કૃતિના પરફોર્મથી એટલા પ્રભાવિત છે કે તે તેને ૩૦૯મી ગર્લફ્રેન્ડ પણ બની શકે છે. જો તમે સંજૂ બાબાનો આ જોક્સ સમજમાં નથી આવ્યો તો તમે સંજય દત્ત પર બનેલી ફિલ્મ સંજૂમાં જોઈ શકો છો કે તેમની ૩૦૮ ગર્લફ્રેન્ડ કહી છે. પાનીપતમાં કૃતિ સેનન પાર્વતી બાઈનું પાત્ર ભજવી રહી છે તો સંજય દત્ત આ ફિલ્મમાં અહમદ શાહ અબ્દાલી બનેલા નજરે પડશે.

## ફિલ્મમાં સેક્સ સીન ભજવવાથી એડલ્ટ ફિલ્મો ઑફર થવા લાગી : રાધિકા આપ્ટે



મુંબઈ : પોતાના અભિનય થકી બોલીવુડમાં સફળ થનાર અભિનેત્રી રાધિકા આપ્ટેએ એક મુલાકાત દરમિયાન ખુલાસો કરતા જણાવ્યું હતું કે, ફિલ્મ બદલાપુરમાં કરેલાં એક બોલ્ડ સીન બાદથી જ તેને ઘણી સેક્સ કોમેડી ઑફર થવા લાગી હતી. રાધિકાએ ફિલ્મ બદલાપુરમાં એવું પાત્ર અદા કર્યુ હતું જે યુવતી પોતાને જ જીવથી મારી દેવાની ધમકી આપનારા યુવકની સામે મજબૂરીમાં પોતાનાં કપડાં ઉતારે છે. રાધિકાનું કહેવું છે લોકોએ તેમ વિચારવાનું શરૂ કરી દીધુ કે, હું ફિલ્મોમાં આ પ્રકારનાં જ રોલ કરવાનું પસંદ કરીશ. અભિએત્રીના કહેવા પ્રમાણે, હું એવી કોઈ ફિલ્મનો ભાગ નથી બનવા ઈચ્છતી જે મારા માટે મહત્વ ન રાખતા હોય. તમને જાણીને આશ્ચર્ય થશે કે, 'બદલાપુર' બાદ મને એડલ્ટ ફિલ્મો જ ઑફર થવા લાગી હતી. હાલમાં જ એક ઈવેન્ટમાં રાધિકાએ આ વાત કબૂલી છે. રાધિકાએ કહ્યું કે, 'કારણ કે મે બદલાપુરમાં તે કરિદાર કર્યો અને એક શૉર્ટ ફિલ્મ 'અહલ્યા' કરી જે બાદ લોકોને એવું લાગતું હતું કે મને આવા રોલજ કરવા છે. હું એ સમયમાં એટલી ઑફર રિજેક્ટ કરતી હતી કે મને સમજાતું ન હતું કે, આ મારા કરિઅર માટે સારું છે કે નહીં. રાધિકાએ ઉમેયું હતું કે, મને લાગે છે કે લોકો પ્રોગ્રેસિવનાં નામ પર કંઈપણ લખે છે. દાખલા તરીકે પુરુષોને નફરત કરવી પ્રોગ્રેસિવ નથી. આ કહાની કહેવાનું એક માધ્યમ છે. પણ એક નિર્દેશક કે લેખક તરીકે આપ કેટલાંક લોકો સુધી પહોંચી રહ્યાં છો. આપની વિચાર શરણી અને નજરીયો સૌથી મહત્વનું છે.

## ઇશાન ખટ્ટર હવે તબુ સાથે રોમાન્સ કરતો નજરે પડશે



મુંબઈ : બોલીવુડમાં નવો સવો કલાકાર ઈશાન ખટ્ટર હવે પોતાનાથી ૨૪ વર્ષ મોટી હીરોઈન સાથે રોમાન્સ કરતો નજરે પડશે. તબુ અને ઈશાન ખટ્ટરની ઈન્ટરનેશનલ ટીવી સીરીઝ 'અ સૂટેબલ બોયનું પ્રથમ લુક રીલિઝ થઈ ગયું છે. આ પોસ્ટરમાં તહુ અને ઈશાન એક ઈન્ટેસ લુકમાં જોવા મળે છે. આ સીરીઝ છ ભાગમાં બનવાની છે જેને બીબીસીના યૂકે આધારિત ચેનલ બીબીસી વન પર ટેલિકાસ્ટ કરવામાં આવશે. તબુ અને ઈશાન વચ્ચે ખાસ્સો ૨૪ વરસનો ફરક છે. પોતાના કરતા ૨૪ વરસ મોટી અભિનેત્રી સાથે ઈશાન બિનધાસ્ત દ્રશ્યો ભજવતો જોવા મળશે. આ વેબ સીરીઝમાં તે મુખ્ય પાત્ર ભજવીરહ્યો છે. ઈશાન એક રાજકારણી મહેશ કપૂરના પુત્ર માન કપૂરનો રોલ ભજવશે. જ્યારે તબુ ગણિકા સઈદા બાઈના પાત્રમાં હશે. આ વાર્તામાં માન કપૂરને સઈદા બાઈ સાથે અટેચમેન્ટ થઈ જાય છે. જેની તસવીર સોશિયલ મીડિયા પર જોવા મળે છે.

આ સીરીઝ 'અ સૂટેબલ બોય' પુસ્તક પર આધારિત છે. આ નોવેલ એક ઐતિહાસિક ડ્રામા છે, જેમાં ભારતની આઝાદી પછીનો સમય કાળ દેખાડવામાં આવશે. ૧૯૫૨ની આસપાસનો સમય હશે. આ સીરિઝ ૨૦૨૦માં રીલિઝ થશે.



# એનિમલ પ્રિન્ટેડ કપડાં પહેરીને રહો સ્ટાઈલીશ

ઉનાળો આવે એટલે ફેશનમાં પણ નવી નવી વસ્તુઓ આવવા લાગે. નીતનવી ફેશન કે જે તમારા લુકને સુંદર બનાવે તે તમામ ફેશનના વસ્ત્રો સ્ત્રીઓ સમરમાં પોતાના ઉપર ટ્રાય કરતી રહે. વળી ઘણાં સમયથી વિન્ટરવેર પહેરીને કંટાળી ગયા હોઈએ એટલે સમરમાં નવા કપડાં ખરીદીને તે તમામ કંટાળાને માનુનીઓ સમરમાં દૂર કરી નાખતી હોય છે. વર્ષા પણ આવું જ કંઈક વિચારી રહી હતી. વર્ષાને ઓફિસમાં પાર્ટી હતી. સ્ટાફ માટે તેમના મેડમે સ્પેશિયલ પાર્ટીનું આયોજન કર્યું હતું. સ્ટાફની મહેનતને બિરદાવવા વર્ષાનાં મેડમ આ રીતે તેમના સ્ટાફ માટે કંઈક નવું નવું આયોજન કરતાં રહેતાં. વર્ષાને આ પાર્ટીમાં કંઈક નવું પહેરવાની ઈચ્છા હતી. સ્ટાફની તમામ સ્ત્રીઓએ નક્કી કર્યું હતું કે આ વખતે કોઈ કલર થીમ કે ડ્રેસકોડ નથી રાખવો. આ વખતે આપણે કંઈક નવું કરીએ. કોઈ જ ડ્રેસ કોડ નક્કી કર્યા વગર બધા પોતપોતાની રીતે સારા આઉટફિટ્સ પહેરીને આવશે. પણ તે આઉટફિટ્સ બધાથી અલગ હોવા જોઈએ. જેનો આઉટફિટ સૌથી અલગ હશે તેને બેસ્ટ આઉટફિટનું ઈનામ પણ આપવામાં આવશે.

વર્ષાનાં મનમાં આ વાત સતત ગુંજ્યા કરતી હતી. તેણે નક્કી કર્યું કે દર વર્ષેની જેમ આ વર્ષે પણ તેના આઉટફિટ્સ બધામાં અલગ હશે. અને એ માટે શું પહેરવું તેની મથામણમાં તે હતી. ત્યાં જ એક ફેશન મેગેઝિનમાં તેને હાથ સરસ વસ્તુ લાગી ગઈ. અને વર્ષાએ નક્કી કરી લીધું કે આ વખતે પાર્ટીમાં એનિમલ પ્રિન્ટેડ આઉટફિટ પહેરવા. આમ પણ સમરમાં ફ્લોરલ પ્રિન્ટેડ, સ્ટાઈપ્ડ પ્રિન્ટેડ, વાર્લી પ્રિન્ટેડ વગેરે અનેક પ્રિન્ટ્સવાળા કપડાંનો ક્રેઝ લોકોમાં જોવા મળતો જ હોય છે. ત્યારે આ વખતે એનિમલ પ્રિન્ટેડ ડ્રેસ



## જંપસૂટ, રોમ્પર કે ફ્રોક સ્ટાઇલના ટોપમાં એનિમલ પ્રિન્ટની પસંદગી કરો

જો તમે બહાર ફરવા જતા હોવ અને ત્યારે એનિમલ પ્રિન્ટના ડ્રેસ પહેરવા માંગતા હોવ તો જંપસૂટ, રોમ્પર કે ફ્રોક સારા લાગશે. વળી શોટ્ર્સ પહેરતા હોય તો શોટ્ર્સ ઉપર તમે ટોપમાં પણ એનિમલ પ્રિન્ટની પસંદગી કરી શકો છો. અને જો ઓફિસમાં કે કોલેજમાં આ પ્રિન્ટના આઉટફિટ્સ પહેરવા માંગતા હોવ તો જિન્સ ઉપર અલગ-અલગ સ્ટાઇલના ટોપમાં આ પ્રિન્ટની પસંદગી કરી શકો છો. એનિમલ પ્રિન્ટ દેખાવે ખરેખર ખૂબ જ સુંદર લાગે છે. તે તમને ક્લાસી લુક પણ આવી શકે છે અને સાથે સાથે રફ એન્ડ ટફ લુક પણ આપી શકે છે. આ પ્રકારના પ્રિન્ટના ડ્રેસ તમને બજારમાં બહુ સરળતાથી ઉપલબ્ધ થઇ જશે.



## બજારમાં કેવા કેવા પ્રિન્ટેડ ડ્રેસ મળશે?

આ પ્રકારના આઉટફિટમાં પ્રાણીઓની ત્વચા ઉપર જેવી પ્રિન્ટ હોય છે તેવી અને તેમાં થોડી કલા ઉમેરીને મિક્સ પ્રિન્ટ વાળા ડ્રેસ તૈયાર કરવામાં આવે છે. જેમ કે જિરાફની પ્રિન્ટ વાળો ડ્રેસ, વાઘની પ્રિન્ટ વાળો ડ્રેસ, ચિત્તાની પ્રિન્ટ વાળો ડ્રેસ, ઝીબ્રા પ્રિન્ટેડ ડ્રેસ આવી અનેક એનિમલ પ્રિન્ટ વાળા ડ્રેસ બજારમાં ઉપલબ્ધ છે. આ ડ્રેસ પહેરાતાં ખૂબ જ સુંદર લાગે છે.

## કેવા આઉટફિટ પહેરી શકાય?

એનિમલ પ્રિન્ટેડ ડ્રેસમાં તમે તમામ પ્રકારના આઉટફિટની પસંદગી કરી શકો છો. જેમ કે લોન્ગ મેક્સી ડ્રેસ, વનપીસ, ફ્લોરલ ડ્રેસ, ક્રોપ ટોપ, હોલ્ટર નેક ટોપ, ઓફ શોલ્ડર ટોપ્સ, લૂઝ ટોપ, લોન્ગ ટોપ, સ્ટ્રેટ ડ્રેસ, ફ્રોક ડ્રેસ, શોર્ટ ટોપ, રોમ્પર ડ્રેસ, જંપસૂટ વગેરે તમામમાં તમે એનિમલ પ્રિન્ટેડ ડ્રેસની પસંદગી કરી શકો છો. જો તમે પાર્ટીમાં એનિમલ પ્રિન્ટેડ ડ્રેસ પહેરવા માંગતા હોવ તો પાર્ટીવેર લોન્ગ ગાઉન અથવા શોર્ટ વનપીસમાં એનિમલ પ્રિન્ટની પસંદગી કરી શકો.

## સ્ટાઈલિસ દેખાવા એનિમલ પ્રિન્ટેડ એસેસરીઝ-ફૂટવેર પસંદ કરો

એનિમલ પ્રિન્ટેડ ડ્રેસમાં તમે એસેસરીઝમાં ફન્કી એસેસરીઝની પસંદગી કરી શકો છો. જેમ કે જિન્સ સાથે આ પ્રિન્ટના ટોપ્સ પહેરતાં હોવ તો સાથે પ્લેઇન સ્ટોલ રાખવો, ફન્કી ઔઇયરિંગ્સ પહેરવી અને સાથે સાથે હાથમાં બ્રેસ્લેટ કે વોચ પહેરી શકો છો. ફૂટવેરની વાત કરીએ તો એનિમલ પ્રિન્ટમાં તમામ પ્રકારના ફૂટવેર સારા લાગશે. વળી બજારમાં આ પ્રિન્ટના ફૂટવેર પણ ઉપલબ્ધ છે. શરત માત્ર એટલી જ કે તમારે તમારા ડ્રેસને અનુકૂળ ફૂટવેર લેવા. મતલબ કે પાર્ટીવેર ડ્રેસ હોય તો હિલ્સની પસંદગી કરવી અને બહાર ફરવા જવાનું હોય તો ફન્કી કે કેઝયુઅલ લઇ શકો છો.


THIS WEEK SPECIAL SALE

SALE FROM DECEMBER 06, SATURDAY TO DECEMBER 15 SUNDAY.

SALE START THIS WEEKEND

સેલનો સમય: સવારે ૧૧.૦૦ થી સાંજે ૭.૩૦

U.K. SWEATER HOUSE

Visit The Store This Weekend.

હવે યુકેના સ્વેટર યુકેથી શું કામ મંગાવીએ ? યુકે સ્વેટર હાઉસમાંથી જ યુકેના સ્વેટર મેળવીએ



ધમાકા સેલ... ધમાકા સેલ... ધમાકા સેલ...

યુ.કે. સ્વેટર લેવા માટે જે ભાઈબહેનો ઘણા સમયથી યુ.કે. સ્વેટરના સ્ટોર પર જતા હતા પરંતુ તેમને સ્વેટર મળતું ન હતું અને તેમને નિરાશા થતી હતી. પરંતુ આ વર્ષે તહેવારોની સીઝનમાં સ્વેટર અને કૂર્તિનો સેલ લાગી ગયો છે. ૬ ડિસેમ્બર થી ૧૫ ડિસેમ્બર સુધી ચાલનારા યુ.કે. સ્વેટરના સેલને બિલકુલ પણ તમે મિસ ન કરતા આ સ્વેટરના શિપમેન્ટમાં અલગ અલગ પ્રકારના વુમન સ્વેટર અને કૂર્તિ મળશે.

New shipment Ladies coat arrived in many design and colors

જલ્દી કરો આ ઓફર બીજીવાર નહીં મળે

- SLECTED LADIES AND GENTS CARDIGAN $30 EACH 4 FOR $100
- SLECTED LADIES CARDIGAN $35 EACH 3 FOR $100
- SLECTED LADIES CARDIGAN $40 EACH 3 FOR $110
- ALSO $50-$60 CARDIGAN AVAILABLE

સેલનો લાભ ઉઠાવવા શો-રૂમની મુલાકાત લો

જો તમે ગુજરાત જતા હો તો તમારા સ્વજનો માટે સ્વેટર લેતા જાઓ.
યુકેથી કેનેડા આવતા સ્વજનો જે રીતે યુકે સ્વેટર્સની માંગ કરે છે
તે જ રીતે ગુજરાતના તમારા સગાવહાલાઓ પણ યુકે સ્વેટર્સની માગ કરે છે

NO EXCHANGE
NO REFUND
FINAL SALE



Karol Bagh Plaza, 1098, Peter Robertson Blvd., #18,
Brampton, Ontario (Torbram & Peter Robertson)
FROM EAST - TAKE 401 W AND 410 N TO BOVAIRD Dr. E AND TURN LEFT ON TORBRAM RD. RIGHT ONTO PETER ROBERTSON Blvd.
Tel: 905-789-8514

# મકાનની વધતી માંગને પહોંચી વળવામાં બજાર નિષ્ફળ

## નવેમ્બરમાં ટોરન્ટોમાં મકાનોના વેચાણમાં તથા કિંમતોમાં ગત વર્ષની સરખામણીમાં ૧૪.૨%નો વધારો, ગ્રેટર વેનકુંવરમાં મકાનોનું વેચાણ ૫૫.૩% થયું

વેનકુંવર : મંદીના કેટલાક વર્ષો બાદ કેનેડાના બે મહત્વના હાઉસિંગ બજારોમાં ફરીથી તેજી જોવા મળે છે અને એવું લાગે છે કે, તેઓ ફરીથી તેના જુના દિવસોનો અનુભવ કરી રહ્યા છે. કારણ કે, હાલના સમયગાળામાં હાઉસિંગ માર્કેટ વેચાણ અને ભાવ એમ બંને ક્ષેત્રમાં તેજીનો અનુભવ કરી રહ્યા છે.

નવેમ્બર મહિનામાં ટોરન્ટોમાં મકાનોના વેચાણમાં તથા તેની કિંમતોમાં ગયા વર્ષની સરખામણીમાં ૧૪.૨%નો વધારો થયો હતો એમ ટોરન્ટો રિયલ એસ્ટેટ બોર્ડે બુધવારે જણાવ્યું હતું. મકાનોમાં ભારે વેચાણને કારણે કેટલીક જગ્યાએ ભાવ પણ ઉંચકાયા છે. એ મહિનામાં વેચાણની સરેરાશ કિંમત ગયા વર્ષ કરતા ૭.૧% વધી હતી અને કિંમત ૮૪૩,૪૩૭ ડોલર થઈ હતી. જયારે બોર્ડની સંયુક્ત બેન્ચમાર્ક કિંમતોમાં પણ ૬.૮%નો વધારો થયો હતો.

ડિટેચ્ડ હોમનું વેચાણ ગત વર્ષ કરતા ૨૩.૮% વધ્યું હતું અને કિંમતમાં ૩.૫%ના વધારા સાથે કિંમત ૧.૦૪ મિલિયન ડોલર થઈ હતી.

ગયા વર્ષ કરતા આ વર્ષમાં કોન્ડોનું વેચાણ ૧% જયારે ભાવમાં ૧.૧૧%ના વધારા સાથે ૬૧૭,૬૫૮ ડોલર થઈ હતી. બોર્ડે કહ્યું હતું કે, વસ્તીમાં થઈ રહેલો સખત વધારો અને મોરગેજના દરોમાં થયેલા ઘટાડાના કારણે ખરીદનારાઓ અને વેચનારાઓની વચ્ચે હરિફાઈ વધી છે.

ગ્રેટર ટોરન્ટો અને ગ્રેટર વેનકુંવર એમ બંને બજારોમાં ખરીદનારાઓની યાદીમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. વાર્ષિક ઘટાડો ૧૭.૯% હતો. જયારે ટોરન્ટોમાં પણ ખરીદનારાઓની યાદમી ૨૭.૨%નો ઘટાડો થયો હતો. જે ગયા વર્ષ કરતા ૧૨.૫% નો વધારો હતો.

નવેમ્બરમાં ગ્રેટર વેનકુંવર ખાતે મકાનોનું વેચાણ વધીને ૫૫.૩% થયું હતું. જે ગયા વર્ષના આ જ મહિનાની સરખામણીમાં વધારે હતું. પરંતુ સરેરાશ સરખામણી કરવા જઈએ તો ગયા વર્ષ કરતા આ વર્ષે વેચાણમાં સરેરાશ વધારો માત્ર ૧૦%નો જ થયો છે એમ રિયલ એસ્ટેટ બોર્ડ ઓફ ગ્રેટર વેનકુંવરે જણાવ્યું હતું.

વેનકુંવરમાં ડિટેચ્ડ હાઉસના ભાવ ઘટતા અટક્યા હતા. જે ઓક્ટોબર મહિનામાં ૦.૩%ના વધારા સાથે ૧.૪૧૫ મિલિયન ડોલર થયો હતો. પરંતુ તે છતાં ગયા વર્ષ કરતા વેચાણ અને કિંમત બંને ૫.૮% ઓછા રહ્યા હતા.

વેનકુંવરમાં કોન્ડોના ભાવમાં હજુ પણ ઘટાડો ચાલી રહ્યો છે. ઓક્ટોબરમાં ૦.૨%નો ઘટાડો થયો હતો જે તેના બેન્ચમાર્ક ભાવ ૩.૮% એટલે કે, ૬૫૧,૫૦૦ ડોલરથી પણ નીચો રહ્યો હતો.

# સીનિયર્સની સભામાં બીલીવુડના ગીતો ગુંજ્યા

• સભ્યોને બર્થ ડે નિમિત્તે કાર્ડ અને પુષ્પો આપી શૂભેચ્છા પાઠવાઈ



મિસીસાગા : ગુજરાતી સીનિયર્સની માસિક સભા ગત રવિવાર તા. ૧-૧૨-૨૦૧૯ના રોજ મિસીસાગા સેકન્ડરી સ્કૂલ ખાતે મળી હતી. સૌપ્રથમ પ્રભુ પ્રાર્થના થયા બાદ સુધાબેન પંચમતિયા તેમજ પ્રવિણભાઈ મહેતાએ કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. ઘણાં સમય બાદ ઈલાબેન દેવાણીએ બોલીવુડના ગીતો પર આધારિત હળવી કસરતો કરાવી હતી. ત્યારબાદ કિશોરભાઈ દેસાઈએ પ્રસિદ્ધ કવિ અંકિત ત્રિવેદી રચિત કાવ્યનું પઠન કર્યું હતુ. કાવ્ય પઠન બાદ જગુભાઈ તથા ચીમનભાઈ મિસ્ત્રી અને તેમના ગ્રુપ તરફથી ડાન્સ રજૂ થયો હતો. જે બાદ કલાબેન પટેલે અગત્યની જાહેરાતો કરતા આગામી મીટીંગ ૧૨મી જાન્યુઆરીએ આજ સ્કૂલમાં અને ૯મી ફેબ્રુઆરીએ પાયલ બેંકવેટ હોલ ખાતે વેલેન્ટાઈન ડેને અનુલક્ષીને રાખવામાં આવી હોવાનું જણાવ્યું હતુ.

આ ઉપરાંત ૧૮મી જાન્યુઆરીના રોજ સક્ષમ સંસ્થા દ્વારા બોલીવુડના ગીતોના કાર્યક્રમ લેઈસ્ટર બી પીએસન થીએટર બ્રામ્પ્ટન ખાતે આયોજિત હોઈ, કાર્યક્રમમાં ભાગ લેવા સૌને અપીલ કરાઈ હતી. ત્યારબાદ જે સભ્યોની બર્થ ડે ચાલુ માસમાં હોય તેઓને કાર્ડ તથા પુષ્પો આપી શૂભેચ્છા પાઠવાઈ હતી. ચીમનભાઈ મિસ્ત્રી તથા તેમના ગ્રુપ દ્વારા ત્રિઅંકી નાટક રજૂ કરાયું હતુ અંતે રીટાયર્ડ ડોકરટ નાઝીમભાઈ દ્વારા જૂના ફિલ્મી ગીતો, હળવા જોકસ તેમજ કેટલીક રજૂઆતો કરાઈ હતી. નાઝીમભાઈએ ગાયકો તથા ગઝલકારોની રચનાઓને સંગીત સાથે રજૂ કરી સૌને તાલ સાથે મન મુકી ડોલાવ્યા હતા.

# નકલી ક્રિસ્મસ ટ્રીની જાહેરાતને પગલે કેનેડાના ખેડૂતો દ્વારા વિરોધ

• જાહેરાતમાં નકલી વૃક્ષને પર્યાવરણનો મિત્ર ગણાવાયો

ઓન્ટેરિયો : કેનેડાના ક્રિસ્મસ ટ્રીની ખેતી કરતા ખેડૂતોએ કેનેડિયન ટાયર્સની જાહેરાતનો વિરોધ કર્યો છે. આ જાહેરાતમાં નકલી ક્રિસ્મસ ટ્રીને પર્યાવરણ મિત્ર તરીકે ઓળખાવ્યું છે અને ખેડૂતો તરફથી તૈયાર કરવામાં આવતા ક્રિસ્મસ ટ્રીનો એક વિકલ્પ હોવાનું જણાવવામાં આવ્યું છે.

ડાઉની ટ્રી ફાર્મ એન્ડ નર્સરી કે જે કયૂબેકના હેટલી ખાતે આવેલી છે તેના સંચાલક જિમી ડાઉનીએ જણાવ્યું હતું કે, આ નકલી ટ્રી ઓઈલ પર આધારિત ઉત્પાદનોમાંથી બનાવવામાં આવે છે. જેનું ફેબ્રીકેશન ચીન જેવા અન્ય દેશોમાં કરવામાં આવે છે. તેથી તે પર્યાવરણ માટે ઈચ્છનીય નથી. કયૂબેક ક્રિસ્મસ ટ્રી પ્રોડ્યૂસર્સ એસોશિયેશનના અધ્યક્ષ છે તે ડાઉનીએ જણાવ્યું હતું કે, આ નકલી ક્રિસ્મસ ટ્રી પર્યાવરણમાં ભળી જતા નથી કે તેનો ફરીથી ઉપયોગ કરી શકાતો નથી. તેમણે કહ્યું હતું કે, પ્રાકૃતિક ક્રિસ્મસ ટ્રી ૧૫ વર્ષ સુધી આપણને ઓક્સિજન આપતા રહે છે અને આમ પર્યાવરણને મદદરૂપ બને છે. તેથી આ વૃક્ષો પર્યાવરણ માટે સારા છે.

એશોસિયેશને કેનેડિયન ટાયરની જાહેરાતનો ભારે વિરોધ કર્યો હતો.

# હેંગરમાં વડાપ્રધાનના વિમાનને અકસ્માત, એન્જિનને નુકસાન

ટોરન્ટો : વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને ભવિષ્યમાં હવાઈદળના વિમાનમાં પ્રવાસ કરવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. જે તેમને પસંદ નથી. સી.સી.-૧૫૦ પોલારિસ એર બસ કે જે વડાપ્રધાનને વિશ્વમાં યોજાતા જુદા-જુદા કાર્યક્રમોમાં જવા માટે ઉપયોગમાં આવતું હતું તેને હાલમાં હેંગરમાં અકસ્માત નડ્યો હતો. આશરે ૩૦ વર્ષ જૂનું પ્રવાસીઓ માટેનું વિમાન કે જેમાં ખાસ કેબીન બનાવવામાં આવી હતી, તે વિમાનને કોન્ટ્રાક્ટરના લોકો જાળવણી માટે ખેંચીને ટ્રેન્ટન ઓન્ટેરિયોના મોટા સૈનિક વિમાની મથક તરફ લઈ જતા જોવા મળ્યા હતા. આ વિમાનના મહત્વના માળખાને ખાસ કરીને તેના આગળના ભાગને અને ડાબી તરફના એન્જીનને નુકશાન થયું છે એમ હવાઈદળના પ્રવક્તા લેફ્ટનન કર્નલ સ્ટીવ નેટાએ જણાવ્યું હતું.

વિમાન હેન્ગરની દીવાલ સાથે અથડાઈ પડ્યું હતું. આ અકસ્માતના કારણો અને જાળવણી સબંધી શું પગલાં લઈ શકાય તેની તપાસ ચાલી રહી છે એમ નેટાએ કહ્યું હતું. વિમાનનું ઉત્પાદન કરનાર મૂળ એન્જીનીયરોની એક ટીમ અહીં આવી પહોંચી હતી અને તેમણે સમીક્ષા કરતા જણાવ્યું હતું કે, આવતા વર્ષના ઓગસ્ટ મહિના સુધી આ વિમાનનો ઉપયોગ થઈ શકશે નહિ.

# ઉત્તર કેનેડામાં પહેલી યુનિવર્સીટી સ્થાપવા માટે યુકોન વિધાનસભામાં ખરડો પસાર

• ૨૬ મિલિયન ડોલરના ખર્ચે સાયન્સ બિલ્ડીંગ બાંધવાનું આયોજન

વાઈટહોર્સ : છેવટે કેનેડાને પહેલી આર્કટિક યુનિવર્સીટી મળશે તે સ્પષ્ટ થઈ ગયું છે. ગયા સપ્તાહે યુકોનની વિધાનસભાએ યુકોન કોલેજ નામની યુનિવર્સીટી સ્થાપવાનો એક ખરડો પસાર કર્યો હતો. આ યુનિવર્સીટીમાં સ્થાનિક લોકોની રહેણી-કરણી, હવામાન અને પ્રાકૃતિક સમૃદ્ધિને મહત્વ આપવામાં આવશે.

બોર્ડ ઓફ ગવર્નર્સના ચેરમેન ટોમ ઉલિટે જણાવ્યું હતું કે, દરેક લોકો જાણતા હતા કે, અમે કંઈક વિશેષ અને મોટું કામ કરવા જઈ રહ્યા છીએ. ઉત્તર કેનેડામાં યુનિવર્સીટી સ્થાપવાનો વિચાર ૨૦૦૭થી શરુ થયો હતો અને દરેક વિસ્તારનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો અને આ વિસ્તારોના લોકોએ આર્કટિક રિસર્ચ સાથે સબંધ ધરાવતી યુનિવર્સીટી સ્થાપવી જોઈએ એવું મંતવ્ય વ્યક્ત કર્યું હતું.

નોર્ધન ફર્સ્ટ નેશન્સ છેલ્લા પચાસ વર્ષથી આવી જ યુનિવર્સીટી સ્થાપવાની માંગણી કરી રહ્યું હતું. લુનાવત અને નોર્થ વેસ્ટ ટેરીટરીઝમાં જે કોલેજો છે તે દક્ષિણની સંસ્થાઓ મુજબ ડિગ્રી આપતી હતી. હવે તેમને પણ ઉચ્ચ માધ્યમિક શિક્ષણમાં સુધારા વધારા કરી સંસ્થાઓને વધુ વ્યાપક બનાવવાનો નિર્ણય કર્યો છે.

યુકોન કોલેજે વિજ્ઞાનના વિષયમાં તથા શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિમાં પણ ફેરફાર કર્યા છે અને સ્થાનિક સંસ્કૃતિને મહત્વ આપી સ્નાતકની ડિગ્રી આપવામાં આવે છે. એક વખત જયારે કોલેજમાં પરિવર્તનો શરુ થઈ જશે ત્યાર પછી આ વિસ્તારમાં એવી પહેલી સૈક્ષણિક સંસ્થા હશે જે પોતાના નામે ડિગ્રી આપી શકશે. ડિપ્લોમા અને સ્નાતકો માટેના જે અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે તેમાં પહેલી વખત યુકોન યુનિવર્સીટીનું નામ વાંચવા મળશે.

# જસ્ટિન ટ્રુડોએ મજાક ઉડાવતા જ ટ્રમ્પ કોન્ફરન્સ અધવચ્ચે મુકી ચાલ્યા ગયા

• ટ્રમ્પે પણ ટ્રુડોને ડબલ ઢોલકી જેવી નીતિ અપનાવતા નેતા કહ્યા

વોશિંગટ્ન : અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડો વચ્ચે બુધવારે ફરી વિવાદ થયો હતો. બન્ને નેતાઓએ એક બીજાની મજાક ઉડાવી હતી. ટ્રુડોએ બકિંઘમ પેલેસમાં ચાર દેશના નેતાઓ સામે ટ્રમ્પને ચિડવ્યા હતા. તો બીજી બાજુ ટ્રમ્પે પણ જર્મનીના ચાન્સલર એન્જેલા મર્કેલ સાથેની બેઠકમાં ટ્રુડોને ડબલ ઢોલકી કહ્યા હતા. આ સમયે ડોનાલ્ડ ટ્રમ્પ તેમની સાથે થયેલી મજાકથી નારાજ થઈને તેમણે નાટો સમિટના અંતમાં જ કોન્ફરન્સ છોડી જવાનું મુનાસીબ માન્યું હતુ.

મળતીવિગતો મુજબ નાટો સેક્રેટરી જનરલ જેન્સ સ્ટોલટેનબર્ગ સાથેની બેઠકમાં ટ્રમ્પે લગભગ ૫૩ મિનીટ લાંબુ ભાષણ આપ્યું હતું. ત્યારબાદ ટ્રમ્પ ફ્રાન્સના રાષ્ટ્રપતિ મૈક્રોં સાથે ચર્ચા માટે પહોંચ્યા હતા. અહીં પણ ટ્રમ્પે લગભગ ૩૮ મિનીટ સુધી ચર્ચા કરી પ્રેસ કોન્ફરન્સમાં ભાગ લીધો હતો. ત્યારબાદ જ્યારે મૈક્રોં બકિંઘમ પેલેસમાં અન્ય નેતાઓને મળ્યા ત્યારે ટ્રુડોએ ટ્રમ્પના મોડા આવવા અંગે કટાક્ષ કર્યો હતો. આ સમય પહેલાં જોનસન મૈક્રોંને ટ્રમ્પને પૂછ્યું હતુ કે, તમને ક્યાં મોડું થઈ ગયું? આ અંગે ટ્રુડોએ વચ્ચે ટોકતા કહ્યું કે, મૈક્રોં મોડા પડ્યા છે કારણ કે તેઓ તેમની ચર્ચા પહેલા ૪૦ મિનીટથી વધારે પ્રેસ કોન્ફરન્સ કરે છે. ટ્રમ્પે ટ્રુડો અને અન્ય નેતાઓનો વીડિયો વાઈરલ થયા બાદ જર્મન ચાન્સલર એન્જેલા મર્કેલ સાથે બેઠકમાં કહ્યું કે, 'ટ્રુડો ડબલ ઢોલકી જેવી નીતિ અપનાવે છે. હું તો તેને સારો માણસ સમજતો હતો, પણ સાચું તો એ છે કે તે મારી વાતથી નારાજ થઈ ગયા છે. તેમની પાસે પૈસા છે. તેઓ જેટલા ખર્ચ કરી રહ્યા છે તેમણે તેના કરતા વધારે ખર્ચ કરવા જોઈએ'

# ક્વિન્સવિલે હાઈવે ઉપર હોકીની ટીમને લઈ જતી બસ લપસી પડી

અકસ્માતમાં એક ૧૩ વર્ષીય ખેલાડીના હાથમાં ફ્રેકચર



ટોરન્ટો : શનિવાર બેરવિક એનએસથી મેજર બેન્ટમ હોકી ટીમને લઈ જતી બસ હાઈવે ૧૦૫ ઉપર ક્વિન્સવિલે ઈન્વર્નેસ કાઉન્ટીમાં લપસી પડી હતી.

આર.સી.એમ.પી.એ કહ્યું હતું કે, શનિવારે બપોરે આશરે ૨:૧૮ કલાકે આ બનાવ બન્યો ત્યારે બસમાં ડ્રાઈવર સહિત બે કોચ અને ૧૯ ખેલાડી પ્રવાસ કરી રહ્યાં હતાં. આ અકસ્માતમાં એક ૧૩ વર્ષીય ખેલાડીનો હાથ ભાંગ્યો હતો તેને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો. અન્ય કોઈ પણ ખેલાડીને ઈજા થઈ ન હતી. આ અકસ્માતનું કારણ જાણી શકાયું નથી અન્ય વાહનો રસ્તા પર સ્લિપ થઈ ગયાં હતાં એમાં બસ લપસી પડવાના બનાવનો ઉમેરો થયો છે એમ પોલીસ કોન્સ્ટેબલ ચેડ મોરિસને જણાવ્યું હતું.

# ફાઈબરયુક્ત ડાયટથી રહો ફીટ એન્ડ ફાઈન

અવારનવાર કબજિયાતની સમસ્યા, પેટ ખરાબ રહેવું, ખાટા ઓડકાર, વારંવાર મોઢું આવી જવું વગેરે ફરિયાદ રહેતી હોય તો એ માટે ફાઈબરની ખામી કારણભૂત હોઈ શકે છે. ફાઈબરવાળો ખોરાક એટલે રેસાથી ભરપૂર ભોજન. ફાઈબર શરીરને ઊર્જાવાન બનાવે છે. એના સેવનથી પેટ સાફ રહે છે અને શરીરની રોગપ્રતિકારક શક્તિ પણ જળવાઈ રહે છે. સ્ત્રીઓ માટે દિવસમાં ૨૫ ગ્રામ અને પુરુષો માટે લગભગ ૩૫થી ૪૦ ગ્રામ ફાઈબર જરૂરી છે. ફાઈબર મુખ્યત્વે બે પ્રકારના હોય છે, સોલ્યુબલ એટલે કે દ્રાવ્ય ફાઈબર અને ઈન્સ્યોલ્યુબલ એટલે કે અદ્રાવ્ય ફાઈબર. દ્રાવ્ય ફાઈબર ધીરે-ધીરે ઓગળીને પચી જાય છે અને હૃદયરોગનું જોખમ ઓછું કરવું, લોહીમાં શર્કરાના પ્રમાણ પર નિયંત્રણ રાખવું, ખરાબ કોલેસ્ટ્રોલમાં ઘટાડો કરવો વગેરે જેવા કાર્યો કરે છે. અદ્રાવ્ય ફાઈબર પાચનક્રિયા દરમિયાન પચતું નથી અને મળત્યાગની પ્રક્રિયા સરળ બનાવે છે. આજે વાત કરીએ રોજિંદા જીવનમું પયોગમાં લેતા હોઈએ એવા ફાઈબરના મહત્વપૂર્ણ કેટલાક સ્ત્રોતો વિશે.

## લીલા વટાણા

લીલા વટાણામાંથી પણ શરીર માટે ઉપયોગી અને એવા સારા એવા પ્રમાણમાં ફાઈબર પ્રાપ્ત થાય છે. ફોઝન હોય કે બાફેલા, સૂકા હોય કે ફ્રેશ વટાણાનો કોઈપણ સ્વરૂપમાં ભોજનમાં સમાવેશ કરવાથી શરીરમાં ફાઈબરની માત્રા વધારી શકાય છે. ૧૦૦ ગ્રામ વટાણામાંથી આશરે પાંચ ગ્રામ ફાઈબર મળી રહે છે.

## ફળો

છાલ સાથે સફરજન ખાવાથી સારી એવી માત્રામાં ફાઈબર મળી રહે છે. ૧૦૦ ગ્રામ સફરજનમાં અંદાજે ૨.૪ ગ્રામ ફાઈબર હોય છે. એ જ રીતે ૧૦૦ ગ્રામ કેળામાંથી ૨.૬ ગ્રામ અને ચેરીમાંથી ૧.૬ ગ્રામ જેટલું ફાઈબર મળી રહે છે.





## બ્રોકોલી

બ્રોકોલી એટલે કે તે એક ફ્લાવરનો જ પ્રકાર છે તેમ પણ કહી શકાય. ડાયેટ કોન્સિયસ લોકો આહારમાં તેનો ઉપયોગ કરવાનું પસંદ કરે છે. બ્રોકોલી એટલે ફાઈબરનો વધુ એક મહત્ત્વપૂર્ણ સ્ત્રોત. બ્રોકોલીનો ઉપયોગ ખૂબ જ સારી રીતે ધોઈને કરવો જોઈએ. આ બ્રોકોલી શરીરમાં ફાઈબરની સાથે ખુબ હેલ્થી પણ છે.

## ફાઈબરયુક્ત રાજમા, વાલ

ઉત્તર ભારતીયોના મનપસંદ રાજમા અને ગુજરાતીઓની રસોઈમાં જોવા મળતા વાલ ફાઈબરનો સારો સ્ત્રોત છે. ૧૦૦ ગ્રામ રાજમામાંથી લગભગ ૧૬ ગ્રામ જેટલું ફાઈબર મળી રહે છે.

## કઠોળ

કઠોળમાં દ્રાવ્ય અને અદ્રાવ્ય એમ બંને પ્રકારનો ફાઈબર સમાવિષ્ટ હોય છે, જેથી કબજિયાતની સમસ્યા અટકાવે છે તથા કોલેસ્ટ્રોલ ઘટાડવામાં તેમજ ડાયાબિટીસ નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે.

## ઓટ્સ

શરીરમાં ફાઈબરની જરૂરિયાત પૂરી કરવા માટે ઓટ્સ એક સારો આહાર છે. સો ગ્રામ ઓટ્સમાં અંદાજે ૧.૭ ગ્રામ ફાઈબર હોય છે.

## નાસપતિ

નાસપતિ ફાઈબરના શ્રેષ્ઠ સ્ત્રોતોમાંનું એક છે. એક મધ્યમ આકારના નાસપતિમાં લગભગ ૫ ગ્રામ ફાઈબર હોય છે.

## રાસબરી

દેખાવમાં નાની લાગતા સ્વાદિષ્ટ ફળ રાસબરીમાંથી ફાઈબર મળે છે. એક રાસબરીમાં લગભગ ૮ ગ્રામ જેટલું ફાઈબર રહેલું હોય છે.

## દાળ

પીળી મગની દાળમાં ૪૮% ફાઈબર હોય છે. ૧૦૦ ગ્રામ ચણા, અડદ, તુવેર અને ફોતરાવાળી દાળમાં અનુક્રમે ૧૦ ગ્રામ, ૧૮ ગ્રામ, ૧૫ ગ્રામ અને ૧૬ ગ્રામ જેટલું ફાઈબર સમાવિષ્ટ હોય છે.

## બ્રાઉન રાઈસ

સ્વાસ્થયની દૃષ્ટિએ બ્રાઉન રાઈસ, વ્હાઈટ રાઈસ કરતું તમ છે. પોલિશ કર્યા વિનાના ચોખા એટલે કે બ્રાઉન રાઈસમાં પ્રચુર માત્રામાં ફાઈબર રહેલું હોય છે. એક કપ બ્રાઉન રાઈસમાં આશરે ૩.૫ ગ્રામ ફાઈબર હોય છે.


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest
✔ Mice
✔ Rat
✔ Cockroach
✔ Bedbug
✔ Animal Control
✔ Bird Control
✔ Wasps &
✔ Hive Removal

*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***
Written Guarantee And Discounted Rates
We speak English, Gujarati & Hindi
CPMA - ACGP
SPMAO
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International
SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator
647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca
24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH

♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ Visitors to Canada Insurance
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"

SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM

# રેપો રેટમાં ઘટાડા પર RBIની બ્રેક, સેન્સેક્સ ૭૦ પોઈન્ટ ઘટીને ૪૦૭૮૦

• આઈટી શેરોમાં આકર્ષણ : બૅંકિંગ, મેટલ, ઓઈલ, ઓટો શેરોમાં નરમાઈ

મુંબઈ : ભારતીય અર્થતંત્ર ડામાડોળ થયાના સ્પષ્ટ સંકેત મળી રહ્યા છે. રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા દ્વારા ધિરાણ નીતિની સમીક્ષામાં આજે વ્યાજ દરમાં ઘટાડાને અણધારી બ્રેક લગાવી અનપેક્ષિત રેપો રેટ યથાવત રાખવામાં આવતાં અને ભારતના આર્થિક વિકાસ-જીડીપી વૃદ્ધિનો ચાલુ નાણાકીય વર્ષ માટેનો અંદાજ ઘટાડીને પાંચ ટકા મૂકવામાં આવતાં નિરાશામાં આજે ફંડોએ ઈન્ડેક્સ બેઝડ અફડાતફડીના અંતે નરમાઈ બતાવી હતી. રેપો રેટમાં ઉદ્યોગ-કોર્પોરેટ ઈન્ડિયાની વધુ ઘટાડાની અપેક્ષાથી વિપરીત રિઝર્વ બૅંક દ્વારા આજે ઘટાડાને બ્રેક મારતાં અને ફુગાવાની ચિંતા સાથે આર્થિક અધોગતિના એક પછી એક આવી રહેલા આંકડાએ આર્થિક વૃદ્ધિનો અંદાજ ઘટાડતાં નારાજ ઈન્વેસ્ટરો-ફંડોએ બૅંકિંગ-ફાઈનાન્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ, ઓટોમોબાઈલ, ફાર્મા શેરોમાં ઓફલોડિંગ કર્યું હતું. અલબત આજે ઈન્ડેક્સ બેઝડ બે-તરફી અફડાતફડી જોવાઈ હતી. આઈટી-સોફટવેર સર્વિસિઝ શેરોમાં ફંડોએ નવેમ્બર ૨૦૧૯ના સર્વિસિઝ પીએમઆઈના આંક વધીને આવ્યાની પોઝિટીવ અસરે સતત શોર્ટ કવરિંગ સાથે લેવાલી કર્યા સાથે કેપિટલ ગુડઝ-પાવર શેરોમાં પણ શોર્ટ કવરિંગ સાથે વેલ્યુબાઈંગ કર્યું હતું. રૂપિયા સામે અમેરિકી ડોલર આજે ૨૫ પૈસા ઘટીને રૂ.૭૧.૨૪ રહ્યો હતો. જ્યારે ક્રુડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ સાધારણ વધી આવ્યા હતા. બે-તરફી અફડાતફડીના અંતે સેન્સેક્સ ૭૦.૭૦ પોઈન્ટ ઘટીને ૪૦૭૭૯.૫૯ અને નિફટી સ્પોટ ૨૪.૮૦ પોઈન્ટ ઘટીને ૧૨૦૧૮.૪૦ બંધ રહ્યા હતા. સેન્સેક્સ અફડાતફડીમાં નીચેમાં ૪૦૭૨૦ સુધી આવી અંતે ૭૧ પોઈન્ટ ઘટીને ૪૦૭૮૦ સાથે આજે સાધારણ મજબૂતીએ થઈ હતી.

# ફોરેક્સ રિઝર્વનો આંકડો પ્રથમ વખત ૪૫૦ અબજ ડોલરને પાર

• વર્તમાન નાણાં વર્ષના પ્રારંભથી અત્યારસુધીમાં ૩૮.૮૦ અબજ ડોલરનો ઈન્ફલોઝ રહ્યો

મુંબઈ : ૩ ડીસેમ્બર સુધીમાં દેશના ફોરેકસ રિઝર્વનો આંક વધીને ૪૫૧.૭૦ અબજ ડોલરની સપાટી પાર કરી ગયો હોવાનું રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા જણાવાયું હતું.વર્તમાન નાણાં વર્ષના પ્રારંભથી ફોરેકસ રિઝર્વમાં ૩૮.૮૦ અબજ ડોલરનો વધારો થયો છે, જે તાજેતરના વર્ષોમાં સૌથી મોટો વધારો છે, એમ રિઝર્વ બેન્કના ગવર્નર શક્તિકાંત દાસે જણાવ્યું હતું.

છેલ્લા કેટલાક સપ્તાહથી ફોરેકસ રિઝર્વમાં સતત વધારો થઈ રહ્યો છે અને ૪૫૦ અબજ ડોલરની સપાટી પ્રથમ જ વખત પાર કરી છે. દેશના મૂડી બજારમાં વિદેશી નાણાંના પ્રવાહને કારણે આ વધારો જોવા મળી રહ્યો છે. વિતેલા નવેમ્બર માસમાં ફોરેન ઈન્સ્ટિટયૂશનલ ઈન્વેસ્ટર્સ દ્વારા ભારતીય ઈક્વિટીઝમાં ૩.૨૦ અબજ ડોલરનું નેટ ઈન્વેસ્ટમેન્ટ કરાયું છે જે વર્તમાન નાણાં વર્ષમાં અત્યારસુધીનું સૌથી વધુ છે. વર્તમાન નાણાં વર્ષમાં એફઆઈઆઈએ ભારતીય ઈક્વિટીઝમાં ૧૩.૫૦ અબજ ડોલરનું નેટ રોકાણ કર્યું છે અને સતત ત્રણ મહિના તેઓ નેટ બાયર્સ રહ્યા છે. આર્થિક વિકાસના નીચા દર વચ્ચે પણ વિદેશી નાણાંનો ઈનફલોઝ નોંધપાત્ર રહ્યો છે.

# ફોબ્સની યાદીમાં અઝીમ પ્રેમજી ચમક્યા, એશિયાનાં દાનવીરોમાં અગ્રેસર રહ્યા

બેંગ્લોર : અઝિમ પ્રેમજી એક એવું નામ છે કે જેઓ પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી રાખે છે. તેઓએ બિઝનેસમાં તો ખાસ્સું નામ કમાવ્યું જ છે, પણ સાથે જ પોતાની મહેનતને કારણે કંપનીને એક નવા શિખરે પહોંચાડી છે. તો આ સાથે અઝિમ પ્રેમજીને દાન કરવાની પોતાની આદતને કારણે લોકોમાં ઓળખ બનાવી છે. અને તે દાન પણ ફક્ત દેખાડા માટે નહીં પણ લોકોની મદદ કરવા માટે કરે છે. અઝિમ પ્રેમજીએ અત્યાર સુધી એટલું દાન કર્યું છે કે તેની મિસાલ આપવી અશક્ય છે. તેઓનાં આ જ અસાધારણ કામને કારણે તેમને વિશિષ્ટ ઓળખ મળી છે. હવે અઝિમ પ્રેમજી એશિયાના સૌથી મોટા દાનવીર બની ગયા છે. ફોર્બ્સ દ્વારા જાહેર કરવામાં આવેલાં એશિયાના સૌથી ટોપ દાનવીરની લિસ્ટમાં તેઓ ટોપ પર છે. તેઓએ ૭.૬ બિલિયન ડોલરનું દાન કર્યું છે.

# બજાજ ફાઈનાન્સના કેસનો ફેંસલો ૧૦ ડિસેમ્બર સુધીમાં કરવા સેબીને આદેશ

મુંબઈ : કાર્વી સ્ટોક બ્રોકિંગ લિમિટેડ દ્વારા ક્લાયન્ટના શેર પ્લેજ કરાયા તેની સામે સેબીએ આપેલા ઓર્ડરને પડકારતા બજાજ ફઈનાન્સ કંપનીના કેસમાં સિક્યોરિટીઝ એપેલેટ ટ્રિબ્યૂનલે સેબીને ૧૦ ડિસેમ્બર સુધીમાં આ કેસમાં નિર્ણય લેવાનો આદેશ આપ્યો હતો. સાથે જ કાર્વીએ પ્લેજ કરેલી સિક્યોરિટીઝના બાકી રહેલા ટ્રાન્સફને અટકાવી દેવાનો આદેશ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરીને આપ્યો હતો.'

બજાજનો કેસ સાંભળવા એપેલેટે સેબીને કહ્યું હતું.'' સેબીના ઓર્ડરને પડકારતા બજાજ ફઈનાન્સે કહ્યું હતું કે, આ ઓર્ડરને કારણે તેને પ્લેજ થયેલા શેરનો લાભ મળતો નથી. પ્લેજ થયેલા શેર પર તેનો હક્ક છે અને એ શેર કાર્વીના ક્લાયન્ટને પરત કરવાનો સેબીનો નિર્ણય ભૂલભરેલો છે.' સેબીના નિર્ણય સામે બજાજ ફઈનાન્સ ઉપરાંત એચડીએફ્સી બેન્ક, આઈસીઆઈસીઆઈ બેન્ક અને બીજી કેટલીક બેન્કો પણ સામેલ હતી. તેમના કેસનો ઓર્ડર પછીથી આપવામાં આવશે. સોમવારે નેશનલ સ્ટોક એક્સ્ચેન્જ અને બીએસઈએ એક્સ્ચેન્જ અને સેબીના નિયમોના ભંગ બદલ બધા જ સેગ્મેન્ટમાંના કાર્વીના ટ્રેડિંગ લાઈસન્સને સસ્પેન્ડ કર્યું હતું. એમસીએક્સ અને એમસીઈઆઈએ પણ કાર્વીનું લાઈસન્સ સસ્પેન્ડ કરવાની જાહેરાત કરી હતી.'

# ૩૭૦ દૂર કર્યા પછી અત્યાર સુધીમાં કાશમીરના અર્થતંત્રને ૧૫,૦૦૦ કરોડનું નુકસાન

શ્રીનગર : પાંચ ઓગસ્ટથી અત્યાર સુધીમાં કાશમીરના અર્થતંત્રને ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે તેમ કાશમીર ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી(કેસીસીઆઈ) પ્રમુખ શેખ આશિક હુસેને પત્રકારોને જણાવ્યું હતું. ઉલ્લેખનીય છે કે પાંચ ઓગસ્ટના રોજ જમ્મુ-કાશમીરને વિશેષ રાજ્યનો દરજજો આપતી કલમ ૩૭૦ દૂર કરવામાં આવી હતી. શેખ આશિક હુસેને જણાવ્યું હતું કે પાંચ ઓગસ્ટ પછી જમ્મુ-કાશમીરની સ્થિતિને કારણે રાજ્યના અર્થતંત્રને એક અંદાજ મુજબ ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. અમે એક સપ્તાહની અંદર નુકસાન અંગેના ચોક્કસ આંકડા રજૂ કરીશું. તેમણે જણાવ્યું હતું કે ઈન્ટરનેટ સર્વિસ બંધ હોવાને કારણે તથા દેખાવો અને હડતાળને કારણે અર્થતંત્રને નુકસાન થયું છે તથા અનેક લોકોને નોકરી ગુમાવવી પડી છે.




Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE
416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ


1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# અમદાવાદમાં ૭૦૦ કરોડનું વિશ્વનું સૌથી મોટું ક્રિકેટ ગ્રાઉન્ડ

અમદાવાદ : વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમ મોટેરાનું બાંધકામ લગભગ પૂરું થઈ જવા આવ્યું છે અને બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીના અનુસાર માર્ચ ૨૦૨૦માં એશિયા ઈલેવન તથા વર્લ્ડ ઈલેવન વચ્ચેની મેચ સાથે તેનું ભવ્ય ઉદ્ઘાટન થાય તેવી પૂરી સંભાવના છે. સરદાર પટેલ સ્ટેડિયમ મોટેરાના નિર્માણ માટે ૭૦૦ કરોડનો જંગી ખર્ચ થયો છે. સ્ટેડિયમમાં પ્રેક્ષકોની કેપેસિટી એક લાખ ૧૦ હજારની છે. હાલમાં ઓસ્ટ્રેલિયાનું મેલબોર્ન (એમસીજી) વિશ્વનું સૌથી મોટું સ્ટેડિયમ છે જેમાં એક લાખ લોકો મેચનો આનંદ માણી શકે છે. બીસીસીઆઈના વાર્ષિક સામાન્ય સભા (એજીએમ) બાદ ગાંગુલીએ સરદાર પટેલ સ્ટેડિયમ અંગેની માહિતી આપી હતી અને તેના અનુસાર ૨૦૨૦ના માર્ચમાં તેનું ઉદ્ઘાટન થઈ શકે છે. જોકે એશિયા ઈલેવન તથા વર્લ્ડ ઈલેવન વચ્ચે રમાનારી મેચ માટે આઈસીસીની મંજૂરી લેવી પડશે. પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના હસ્તે આ સ્ટેડિયમનું ઉદ્ઘાટન થઈ શકે છે.



### મોટેરા રેકોર્ડ બુક

☞સ્ટેડિયમમાં ઘણી ઇન્ટરનેશનલ તથા ડોમેસ્ટિક મેચો રમાઇ ચૂકી છે અને કેટલાક રેકોર્ડ પણ સર્જાયા છે.
☞૧૯૮૨માં જૂના સ્ટેડિયમમાં સુનીલ ગાવસ્કરે ટેસ્ટ ક્રિકેટમાં ૧૦ હજાર રન પૂરા કર્યા હતા.
☞કપિલે દેવે આ સ્ટેડિયમમાં ન્યૂઝીલેન્ડના સર રિચાર્ડ હેડલીની સર્વાધિક ટેસ્ટ વિકેટોનો રેકોર્ડ તોડયો હતો.
☞સચિન તેંડુલકરે પોતાની કારકિર્દીની પ્રથમ બેવડી સદી નોધાવી હતી.
☞૨૦૧૧ના વર્લ્ડ કપની ક્વાર્ટર ફાઇનલમાં ભારતે ઓસ્ટ્રેલિયાને પરાજય આપ્યો હતો

સ્ટેડિયમમાં કાર તથા ટુ-વ્હિલરના પાર્કિંગની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. જેમાં ચાર હજાર કાર તથા ૧૦ હજાર ટુ-વ્હિલર વાહનોનું પાર્કિંગ થઇ શકશે. સ્ટેડિયમમાં પ્રવેશ અને બહાર જવાની પણ અલગ વ્યવસ્થા કરાઇ છે.

સ્ટેડિયમનું સ્ટ્રક્ચર એવું છે કે જ્યારે કોઇ ખેલાડી બાઉન્ડ્રી મારે તો સ્ટેડિયમમાં બેઠેલો પ્રત્યેક સમર્થક બાઉન્ડ્રીને આસાનીથી નિહાળી શકશે.

### મોટેરાની રસપ્રદ બાબત

મોટેરામાં તૈયાર થયેલું સ્ટેડિયમ ૬૩ એકરમાં બનાવવામાં આવ્યું છે. તેમાં લેટેસ્ટ ટેક્નોલોજીવાળા ૫૦ કેમેરા, ઓલિમ્પિક સાઇઝનો સ્વિમિંગ પુલ તથા ૭૫ કોર્પોરેટ બોક્સ રહેશે. ભારતની સૌથી પહેલી ઇન્ડોર એકેડેમી પણ આ સ્ટેડિયમનું મુખ્ય આકર્ષણ રહેશે. જાન્યુઆરી ૨૦૧૭માં મોટેરા સ્ટેડિયમને ઝીરો લેવલ કરીને નવેસરથી નવી ડિઝાઇન સાથે તૈયાર કરવામાં આવ્યું છે. સ્ટેડિયમથી માત્ર ૩૦૦ મીટર દૂર મેટ્રો સ્ટેશન છે. ગ્રાઉન્ડમાં અગાઉ સામાન્ય ફ્લડ લાઇટ્સ હતી પરંતુ હવે તેના બદલે એલઇડી લાઇટ્સ લગાવવામાં આવી છે. નવા સ્ટેડિયમને ભૂકંપની કોઇ અસર થશે નહીં.

# રાજ્યની ખાખી વર્દી પર લાગ્યો ભયંકર દાગ, ગુજરાતમાં પોલીસ સૌથી વધુ ભ્રષ્ટ

અમદાવાદ : રાજ્યમાં હાલ જે રીતે ગુનાખોરીનું પ્રમાણ વધી રહ્યું છે તેવા કપરા સમયમાં ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ લિમિટેડે મોટો ઘટસ્ફોટ કર્યો છે. આ સર્વેમાંગુજરાત પોલીસની આબરૂના ધજાગરા ઉડાડવામાં આવ્યા છે. ગુજરાત પોલીસ દેશમાં નામાંકિત પોલીસ વિભાગોમાં સમાવેશ થાય છે, પરંતુ અચાનક રાજ્યની પોલીસને શું થઈ ગયું છે. હવે તો ગુજરાત પોલીસના હાથ પણ આરોપીઓ સામે ટૂંકા પડવા લાગ્યા છે. ખાર્ખી વદી પર દાગ લગાવતા ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ લિમિટેડે આબરૂના ધજાગર ઉડાડી દીધા છે.

હાલની ઘટનાઓની વાત કરીએ તો, વડોદરામાં યુવતી પર બે નરાધમોએ જંગલોમાં ખેંચી જઈને ગેંગરેપ કર્યો હતો. ગુજરાતના ઉર્જામંત્રી સૌરભ પટેલે બિનસરકારી સ્વતંત્ર એજન્સી ટ્રાન્સપરન્સી ઈન્ટરનેશનલ લિમિટેડ ઈન્ડિયાના 'ઈન્ડિયા કરપ્શન સર્વે ૨૦૧૯'ના સર્વેને ટાંકીને જણાવ્યું છે કે, ગુજરાતમાં દેશભરમાં સૌથી ઓછો કરપ્શન રેઈટ છે. અલબત્ત, આ મુદ્દે ઝીણવટભરી તપાસ કરાતાં એવું માલૂમ થયું છે કે, આ જ એજન્સીએ પોતાના સર્વે રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહ્યું છે કે, 'ગુજરાતમાં વર્ષ ૨૦૧૮માં ૩૧ ટકા લોકોએ કહ્યું હતું કે, સરકારી કામ માટે તેમને લાંચ આપવી પડે છે જે ટકાવારી વર્ષ ૨૦૧૯માં વધીને ૪૮ ટકા થઈ ગઈ છે'. આમ ગુજરાતના ઉર્જામંત્રી સૌરભ પટેલે સરકારની નાલેશી થાય તેવી વિગતો જાણીબૂઝીને છુપાવી, માત્ર વાહવાહી થાય તેટલી જ માહિતી અખબારી યાદીમાં આપી છે. અખબારી યાદી જારી કરવામાં આવી તેનો સમય પણ પસંદ કરવામાં આવ્યો હોય એમ લાગે છે.

# ધ્રાંગધ્રામાં મોબાઈલમાં મશગુલ પતિએ ટ્રેક્ટરથી પત્નીને કચડી

- પત્નિ કટરમાં ફસાઈ જતાં બન્ને પગ કપાયા : એક કલાકની ભારે જહેમત બાદ કપાયેલ પગ સાથે પત્નિને બહાર કઢાઈ

ધ્રાંગધ્રા : ધ્રાંગધ્રાના સોલડી ગામની સીમમાં પતિ-પત્ની કપાસની સાઠીયું પાડી રહ્યા હતા. આ સમયે ટ્રેક્ટર ચલાવતા પતિ મોબાઈલમાં વાત કરવામાં એટલો મશગૂલ હતો કે, વાતમાં ને વાતમાં તેણે પોતાની પત્નીને ટ્રેક્ટરની અડફેટે લીધી હતી. પત્ની કટરમાં એટલી ખતરનાક રીતે ફસાઈ ગઈ હતી, કે છેવટે તેના બંને પગ કાપવા પડયા હતા. પત્નીની ચીસાચીસ અને રોકકળની બૂમો સાંભળી પતિએ ટ્રેક્ટર બંધ કરી દીધુ હતુ.

આસપાસના લોકો પણ ત્યાં દોડી આવ્યા હતા. એક કલાકની ભારે જહેમત બાદ આખરે કપાયેલા પગ સાથે પત્નીને બહાર કાઢી તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી. જો કે, તેણીને વધુ સારવારની જરૂરિયાત ઉભી થતાં તેને અમદાવાદ લઈ જવાઈ હતી. આ બનાવને પગલે સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. પત્નીના પગ કપાઈ જવાના સમાચાર પ્રસરતાં સ્થાનિક લોકોમાં ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી.

## ગુજરાતના ૨૯માં મુખ્ય સચિવ તરીકે વિધિવત ચાર્જ સંભાળતા અનિલ મુકિમ

અમદાવાદ : ગુજરાત કેડરના ૧૯૮૫ બેચના વરિષ્ઠ સનદી અધિકારી અનિલ મુકિમે આજે સાંજે ગુજરાતના ૨૯માં મુખ્ય સચિવ તરીકે ગાંધીનગર ખાતે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. આ પ્રસંગે નિવૃત્ત થતાં મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંઘે નવ નિયુક્ત મુખ્ય સચિવ અનિલ મુકિમને આવકારીને વિધિવત રીતે ચાર્જ સોંપીને સુદિર્ઘ કારકિર્દી માટે શુભેચ્છા પાઠવી છે. અનિલ મુકિમે સનદી અધિકારી તરીકે નાણા, મહેસૂલ, સ્વાસ્થ્ય જેવા વિવિધ વિભાગના વડા તરીકે કામગીરી કરવાનો બહોળો અનુભવ ધરાવે છે. ઉપરાંત ગુજરાતના જનરલ એડમિનિસ્ટ્રેટિવ ડિપાર્ટમેન્ટમાં એડિશનલ ચિફ સેક્રેટરી તરીકે જવાબદારી નિભાવી હતી. તેઓ છેલ્લે કેન્દ્ર સરકારના ખાણ અને ખનીજ વિભાગના સચિવ તરીકે સેવા આપી ચૂકયા છે. મુખ્ય સચિવ અનિલ મુકિમે નિવૃત્ત થતાં પૂર્વ મુખ્ય સચિવ ડૉ. જે.એન.સિંઘને તંદુરસ્ત સ્વાસ્થ્ય માટે શુભેચ્છા આપી વિદાય આપી હતી.

# સુરતમાં સમાવિષ્ટ ગામોમાં સુવિધા માટે ૪૦૦૦ કરોડનું પેકેજ આપો

- હદ વિસ્તરણ માટે મક્કમ સરકાર સમક્ષ વાસ્તવિકતા રજૂ કરવામાં ભાજપ શાસકો ઉદાસિન

સુરત- સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તરણ માટે ભાજપ તથા કોંગ્રેસના કોર્પોરેટરો જોવા મળી રહ્યા છે. ૨૦૦૬ના હદવિસ્તરણ બાદ પરિસ્થિતિ જોતા કોંગ્રેસે નવું વિસ્તરણ કરે તો પ્રાથમિક સુવિધા માટે ૪૦૦૦ કરોડ રૂપિયાના પેકેજની માંગણી કરી છે. કોંગ્રેસના અન્ય કોર્પોરેટરે પહેલા જૂના વિસ્તારમાં પ્રાથમિક સુવિધા સંપૂર્ણ કરવાની પણ માંગણી કરી છે.

ગુજરાત સરકાર સુરત મ્યુનિ.ના હદ વિસ્તરણ માટે મક્કમ જોવા મળી રહી છે. હદ વિસ્તરણ થતાની સાથે જ પ્રાથમિક સુવિધાનો ગ્રાફ ઊલટો થઈ જવાની પૂરેપૂરી શક્યતા છે. જોકે ભાજપ શાસકો સરકારના આ નિર્ણય સામે ચુપ બેઠા છે. પરંતુ કોંગ્રેસના કોર્પોરેટરોએ હદ વિસ્તરણ બાદ પ્રાથમિક સુવિધા માટે ૪૦૦૦ કરોડના પેકેજની માંગ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે. અસ્લમ સાઈકલવાલાએ જણાવ્યું છે કે, ૨૦૦૬માં વિસ્તરણ થયું ત્યારે કેન્દ્રની યુપીએ સરકાર દ્વારા જેએનયુઆરએમ યોજના અંતર્ગત માળખાગત સુવિધા માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી હતી. હાલ મ્યુનિ.ની આર્થિક સ્થિતિ સારી નથી. જેથી હદ વિસ્તરણ થાય તો તે નવા વિસ્તારોમાં પ્રાથમિક સુવિધા પુરી પાડવા જતા આર્થિક સ્થિતિ વિકટ બની શકે છે.

## નિત્યાનંદની સાધિકાઓ પ્રાણપ્રિયા અને પ્રિયાતત્વાની જામીન અરજી ફગાવાઈ

અમદાવાદ : હાથીજણ વિસ્તારમાં આવેલી ડી.પી. એસ. સ્કૂલમાં ચાલતા નિત્યાનંદ આશ્રમમાં બાળકોને ગોંધી રાખવાના અને તેમના પર અત્યાચાર કરવાના કેસમાં પકડાયેલી નિત્યાનંદની સાધિકાઓ પ્રાણપ્રિયા અને પ્રિયાતત્વાની કાયમી જામીનની અરજી અમદાવાદની ગ્રામ્ય કોર્ટના મેજીસ્ટ્રેટ ગરિમા યાદવે ફગાવી છે. કોર્ટે નોંધ્યુ છે કે આરોપીઓ પર સગીર વયના બાળકો પર અત્યાચારના આરોપો હોવાની બાબત અવગણી શકાય તેમ નથી. બન્ને આરોપીઓ તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે તેઓ કોઈ પ્રકારનો ગુનાઈત ઈતિહાસ ધરાવતા નથી. બન્ને મહિલાઓ છે અને ઘણાં સમયથી જેલમાં બંધ છે તેથી કોર્ટે તેની જામીન આપવાની સત્તાનો ઉપયોગ કરવો જોઈએ. જેની સામે પોલીસ તરફથી સરકારી વકીલ આઈ.એ. નાગોરીની રજૂઆત છે કે આ કેસનો મુખ્ય આરોપી નિત્યાનંદ હજુ ફરાર છે.

# ૨૦૧૯-૨૦નો જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા રહેશે : ભારતીય રિઝર્વ બેન્કનું અનુમાન

મુંબઈ : ભારતીય રિઝર્વ બેન્કની ૬ સભ્યોની મોનેટરી પોલિસી કમિટીએ ગુરુવારે એકોમોડેટિવ વલણ યથાવત રાખતાં દેશનું અર્થતંત્ર સંકટમાંથી પસાર થઈ રહ્યું હોવાના દાવાઓને માન્યતા આપી દીધી છે. કમિટીએ ૨૦૧૯-૨૦ના વર્તમાન નાણાકીય વર્ષના જીડીપી ગ્રોથરેટમાં ૧.૧ ટકાનો તોતિંગ ઘટાડો કર્યો છે. રિઝર્વ બેન્કે વર્તમાન નાણાકીય વર્ષમાં જીડીપી ગ્રોથરેટ પાંચ ટકા પર રહેવાનું અનુમાન આપ્યું છે. અગાઉની દ્વિમાસિક સમીક્ષામાં રિઝર્વ બેન્કે ૬.૧ ટકા ગ્રોથરેટ રહેવાનું અનુમાન આપ્યું હતું. રિઝર્વ બેન્કે નિવેદનમાં જણાવ્યું હતું કે ૨૦૧૯-૨૦ના બીજા ત્રિમાસિકમાં જીડીપી ગ્રોથરેટ ધાર્યા કરતાં નોંધપાત્ર રીતે નીચો એટલે કે ૪.૫ ટકા રહ્યો હતો. વિવિધ માપસૂચકો દર્શાવે છે કે ઘરેલુ અને બાહ્ય માગ નબળી રહી છે. અમને આશા કે ચાલુ નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિકમાં વેપાર વેગ પકડે તેવી સંભાવના છે. લોન સસ્તી થશે તેવી આશાઓ પર પાણી ફેરવતાં રિઝર્વ બેન્કે સતત પાંચ વખત રેપોરેટમાં ઘટાડો કર્યા પછી આ વખતની આર્થિક સમીક્ષામાં ૫.૧૫ ટકા અને રિવર્સ રેપોરેટ ૪.૯ ટકા પર યથાવત રાખ્યો છે. ૭૦ જેટલા અર્થશાસ્ત્રીઓ પર કરાયેલા સરવેમાં જણાવાયું હતું કે, આરબીઆઈ રેપોરેટમાં ૨૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કરશે પરંતુ તેમના અર્ચ વચ્ચે રિઝર્વ બેન્કે વધી રહેલા ફુગાવાના કારણે વ્યાજ દરમાં કાપ મૂકવાનું ટાળ્યું હતું. ચાલુ વર્ષે રેપોરેટમાં સતત પાંચ વારમાં ૧૩૫ બેઝિસ પોઈન્ટનો ઘટાડો કર્યા પછી ગુરુવારે રિઝર્વ બેન્કના ગવર્નર શશિકાન્ત દાસના નેતૃત્વ હેઠળની કમિટીએ સર્વસંમતિથી વ્યાજદર યથાવત રાખવાનો નિર્ણય કર્યો હતો જેના કારણે હવે લોન સસ્તી થશે નહીં અને ઈએમઆઈ પણ યથાવત રહેશે. ગવર્નર શશિકાન્ત દાસે જણાવ્યું હતું કે, રેપોરેટ યથાવત રાખવાનો નિર્ણય હંગામી છે કારણ કે બેન્ક ૧૩૫ બેઝિસ પોઈન્ટના ઘટાડા પછી તેની નીતિની અસરની સમીક્ષા કરવા માગે છે.

# ૧ વર્ષમાં દાણચોરી કરાયેલું ૪૯૦ કરોડનું ૧૪૦૦ કિલો સોનું જપ્ત

નવી દિલ્હી : ડીઆરઆઈ અને અન્ય કસ્ટમ અધિકારીઓએ ચાલુ નાણાકીય વર્ષમાં અત્યાર સુધીમાં દાણચોરી કરીને લાવવામાં આવેલુ ૪૯૦ કરોડ રૂપિયાનું ૧૪૦૦ કીલો સોનું જપ્ત કર્યુ છે તેમ સરકાર દ્વારા જારી કરવામાં આવેલા સત્તાવાર નિવેદનમાં જણાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ(ડીઆરઆઈ) અને અન્ય કસ્ટમ વિંગે દાણચોરી કરાયેલું ૧૨૬૫ કરોડ રૂપિયાનું ૪૦૦૦ કિલો સોનું અને ૧૬૪ કરોડ રૂપિયાનું વિદેશી ચલણ જપ્ત કર્યુ હતું.

ડીઆરઆઈએ એક નિવેદનમાં જણાવ્યું છે કે ચાલુ નાણાકીય વર્ષમાં જુલાઈ સુધીમાં ૪૯૦કરોડ રૂપિયાનું ૧૩૯૦ કિલો સોનું અને ૪૨૮ કરોડ રૂપિયાનું વિદેશી ચલણ જપ્ત કર્યુ હતું.

ચાલુ નાણાકીય વર્ષમાં જુલાઈ, ૨૦૧૯ સુધીમાં સોનાની દાણચોરી કરવા બદલ ૭૮ વિદેશી નાગરિકો અને વિદેશી ચલણ દાણચોરી કરવા બદલ ૨૩ વિદેશી નાગરિકોની ધરપકડ કરવાંમાં આવી હતી.

નિવેદનમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન સોનાની દાણચોરીના કેસોમાં ૨૧૦ વિદેશી નાગરિકો અને વિદેશી ચલણની દાણચોરીના કેસોમાં ૩૫ વિદેશી નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી.

# પ. બંગાળમાં વિધાનસભાને તાળા મારી ગવર્નરને પ્રવેશ અપાયો નહીં

કોલકાતા : પશ્ચિમ બંગાળમાં ગુરુવારે ફરી એકવાર મમતા સરકાર અને ગવર્નર જગદીપ ધનખડ આમને-સામને આવી ગયા હતા. રાજ્ય વિધાનસભામાં ગવર્નરનાં પ્રવેશ માટેનાં દરવાજે તાળાં માર્યા હોવાથી અને તે બંધ હોવાથી ધનખડ વિફર્યા હતા અને નાટકીય રીતે ધરણા પર બેસી ગયા હતા. તેમણે તરત જ મીડિયા સામે હોબાળો મચાવ્યો હતો અને મમતા સરકારની કાર્યપદ્ધતિ સામે આક્ષેપો કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, વિધાનસભાનો ગવર્નરનાં પ્રવેશ માટેનો દરવાજો બંધ હોય તે આપણી લોકશાહીનાં ઈતિહાસ માટે શરમજનક છે. આવી સ્થિતિ મારા માટે અપમાનજનક છે. જોકે, પછીથી ગવર્નરે વિધાનસભાનાં બીજા ગેટ પરથી એન્ટ્રી લીધી હતી. તેમણે કહ્યું કે, વિધાનસભાનું સત્ર બે દિવસ માટે સ્થગિત રાખવામાં આવે તેનો મતલબ એવો નથી કે વિધાનસભાને બંધ રાખવામાં આવે. વિધાનસભામાં રજૂ કરવામાં આવનાર ખરડાઓને ગવર્નરની મંજૂરી મળી ન હોવાથી સ્પીકર દ્વારા વિધાનસભાનાં સત્રને બે દિવસ માટે સ્થગિત કરાયું હતું.

# કોર્પોરેટ ટેક્સ ઘટાડવાના વટહુકમનું સ્થાન લેનાર બિલને સંસદ દ્વારા લીલીઝંડી અપાઈ

- **સિતારમને કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડી ૨૨ ટકા કરવાની જાહેરાત કરી હતી**

નવી દિલ્હી : સંસદમાં આજે કોર્પોરેટ ટેક્સ ઘટાડાના વટહુકમનું સૃથાન લેનાર ટેક્સેશન લોઝ બિલ, ૨૦૧૯ને મંજૂરી આપવામાં આવી હતી. આ બિલની ચર્ચા દરમિયાન નાણા પ્રધાન નિર્મલા સિતારમને જણાવ્યું હતું કે મુજબ નવી મેન્યુફેક્ચરિંગ કંપનીઓ માટે ૧૫ ટકા ટેક્સનો દર કોમ્પ્યુટર સોફ્ટવેર ડેવલોપમેન્ટ, માઈનિંગ અને પુસ્તકોના પ્રિન્ટિંગ પર લાગુ પડશે નહીં.

લોકસભામાં સપ્તાહની શરૂઆતમાં જ આ બિલ પસાર કરવામાં આવ્યું હતું. ચર્ચા દરમિયાન સિતારમને જણાવ્યું હતું કે ૧૫ ટકા કોર્પોરેટ ટેક્સ જે કંપનીઓને લાગુ નહીં પડે તે કંપનીઓની યાદી તૈયાર કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે સિતારમને ૨૦ સપ્ટેમ્બરે કોર્પોરેટ ટેક્સ ૩૦ ટકાથી ઘટાડી ૨૨ ટકા કરવાનો નિર્ણય લીધો હતો. તે સમયે સંસદનું સત્ર ચાલુ રહ્યું ન હોવાથી સરકારે વટહુકમ જારી કરી નવા કોર્પોરેટ ટેક્સના દરો અમલી બનાવ્યા હતાં. હવે જ્યારે હાલમાં સંસદનું શિયાળુ સત્ર ચાલી રહ્યું છે ત્યારે આ વટહુકમને કાયદો બનાવા માટેના બિલને મંજૂરી આપવામાં આવી છે. સિતારમને વધુમાં જણાવ્યું હતું કે ચીન અને અમેરિકા વચ્ચે ચાલી રહેલા વેપાર યુદ્ધને કારણે આ બંને દેશોની બહાર રોકાણ કરવા માગતી કંપનીઓને ભારતમાં લાવવા માટે કોર્પોરેટ ટેક્સમાં ઘટાડો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

# ચેન્નાઈ યુવાને નાસાની તસવીરોનો અભ્યાસ કરી ચંદ્રયાનનું વિક્રમ લેન્ડર શોધી કાઢ્યું!

- **ચેન્નાઈના ષણમુગા સુબ્રમણ્યમે ‘નાસા‘ના ‘લુનાર રિકોનિસન્સ ઑર્બિટર‘ની તસવીરોનો અભ્યાસ કરીને તૂટી પડેલા વિક્રમનો ભંગાર શોધ્યો**

ચેન્નાઈ : ચંદ્રની સપાટી પર તૂટી પડેલું ચંદ્રયાન-૨નું લેન્ડર વિક્રમ આખરે મળી આવ્યું છે. ‘નાસા‘ના ચંદ્ર પર સક્રિય સ્પેસક્રાફ્ટ ‘લુનાર રિકોનિસન્સ ઑર્બિટર (એલઆરઓ)‘ની તસવીરોનો અભ્યાસ કરીને ભારતના એન્જિનિયર ષણમુગા સુબ્રમણ્યમે લેન્ડરની સાઈટ શોધી કાઢી હતી. ચંદ્રયાન-૨ના લેન્ડર વિક્રમે ચંદ્ર પર સોફ્ટ લેન્ડિંગ કરવાનું હતું.

એ પ્રક્રિયા દરમિયાન ૬ઠ્ઠી સપ્ટેમ્બરે વિક્રમ ચંદ્ર પર તૂટી પડયું હતું. તેનું સોફ્ટ લેન્ડિંગ નિષ્ફળ રહ્યું હતું. વિક્રમ તૂટી પડયું ત્યારે એ ચંદ્રની સપાથી ૨.૧ કિલોમીટર ઊંચે હતું. ત્યારથી આજ સુધી વિક્રમનો કાટમાળ શોધવા માટે ચંદ્ર ફરતે સક્રિય હોય એવા સ્પેસક્રાફ્ટની તસવીરોનો અભ્યાસ કરવામાં આવતો હતો. ચંદ્ર પર અત્યારે નાસાનું યાન એલઆરઓ પરિભ્રમમ કરી રહ્યું છે. તેના કેમેરા દ્વારા સતત ચંદ્રની સપાટીની તસવીરો લેવામાં આવે છે.

આ તસવીરોનો અભ્યાસ ચેન્નાઈનો ખગોળશોખીન યુવાન ષણમુગા કરી રહ્યો હતો. એ દરમિયાન એક તસવીરમાં વિક્રમનો કાટમાળ હોવાની તેને શંકા ગઈ હતી. વ્યવસાયે એન્જિનિયર અને મલ્ટિનેશનલ કંપનીમાં કામ કરતો ષણમુગા શોખ માટે જ આ કામગીરી કરતો હતો.

એલઆરઓ દ્વારા લેવાતી ચંદ્રની સપાટીની તસવીરો પૈકી ૧૭ સપ્ટેમ્બરે લેવાયેલી તસવીર નાસાએ ૨૬ સપ્ટેમ્બરે રિલિઝ કરી હતી. આવી અનેક તસવીરો ખગોળ અભ્યાસુઓ માટે અવકાશ સંસ્થાઓ પોતાની વેબસાઈટ પર મુકતી હોય છે.

# ઓરિએન્ટલ ઈન્ડિયા ગ્રૂપે રૂપિયા ૩૦૦૦ કરોડનું કાળુ નાણું કબૂલ્યું

- **કેશ લેજરમાં ૨૫૦ કરોડનું કાળુ નાણું હોવાની માહિતી મળી : ૩.૭૫ કરોડની બેનામી સંપત્તિ જપ્ત**

નવી દિલ્હી : એનસીઆર સ્થિત એક રિયલ એસ્ટેટ ગ્રૂપે ૩,૦૦૦ કરોડ રૂપિયાથી વધુના કાળા નાંણાની કબૂલાત કરી છે. ઈન્કમ ટેક્સ ડિપાર્ટમેન્ટના દરોડા દરમિયાન આ વાત સામે આવી છે. સોમવારે સીબીડીટી (સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સ)એ આ માહિતી આપી હતી. સીબીડીટીએ તેના સત્તાવાર નિવેદનમાં કંપનીનું નામ જાહેર કર્યું નથી. જોકે, અધિકારીઓએ નામ જાહેર નહીં કરવાની શરતે જણાવ્યું હતું કે એનસીઆર સ્થિત રિયલ એસ્ટેટ ગ્રૂપ ઓરીએન્ટલ ઈન્ડિયાના પરીસરો પર આઈટીએ દરોડા પાડયા હતા. સીબીડીટીએ સત્તાવાર નિવેદનમાં જણાવ્યું હતું કે છેલ્લા કેટલાક સપ્તાહથી ગ્રૂપના વિવિધ સ્થળો પર દરોડા પાડવામાં આવી રહ્યા છે. આ ગ્રૂપ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, માઈનિંગ અને રિયલ એસ્ટેટના કારોબારમાં સક્રિય છે. સીડીબીટીએ તેના નિવેદનમાં કહ્યું હતું કે, કેશ લેજરમાં અંદાજે ૨૫૦ કરોડ રૂપિયાનું કાળુ નાંણુ હોવાની માહિતી મળ્યા પછી આઈટી વિભાગે દરોડા પાડયા હતા. દરોડા દરમિયાન આઈટી વિભાગે મિલકતો જપ્ત કરી છે. આ ગ્રૂપે અનેક પ્રોપર્ટી ટ્રાન્ઝેક્શન પર પણ ટેક્સ ચૂકવ્યો નથી.

# કોંગ્રેસને ઈન્કમટેક્સ ખાતાની નોટિસ મળી, હવાલાથી ૧૭૦ કરોડ મળ્યાનો આક્ષેપ

નવી દિલ્હી : કેન્દ્રીય ઈન્કમટેક્સ વિભાગે કોંગ્રેસ પક્ષને મળેલા દાન અંગે એક નોટિસ મોકલી હતી. આ નોટિસમાં હૈદરાબાદની એક કંપનીએ આપેલા ૧૭૦ કરોડ રૂપિયાના દાનનો હિસાબ આપવામાં નથી આવ્યો એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો. અત્યાર પહેલાં નવેંબરની ચોથીએ પણ કોંગ્રેસને નોટિસ મોકલવામાં આવી હતી પરંતુ કોંગ્રેસે એનો જવાબ આપવા ની દરકાર કરી નહોતી. એટલે સોમવારે બીજી ડિસેંબરે ફરીવાર આ મુદ્દે નોટિસ મોકલવામાં આવી હતી. અત્રે એ જાણવું રસપ્રદ છે કે થોડા સમય પહેલાં ઈન્કમટેક્સ વિભાગે હૈદરાબાદની એક ઈન્ફ્રા સ્ટ્રક્ચર કંપની પર દરોડા પાડ્યા હતા. ત્યાંથી મળેલા દસ્તાવેજોમાં કોંગ્રેસ પક્ષને હવાલા દ્વારા ૧૭૦ કરોડ આપ્યા હોવાના દસ્તાવેજ પણ મળ્યા હતા.

# સબરીમાલામાં મહિલાઓના પ્રવેશને મંજુરીનો ચુકાદો અંતિમ નથી : સુપ્રીમ

નવી દિલ્હી : કેરળના સબરીમાલા મંદિરમાં તમામ ઉંમરની મહિલાઓને પ્રવેશ આપવાની મંજૂરી સંબિધત સુપ્રીમ કોર્ટનો ૨૦૧૮નો ચુકાદો અંતિમ નથી કારણકે આ કેસને લાર્જર બેન્ચને સોંપવામાં આવ્યો છે તેમ સુપ્રીમ કોર્ટે આજે જણાવ્યું હતું. ભગવાન અય્યપાના એક મહિલા શ્રદ્ધાળુ બિન્દુ અમીનીના એડવોકેટ ઈન્દિરા જયસિંહે ૨૦૧૮ના ચુકાદાના ભંગનો આરોપ મૂક્યો ત્યારે સુપ્રીમ કોર્ટે આ ટિપ્પણી કરી હતી. ઈન્દિરા જયસિંહે કોર્ટમાં જણાવ્યું હતું કે સબરીમાલા મંદિરમાં પ્રવેશ કરનાર તેમના અસીલ પર હુમલો કરવામાં આવ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ એસ એ બોબડેની અધ્યક્ષતા ધરાવતી ખંડપીઠે બંધારણીય બેન્ચના ૧૪ નવેમ્બરના ચુકાદાનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે ૨૦૧૮નો ચુકાદો અંતિમ શબ્દ નથી કારણકે આ કેસ સાત જજોની બનેલી ખંડપીઠ સમક્ષ વિચાર માટે મોકલવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે સીજેઆઈ રંજન ગોગોઈની અધ્યક્ષતા ધરાવતી પાંચ સભ્યોની બનેલી બંધારણીય બેન્ચને ૨૦૧૮ના ચુકાદા પર પુનઃવિચાર માટે દાખલ અરજીઓને મુસ્લિમ અને પારસી સમુદાયની મહિલાઓની સાથે પણ થતા ભેદભાવ સાથે જોડી દઈ ૩ઃ૨ના બહુમતથી સાત સભ્યોની બનેલી લાર્જર બેન્ચને સોંપી દીધો હતો.

# કાશ્મીરના કૂપવાડા અને બાંદીપોરમાં હિમપ્રપાત, ચાર લશ્કરી જવાનો લાપતા

શ્રીનગર : ઉત્તર કશ્મીરમાં મંગળવારે સાંજે ભારે હિમવર્ષા થતાં ભારતીય લશ્કરના ચારેક જવાનો લાપતા થયા હોવાની માહિતી મળી હતી. રાજ્યના કૂપવારા અને બાંદીપોરા વિસ્તારમાં હિમવર્ષા થઈ હતી એમ લશ્કરી પ્રવક્તાએ કહ્યું હતું. પ્રવક્તાએ જણાવ્યા મુજબ કૂપવારાના કરનાહ સેક્ટરમાં અને બાંદીપોરાના ગુરેજ સેક્ટરમાં ભારે હિમવર્ષા થઈ હતી. દરિયાની સપાટીથી ૧૮ હજાર ફૂટ ઊંચે હિમવર્ષા થતાં લશ્કરના ચારેક જવાનો લાપતા થયા હતા જેમની શોધ તરત ચાલુ કરી દેવામાં આવી હતી. ભારતીય લશ્કરની એવલોન્ચ રેસ્ક્યૂ ટીમ અને હેલિકોપ્ટર્સ કામે લગાડાયા હતા. તાજેતરના ભૂતકાળમાં સિયાચીન ગ્લેશિયર વિસ્તારમાં પણ ભારે હિમવર્ષા થઈ હતી જેના પગલે કેટલાક જવાનોએ જાન ગુમાવ્યા હતા.

# કૌભાંડી નીરવ મોદીએ પીએનબીને ધાર્યા કરતાં બમણો રૂપિયા ૨૫,૦૦૦ કરોડનો ચૂનો લગાવ્યો

નવી દિલ્હી : ડાયમંડનો વેપારી નીરવ મોદીને સંડોવતું પંજાબ નેશનલ બેન્ક કૌભાંડ બહાર આવ્યાના બે વર્ષ બાદ બેન્ક દ્વારા કરાયેલા ફોરેન્સિક ઓડિટનો રિપોર્ટ પ્રકાશમાં આવ્યો છે. રિપોર્ટ અનુસાર ધાર્યા કરતાં પીએનબી કૌભાંડ બમણું છે. અગાઉ એમ જણાવવામાં આવ્યું હતું કે, નીરવ મોદીએ પીએનબી સાથે રૂપિયા ૧૪,૦૦૦ કરોડની છેતરપિંડી કરી છે પરંતુ આ આંકડો રૂપિયા ૨૫,૦૦૦ કરોડ પર પહોંચ્યો છે. નીરવ મોદી અને તેમની કંપનીઓએ ભ્રષ્ટ પ્રવૃત્તિ દ્વારા વર્ષો સુધી પંજાબ નેશનલ બેન્કને ચૂનો લગાવ્યો હતો. સીબીઆઈમાં ફરિયાદ નોંધાવ્યાના થોડા દિવસ બાદ પંજાબ નેશનલ બેન્કે ફેબ્રુઆરી ૨૦૧૮માં બેલ્જિયમના ફોરેન્સિક ઓડિટર બીડીઓને તપાસ સોંપી હતી. બીડીઓએ જૂન ૨૦૧૮ સુધીની માહિતી ખંગોળતા શોધી કાઢ્યું હતું કે, પંજાબ નેશનલ બેન્ક દ્વારા નીરવ મોદી ગ્રૂપની કંપનીઓને રૂપિયા ૨૮,૦૦૦ કરોડના ૧૫૬૧ લેટર્સ ઓફ અંડરટેકિંગ (એલઓયુ) જારી કરાયા હતા. જેમાંથી રૂપિયા ૨૫,૦૦૦ કરોડના ૧૩૮૧ એલઓયુ ગેરરીતિ આચરીને જારી કરાયા હતા. ઓડિટરે શોધી કાઢ્યું છે કે, એલઓયુ જારી કરાયા હતા તે ૨૩ નિકાસકારો પૈકીના ૨૧ નિકાસકારો પર નીરવ મોદીનું આધિપત્ય હતું. રૂપિયા ૬,૦૦૦ કરોડના મૂલ્યના ૧૯૩ એલઓયુનો બેન્કને પુનઃચુકવણી કરવા માટે દુરુપયોગ કરાયો હતો.

## કોર્ટમાં હાજર થાવ નહીંતર ભાગેડુ જાહેર કરીશું : કોર્ટ

પંજાબ નેશનલ બેંક સાથે અબજો રૂપિયાનું કૌભાંડ કરીને વિદેશ નાસી ગયેલા હીરાના વેપારી નીરવ મોદીને સીબીઆઇની સ્પેશિયલ કોર્ટે બુધવારે એવી નોટિસ મોકલી હતી કે તમે કોર્ટમાં હાજર નહીં થાઓ તો તમને ભાગેડુ ગુનેગાર જાહેર કરવામાં આવશે.

કલાસીફાઇડ / Classified

PIZZA STORE FOR SALE
"2-4-1 Pizza For Sale in Ajax. Exciting Opportunity! Great Location! Great Profits! Same owner since 1992 now ready to retire. Rent $3,000/month inc HST. Sales $12,000/week.
Please Call Zibby - 416-824-6279."

સીટીઝનશીપ, પીઆર કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ
તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન, ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.
સંપર્ક કરો અલી : 437-225-1070
Email . alidaredia@hotmail.com
એક પ્રોફેસનલ કેર, યોગ્યતા અને દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ. ઘરબેઠા સેવા આપવામાં આવશે. ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો. અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

## દિલ્હીમાં આગામી ૧૬મી ડિસેમ્બરથી ફ્રી વાઈફાઈ ‘આપ’ની લોકોને રાહત

નવી દિલ્હી : આગામી વર્ષે યોજાનારી દિલ્હી વિધાનસભાની ચૂંટણીને લઈ સત્તાધીશ આમ આદમી પાર્ટીની સરકારે દિલ્હીવાસીઓ માટે વધુ એક ચૂંટણી ભેટની જાહેરાત કરી છે. તે અંતર્ગત આગામી ૧૬મી ડિસેમ્બરથી દિલ્હીના લાખો લોકો ફ્રી વાઈ-ફાઈની સુવિધાનો લાભ ઉઠાવી શકશે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મફત વીજળી, પાણી અને બસ સુવિધા બાદ હવે મફત વાઈ-ફાઈ આપવાની જાહેરાત કરી છે. કેજરીવાલના કહેવા પ્રમાણે ફ્રી વાઈ-ફાઈની સુવિધાનો ઉલ્લેખ તેમના ચૂંટણી ઢંઢેરામાં કરવામાં આવ્યો હતો અને આ યોજના લાગુ કરીને તેઓ પોતાનું અંતિમ ચૂંટણી વચન પૂર્ણ કરવા જઈ રહ્યા છે.

# કર્ણાટકમાં ૧૫ બેઠકોની પેટાચૂંટણી થઈ એક્ઝિટ પોલમાં બીજેપીનો ઘોડો આગળ

- રાજ્યમાં સરેરાશ ૬૦ ટ્કા મતદાન થયું, ૯ ડિસેમ્બરે પરિણામો
- ભાજપ માટે ૬ બેઠકો જીતવી અનિવાર્ય

બેંગ્લોર : કર્ણાટકમાં રાજકીય ગરમાવો આવ્યો છે. જોકે મહારાષ્ટ્રમાં પછડાટ ખાધા બાદ કર્ણાટકને લઈ ભાજપ માટે રાહતના સમાચાર છે. અહીં ૧૫ વિધાનસભા બેઠકોની પેટાચૂંટણી યોજાઈ હતી. રાજ્યમાં સરેરાશ ૬૦ ટ્કા મતદાન થયું હતું. ૯ ડિસેમ્બરે પરિણામો સામે આવશે. જોકે એકઝિટ પોલમાં કર્ણાટકમાં ભાજપની યેદિયુરપ્પા સરકાર એકદમ સુરક્ષીત રહેશે તેવો વર્તારો વ્યક્ત કરવામાં આવ્યો છે. કુલ ૧૫માંથી ૬ બેઠકો પર જીત મેળવવી યેદિયુરપ્પા સરકાર માટે અનિવાર્ય છે. જે ભાજપને મળતી એક્ઝિટ પોલમાં દર્શાવવામાં આવી રહ્યું છે. કુલ ૧૨ બેઠકો પર ભાજપ, જનતા દળ સેક્યુલર (જેડીએસ) અને કોંગ્રેસ વચ્ચે ત્રિકોણીય જંગ છે. જુલાઈમાં કોંગ્રેસ અને જેડીએસના કુલ ૧૭ ધારાસભ્યોના રાજીનામાના કારણે કુમારસ્વામીની ગઠબંધન સરકાર પડી હતી. ત્યારબાદ બીએસ યેદિયુરપ્પાના નેતૃત્વમાં ભાજપની સરકાર બની હતી. આ ધારાસભ્યોને તત્કાળ સ્પીકરે અયોગ્ય કરાર આપીને ચૂંટણી લડવા પર રોક લગાવી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે નવેમ્બરમાં આ અયોગ્ય જાહેર કરાયેલા ધારાસભ્યોને ફરીથી ચૂંટણી લડવાની મંજૂરી આપી. હાલ કુલ ૧૭માંથી ૧૫ બેઠકો પર ચૂંટણી થઈ. ભાજપ અને કોંગ્રેસે તમામ ૧૫ બેઠકો પર ઉમેદવારો ઉતાર્યા હતાં. જ્યારે જેડીએસએ ઉત્તર કન્નડ જિલ્લાના યેલપુર, બેંગ્લુરુ ગ્રામીણની હોસાકોટે બેઠક તથા બેલગાવાની અઠાની સીટથી ઉમેદવારો ઊભા રાખ્યા ન હતા.

## બજાજની સુગર મિલોએ ખેડૂતોને કરોડો ચુકવવાના બાકી છેઃ ભાજપ સાંસદ

નવી દિલ્હી : સરકારની ટીકા કરતા લોકો ડરી રહ્યા છે તેવુ નિવેદન મોદી સરકારના જ મંત્રીઓની હાજરીમાં આપનારા ઉદ્યોગપતિ રાહુલ બજાજ પર હવે ભાજપના નેતાઓ શાબ્દિક કુમલા કરી રહ્યા છે. યુપીના સાંસદ અજય મિશ્રાએ કહ્યુ છે કે, બજાજ ગ્રૂપની સુગર મિલોએ ખેડૂતોને ૧૦૦૦૦ કરોડ રુપિયા આપવાના છે અને આ મામલામાં કાર્યવાહી થવાની હોવાથી રાહુલ બજાજને ડર લાગે તે સ્વાભાવિક છે. લખીમપુરી ખીરી મારો મતદાર વિસ્તાર છે અને અહીંયા શેરડીની ખેતી મોટા પાયે છે.

# એસસી અને એસટીની અનામતને દસ વર્ષનું એક્સટેન્શન અપાયું

- લોકસભા, વિધાનસભાઓમાં અનામતની જોગવાઈ છે
- જો કે ખરડાને સંસદના બંને ગૃહોની માન્યતા હંમેશા મળવી જોઈએ

નવી દિલ્હી : કેન્દ્રના પ્રધાન મંડળે એની આજે સવારે મળેલી બેઠકમાં લોકસભા અને વિધાનસભાઓમાં પછાત વર્ગો અને આદિવાસીઓ માટેની અનામતને દસ વર્ષ માટે લંબાવી હતી.

આ પહેલાં ૨૦૦૯માં એને દસ વર્ષ માટે લંબાવવામાં આવી હતી. હવે ૨૦૧૯માં બીજાં દસ વર્ષ માટે એને લંબાવવામાં આવી હતી. ભારતના બંધારણની ૩૩૪ મી કલમ હેઠળ આ જોગવા ઈ દસ વર્ષ માટે કરાઇ હતી.

ત્યારબાદ એને બીજા દસ વર્ષ માટે લંબાવવામાં આવી હતી. આ જોગવાઈને મનમોહન સિંઘની યુપીએ સરકારે ૨૦૦૯માં દસ વર્ષ માટે લંબાવી હતી. યુપીએની એ જોગવાઈ ૨૦૨૦ના જાન્યુઆરીની ૨૫મીએ પૂરી થવાની હતી. હવે એનડીએ સરકારે બીજાં દસ વર્ષ માટે લંબાવી છે.

# છત્તીસગઢમાં એક જવાને પોતાના જ પાંચ જવાનોની ગોળી મારી હત્યા કરી

- ગોળીબાર કરનાર જવાને રજા માગી હતી જે મંજૂર ન થતા અન્ય જવાનોએ મજાક ઉડાવી હતી, ગોળીબારમાં અન્ય ત્રણ જવાનો ઘવાયા

નારાયણપુર : છત્તીસગઢના નારાયણપુરમાં આવેલા કાડેદર ગામમાં આઈટીબીપી જવાનોની ૪૫મી બટેલીયન તૈનાત કરવામાં આવી છે. આ બટેલીયનમાં તૈનાત જવાન મુસુદુલ રહમાને પોતાના સર્વિસ રિવોલ્વોરથી ગોળીબાર કર્યો હતો, જેમાં પાંચ જવાનો માર્યા ગયા હતા જ્યારે ત્રણ ગંભીર રીતે ઘવાયા હતા.

તપાસ અધિકારીના જણાવ્યા અનુસાર સવારે ૮.૩૦ કલાકે કોઈ કારણોસર જગડો થતા રહમાન નામના આ જવાને ગોળીબાર કરી દીધો હતો અને પાંચ જવાનોનો ભોગ લીધો હતો, બાદમાં પોતે પણ આત્મહત્યા કરી લેતા સૈન્યમાં ચકચાક મચી જવા પામી છે. એવા અહેવાલો છે કે ગોળીબાર કરનાર જવાને રજા માગી હતી, જે મંજૂર ન થતા બાદમાં અન્ય સહકર્મી જવાનોએ મજાક કરી હતી જેને પગલે મનમાં લાગી આવતા આ જવાને ગોળીબાર કરીને અન્ય જવાનોની હત્યા કરી હતી. જોકે ચોક્કસ કારણની તપાસ જારી છે. આઈટીબીપીના કોન્સ્ટેબલ મસુદુલ રહમાનને ડિસેમ્બરના અંત સુધીમાં પારિવારીક સમારોહમાં જવુ હતું. જેને પગલે તેણે રજાની માગણી કરી હતી. જોકે તેની રજા હજુસુધી મંજૂર થઇ શકી નહોતી. બાદમાં અન્ય સાથી જવાનોએ રહમાનની મજાક ઉડાવી હતી. જેથી આવી મામુલી વાતમાં ગુસ્સામાં આવી આ જવાને મજાક કરી રહેલા જવાનો પર ગોળીબાર કરી દીધો હતો.

# મંદી અંગે વડાપ્રધાને જુઠ્ઠાણા ફેલાવવા મંત્રીઓને છુટ્ટા મૂકી દીધાઃ ચિદમ્બરમ્



નવી દિલ્હી : આઈએનએક્સ મીડિયા કેસમાં ભ્રષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે જામીન પર મુકત થયા પછી ગુરુવારે સંસદમાં હાજરી આપી હતી. ૧૦૬ દિવસના જેલવાસ પછી પહેલી પત્રકાર પરિષદને સંબોધન કરતા ચિદમ્બરમે દેશની આર્થિક સ્થિતિના મુદ્દે કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, અર્થતંત્રની સ્થિતિ પર વડા પ્રધાન નરેન્દ્ર મોદી અસામાન્ય મૌન જાળવી રહ્યા છે અને તેમના મંત્રીઓને જુઠ્ઠાણા ફેલાવવા માટે છુટ્ટા મૂકી દીધા છે. સરકાર ભૂલો કરી રહી છે કારણ કે તેને કોઈ ગતાગમ જ પડતી નથી. સરકાર અર્થતંત્રનું સંચાલન કરવામાં નિષ્ફળ ગઈ છે. નોટબંધી, ખામીયુક્ત જીએસટી, ટેક્સ ટેરરિઝમ, પીએમઓમાં નીતિવિષયક નિર્ણયોમાં એકહથ્થુ નિયંત્રણ જેવી ભયાનક ભૂલોનો બચાવ કરવામાં જિદ્દી બનેલી સરકાર સંકેતો પારખી શકતી નથી.

## અંતે ચિદમ્બરમને સુપ્રીમ કોર્ટના જામીન મળતા જેલમાંથી બહાર

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટ પૂર્વ નાણા પ્રધાન પી ચિદમ્બરમને ઈડીએ દાખલ કરેલા આઈએનએકસ મીડિયા મની લોન્ડરિંગ કેસમાં જામીન આપી દીધા છે. ૧૦૫ દિવસ પછી ચિદમ્બરમ બુધવારે તિહાર જેલમાંથી બહાર આવી ગયા હતા.

જો કે સુપ્રીમ કોર્ટે કેટલીક શરતનો આધીન ચિદમ્બરમને જામીન આપ્યા છે. તેઓ કોર્ટની મંજૂરી વગર વિદેશ જઈ શકશે નહીં. સુપ્રીમ કોર્ટે ૧૫ નવેમ્બરના દિલ્હી હાઈકોર્ટના એ ચુકાદાને ફગાવી દીધો હતો જેમાં તેણે પૂર્વ નાણા પ્રધાનને જામીન આપવાનો ઈનકાર કર્યો હતો.

અનુસંધાન પેજ નંબર 04

## તેલંગણા, ઉન્નાવમાં ગેંગરેપ...

તપાસની સીધી જવાબદારી છે તેથી તેની વાત કરી પણ બીજાં લોકો બેસી રહે તે ચાલે તેમ નથી. લોકો તરત એક્શનમાં આવીને મદદ કરતા નથી. આ માનસિકતા બદલાય તો સ્થિતિમાં બદલાવ આવે તેમ છે. બીજી મહત્વની વાત એવી છે કે, ભારતમાં કાયદાનો કોઈને ડર જ નથી. આ પ્રકારના કેસો બને ત્યારે પોલીસ અને ન્યાયતંત્ર તેને બીજા કેસોની જેમ રગશિયા ગાડાની જેમ ચલાવે છે. ન્યાયિક પ્રક્રિયામાં એટલો લાંબો સમય નિકળી જાય છે કે પછી ન્યાયનો અર્થ ના રહે. ફાસ્ટ ટ્રેક કોર્ટમા કેસ ચાલે તો પણ સરવાળે એ બીજા કેસો જેવો જ બની જાય. કેમ કે, ફાસ્ટ ટ્રેક કોર્ટમાં કેસ પતે પછી ઉપલી કોર્ટમાં કેસ અટવાઈ જાય. તેના કારણે બળાત્કારી સરકારી પૈસે રોટલા તોડતો રહે અને મજા કરતો રહે. બળાત્કારનો ભોગ બનેલી છોકરી અને તેના પરિવારજનો ફફડતાં ફફડતાં જીવ્યા કરે. ન્યાય મળશે કે પછી દીકરીની જિંદગી બગાડનારો હેવાન છૂટી જશે તેની ચિંતા રહ્યા જ કરે. આ સ્થિતિ બદલવા માટે કાયદા નથી એવું નથી. કાયદા તો છે પણ તેનો અમલ કરવા જે તંત્ર જોઈએ તે જ આપણી પાસે નથી. તેના કારણે પણ સ્થિતિ ખરાબ છે. સત્તામાં બેઠેલા લોકો આ બાબતો વિશે વિચારતા નથી અને કશું સુધારતા નથી તેથી કશું બદલાતું નથી.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) મુહતમિમ (૪) પરાધીન (૭) જસત (૮) રવ (૯) મહેશ (૧૦) નગ (૧૫) રસેશ (૧૭) સનમના (૧૯) કનજર (૨૧) રજકો (૨૩) ડોલો (૨૫) મસાજ (૨૭) ઠામણું (૨૯) ગેરત (૩૦) જિકર (૩૨) સવા (૩૩) લટ (૩૪) મરજી (૩૫) ખૂબી (૩૬) ફારસ **ઊભી ચાવી :** (૧)મુકામ (૨) તરશ (૩) મજરે (૪) પતન (૫) ધીર (૬) નવરાશ (૧૦) હેરાન (૧૨) ગરજ (૧૩) અનાજ (૧૪) તૂક (૧૬) સેરડો (૧૭) સનમ (૧૮) મરજ (૨૦) નમણું (૨૨) કોઠાર (૨૪) લોફર (૨૬) સારવાર (૨૮) મતલબી (૨૯) ગેબી (૩૧) કલ્હાર (૩૨) સમ

# સરકાર 5 વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટમાં રૂપિયા ૧૦૦ લાખ કરોડનું રોકાણ કરશે

**• જીવન જરૂરી વસ્તુઓ પરના જીએસટી દરને લઘુતમ સ્તરે લઈ જશેઃ અન્ય વસ્તુઓ પરના જીએસટીને પણ ઘટાડશે**

મુંબઈ : સરકાર આગામી પાંચ વર્ષમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ માટે ૧૦૦ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ કરશે તેમ નાણા પ્રધાન નિર્મલા સિતારમને જણાવ્યું હતું. ૧૫ ડિસેમ્બર સુધીમાં દસ પ્રોજેક્ટમાં રોકાણની જાહેરાત કરવામાં આવશે.

કેન્દ્ર સરકાર જીવન જીરૂરી વસ્તુઓ પરનો જીએસટી લઘુતમ દરે લઈ જવાના પ્રયત્નો કરશે અને અન્ય વસ્તુઓના પરના જીએટી દરોમાં પણ ઘટાડો કરશે.



સિતારમને વધુમાં જણાવ્યું છે કે ગયા સપ્તાહમાં જીડીપીના આંકડા જાહેર થયા તે પહેલાથી જ સરકારે અર્થતંત્રની ચિંતાઓ પર કાર્ય કરવાનું શરૂ કરી દીધું છે. નાણા પ્રધાન નિર્મલા સિતારમને નાણાકીય ખાધના લક્ષ્યાંક અંગેના પ્રશ્નનો જવાબ આપવાનું ટાળ્યું હતું.

જો કે વાણિજય અને ઉદ્યોગ પ્રધાન પિયૂષ ગોયલે જણાવ્યું હતું કે ચાલુ વર્ષે ઓક્ટોબરના અંત સુધીમાં નાણાકીય ખાધ નિર્ધારિત લક્ષ્યાંકના ૧૦૨ ટકા થઈ છે. જો કે ગયા વર્ષે ઓક્ટોબરમાં નાણાકીય ખાધ નિર્ધારિત લક્ષ્યાંકના ૧૦૪ ટકા હતી. વધુમાં જણાવ્યું હતું કે ઘણી વૈશ્વિક કંપનીઓ ચીનમાંથી નીકળીને ભારતમાં બિઝનેસ શરૂ કરવા માગે છે અને ભારત સરકારે આવી કંપનીઓને દેશમાં લાવવાનું કાર્ય શરૂ કરી દીધું છે. ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટમાં રોકાણ માટે એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. સપ્ટેમ્બરમાં આર્થિક સચિવના નેતૃત્ત્વમાં એક ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી હતી.

# પ્રધાન મંત્રી મુદ્રા યોજનાની લોનના રૂ.૧૭,૨૫૧ કરોડ એનપીએ થયા

**• માર્ચ, ૨૦૧૯ના અંત સુધી PMMY હેઠળ અપાયેલી ૯.૦૪ લાખ કરોડની લોન પૈકી ૩ ટકા રકમ એનપીએ**

નવી દિલ્હી : પ્રધાન મંત્રી મુદ્રા યોજના (પીએમએમવાય) હેઠળ મંજૂર કરવામાં આવેલ ૯.૦૪ લાખ કરોડ રૂપિયાની લોન પૈકી ૩ ટકા લોન એનપીએ બની ગઈ છે તેમ સરકારે આજે જણાવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૮ એપ્રિલ, ૨૦૧૫ના રોજ પીએમએમવાયની શરૂ કરી હતી. આ યોજના હેઠળ નોન-કોર્પોરેટ, બિન ખેતી સ્મોલ/ માઈક્રો એન્ટરપ્રાઈઝને દસ લાખ રૂપિયા સુધીની લોન આપવામાં આવે છે. રાજ્યસભામાં પીએમએમવાય અંગે પૂછવામાં આવેલા એક પ્રશ્નના જવાબમાં નાણા મંત્રાલયના રાજ્ય કક્ષાના પ્રધાન અનુરાગ ઠાકુરે પણ જણાવ્યું હતું કે પીએમએમવાયના અમલીકરણ સંબધમાં અનેક ફરિયાદો મળી છે. જેમાં લોન અરજીઓ ધ્યાનમાં ન લેવી, લોન મંજૂર કરવામાં વિલંબ જેવી ફરિયાદોનો સમાવેશ થાય છે. પ્રધાને એક નિવેદનમાં જણાવ્યું હતું કે શિડયુલ્ડ કોમર્શિયલ બેંક(એસસીબી), રિજિયોલ રૂરલ બેંક(આરઆરબી)એ આપેલી માહિતી મુજબ માર્ચ, ૨૦૧૯ના અંત સુધીમાં પીએમએમવાય હેઠળ આપવામાં આવેલી કુલ ૯.૦૪ લાખ કરોડ રૂપિયાની લોન પૈકી ૧૭,૨૫૧.૫૨ કરોડ રૂપિયા એનપીએ બની ગયા છે.

## હું લસણ કાંદા નથી ખાતી, મને ભાવવધારાથી કોઈ ફરક પડતો નથી : નાણામત્રી

નવી દિલ્હી : નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે લોકસભામાં એક સવાલના જવાબમાં ભાંગરો વાટ્યો હતો કે હું કાંદા લસણ ખાતી નથી એટલે મારા પરિવારને કાંદાના ભાવ વધારાથી કશો ફરક પડતો નથી. છેલ્લા થોડા દિવસથી લોકસભામાં અને રાજ્યસભામાં કાંદાના વધી રહેલા ભાવનો મુદ્દો સતત ચર્ચાઈ રહ્યો છે. એક સાંસદના સવાલના જવાબમાં નિર્મલાએ આવો જવાબ આપ્યો હતો. ભાજપના મોવડી મંડળને પણ આ જવાબથી આંચકો લાગ્યો હશે. ગરીબોની કસ્તૂરી ગણાતા કાંદા હાલ ૧૦૦ રૂપિયે કિલો વેચાય છે. નિર્મલાના આ જવાબની મિડિયામાં કડક ટીકા થઈ હતી. નિર્મલાએ ભારપૂર્વક કહ્યું હતું કે મારા પરિવારમાં કાંદા લસણ ખવાતાં નથી એટલે અમને ભાવવધારાથી કોઈ ફરક પડ્યો નથી.

## વડાપ્રધાનોને જ એસપીજી સુરક્ષા પૂરી પડાશે : સંસદની લીલીઝંડી

નવી દિલ્હી : સ્પેશિયલ પ્રોટેક્શન ગ્રૂપ સુધારા બીલ ૨૦૧૯ મંગળવારે રાજયસભામાંથી પાસ થઈ ગયું. બિલમાં નવા સુધારા મુજબ હવે એસપીજી સુરક્ષા માત્ર વડાપ્રધાન અને ભૂતપૂર્વ વડાપ્રધાનને મર્યાદિત સમય સુધી પૂરી પાડવામાં આવશે.

આ પહેલા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે એસપીજીના બહાને ગાંધી પરિવાર પર નિશાન સાધ્યું. તેમણે ગાંધી પરિવારની એસપીજી સુરક્ષા પાછી ખેંચવા પાછળ રાજકીય અદાવત હોવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો. તેમણે દાવો કર્યો કે માત્ર ગાંધી પરિવાર જ નહીં, દેશના ૧૩૦ કરોડ લોકોની સુરક્ષાની જવાબદારી મોદી સરકારની છે.

કોંગ્રેસે આક્ષેપ કર્યો હતો કે ગાંધી પરિવારને નિશાન બનાવીને એસપીજી કાયદામાં સુધારો કરવામાં આવ્યો છે અને એસપીજી સુરક્ષા હટાવીને આતંકવાદનો ભોગ બનનારા ગાંધી પરિવારના નેતાઓની સુરક્ષા સાથે સમાધાન કરવામાં આવ્યું છે. ત્યારે ગૃહમંત્રી અમિત શાહના જવાબથી સંતુષ્ટ નહીં થયા હોવાનો દાવો કરતાં કોંગ્રેસે ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. અન્ય કેટલાક પક્ષોએ પણ આ મુદ્દે કોંગ્રેસને ટેકો આપ્યો હતો. લોકસભામાં ૨૭મી નવેમ્બરે આ બિલ પાસ થઈ ગયું છે.

## અજિત પવાર અને ફડણવિસ રાતોરાત ગઠબંધન કરશે તેવી કલ્પના ન હતી : શરદ પવાર

મુંબઈ : મહારાષ્ટ્રમાં સરકાર રચવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા પવારે કહ્યું હતુ કે અજિત પવાર ફડણવિસ સાથે સંપર્કમાં છે એ જાણકારી તેમને હતી. પરંતુ અજિત મને જાણ કર્યા વગર જ રાતોરાત આયોજન કરીને શપથ લઈ લેશે એ વાતની કલ્પના પણ ન હતી. અમારૂં આયોજન વિપક્ષમાં બેસવાનું જ હતું. શિવસેના સાથે ગઠબંધન કરીને સરકાર રચવાની વાત પણ અમારા માટે સાવ નવી હતી. પરંતુ અચાનક અજિત વહેલી સવારે નાયબ મુખ્યપ્રધાન બની જશે એ વાત મારી જાણમાં ન હતી. એ પછી અફવા ફેલાઈ કે અજિતને મારા આશિર્વાદ છે. કેમ કે જે થોડાક વિધાનસભ્યો શપથવિધિમાં ઉપસ્થિત હતા તેમણે એવુ માની લીધું કે આ જોડાણ મારી પરવાનગી વગર થયું જ ન હોય ને! પરંતુ હકીકતે હું તેનાથી અજાણ હતો.

# સદીઓથી વપરાતી આવતી અતિ શક્તિશાળી ધાતુ લોઢું - કુરાન મજીદમાં તેનો ઉલ્લેખ

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

આ ધરતી પર સામાજીક વિકાસ થવાના પહેલાં મનુષ્ય પોતાનું જીવન જેમ તેમ કરીને પસાર કરતો હતો. ઈતિહાસનો અભ્યાસ કરતાં આપણને જાણકારી મળે છે કે સામાજીક વિકાસ થવાનાં પહેલા મનુષ્યના જીવન વિષે ઈતિહાસમાં બરફ યુગ, તાંબા યુગ, કાંસા યુગ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ સર્વે જુદા જુદા યુગોમાં મનુષ્ય પોતાની રોજીંદી જરૂરીયાતો પુરી કરવા માટે ઘણા પ્રકારના સાધનોનો ઉપયોગ કરતો હતો. પેટનો ખાડો પુરવા માટે તે શિકાર કરતો હતો અને શિકાર માટે જુદા જુદા હથિયારો પણ બનાવતો હતો, જેના બનાવવા માટે તે લાકડા, હાડકા, પથ્થર તથા ધાતુનો ઉપયોગ કરતો હતો.



જેમ જેમ સામાજીક વિકાસ થતો ગયો તેમ તેમ નવી નવી શોધો પણ થવા લાગી હતી. આ શોધોમાં મનુષ્યની રોજીંદા જરૂીયાતોને સંતોષવા માટેના સાધનોનો સમાવેશ થતો હતો. આ સર્વે સાધનોમાં અનેક પ્રકારની ધાતુઓનો ઉપયોગ થતો હતો. આ ધાતુઓમાં સૌથી વધુ વાપરવામાં આવતી ધાતુ લોઢું હતી, જેને સૌથી શક્તિશાળી ધાતુ તરીકે ઓળખવામાં આવે છે.

પુરાતન ઈતિહાસ માંથી આપણને એ પણ જાણવા મળે છે કે આ સૌથી શક્તિશાળી ધાતુ લોઢાનો ઉપયોગ યુદ્ધ માટે વપરાતા હથિયારો માટે પણ થતો હતો, અને અત્યારે એકવીસમી સદીમાં પણ લોઢું એ શક્તિશાળી ધાતુ છે જેનો ઉપયોગ જગતનો દરેક દેશ હથિયારો તથા બીજા સાધનો બનાવવામાં કરે છે. તે ઉપરાંત લોઢાનો ઉપયોગ મનુષ્યના રોજીંદા જીવન માટેની નાનકડી તથા વિરાટ વસ્તુઓ બનાવવા માટે પણ થઈ રહ્યો છે. આ રીતે જોતા પુરા જગતમાં આ શક્તિશાળી ધાતુ લોઢાનો ઉપયોગ જીવનના દરેક ક્ષેત્રમાં થઈ રહ્યો છે.

કુરાન મજીદના ૫૭માં પ્રકરણ (સુરાહ) નું નામ સુરાહ "અલ હદીદ" છે. અરબી શબ્દ "અલ હદીદ"નો અર્થ લોઢું થાય છે. ૫૭ના આંકડા વિષે એક રસિક-ચિત્તાકર્ષક બાબત એ છે કે રસાયણશાસ્ત્ર (કેમિસ્ટ્રી)ના નિયમો અનુસાર દરેક રસાયણ, પ્રવાહી, નક્કર, ધાતુ વગેરેને તેમના ઘટક તત્વ-અંશ(એલીમેન્ટ)અનુસાર એક ચોક્કસ સંખ્યા તેમના માટે ઠરાવવામાં આવે છે અને આ નિયમો અનુસાર લોઢાનું ઘટક તત્વ-અંશક(એલીમેન્ટ)ની સંખ્યા પણ ૫૭ થાય છે. આનું કારણ ન્યાયશાસ્ત્ર-તર્કશાસ્ત્ર(લોજીક) અનુસાર જ હોય શકે છે. કુરાન મજીદના આ ૫૭માં પ્રકરણ(સુરાહ)"અલ હદીદ"(લોઢું)માં ના બે બોધવચનોમાં આ શક્તિશાળી ધાતુ લોઢાનો ઉલ્લેખ કરવામાં આવેલ છે. આ બે બોધવચનો આ પ્રમાણે છે :-

"ખચિત અમોએ પોતાના રસુલો (પયગંબરો)ને સ્પષ્ટ નિશાનીઓ અને માર્ગદર્શન સાથે મોકલ્યા અને તેમની સાથે ધર્મશાસ્ત્રો અને ત્રાજવા (સમતોલ-ન્યાય) ઉતાર્યા જેથી લોકો પર ન્યાય સ્થાપિત (કાયમ) થાય. અને અમોએ લોઢું પણ ઉતાર્યું જેમાં ઘણી જ શક્તિ અને બળ છે અને માનવજાત માટે અનેક ફાયદાઓ છે. અને આ એટલા માટે કરવામાં આવ્યું કે જેથી અલ્લાહને જાણ થાય કે કોણ તેને જોયા વિના તેની અને તેના રસુલો (પયગંબરો)ની સહાય કરે છે. ખચિત અલ્લાહ ઘણો જ શક્તિશાળી અને જબરદસ્ત છે." (પ્રકરણ ૫૭ શ્લોક ૨૫)

"તે અલ્લાહ જ છે જેણે આકાશો અને ધરતીનું છ દિવસમાં સર્જન કર્યુ. પછી તે સિંહાસન (અર્શ) પર બિરાજમાન થયો. તેની જાણમાં તે સર્વે વસ્તુઓ છે જે ધરતીમાં જાય છે અને જે ધરતી માંથી નીકળે છે, અને જે કંઈ આકાશ માંથી ઉતરે છે અને જે કંઈ આકાશમાં ચઢે છે. તે તમારી સાથે છે જયાં પણ તમે છો. અને અલ્લાહ તમે જે કાંઈ પણ કાર્ય કરો છો તેને તે જોઈ રહ્યો છે." (પ્રકરણ ૫૭, શ્લોક ૪)

તે ઉપરાંત કુરાન મજીદમાં લોઢાના ઉપયોગ વિષે એક બીજું પણ બોધવચન છે જે નીચે પ્રમાણે છે :-

"અને અમે દાઉદ (અગાઉના સમયના પયગંબર)ને અમારા તરફથી શ્રેષ્ઠતા (ફઝીલતો) અર્પણ કરેલ. (અમોએ આદેશ આપ્યો કે) હે પર્વત, દાઉદની સાથે અલ્લાહની પ્રશંસા કરો. અને આ જ આદેશ અમોએ પક્ષીઓને આપ્યો. અમોએ લોઢાને તેના માટે નરમ કરી દીધું આ આદેશ સાથે કે બખતરો બનાવ અને તેની કડીઓ બરાબર માપસર રાખ.(અને હે દાઉદવાળાઓ),સદ્કાર્યો કરો. તમે જે કંઈ કાર્યો કરો છો તેને હું જોઈ રહ્યો છું." (પ્રકરણ ૩૪, શ્લોક ૧૦ અને ૧૧)

ઉપસંહાર એ કે જેમ કુરાન મજીદમાં અસંખ્ય એવી બાબતોનો ઉલ્લેખ છે જે આજના વિજ્ઞાનથી બિલ્કુલ સુસંગત છે, તેવી જ રીતે આ શક્તિશાળી ધાતુ લોઢા વિષે પણ કુરાન મજીદમાં ઉલ્લેખ છે કે આ ધાતુ લોઢામાં માનવજાત માટે અનેક ફાયદાઓ છે. અને આ સત્ય છે કે અત્યારે આ ધરતી પર આ ધાતુનો ઉપયોગ માનવજાતની રોજીંદી જરૂરીયાતોના સાધનો બનાવવા માટે તથા વ્યાપારિક, ઉદ્યોગિક અને વિજ્ઞાનિક કાર્યો માટે પણ થઈ રહ્યો છે.



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૦૬-૧૨-૨૦૧૯ થી તા. ૧૨-૧૨-૨૦૧૯**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી–૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત–૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

સપ્તાહ દરમ્યાન યાત્રા પ્રવાસ સફળ થાય. મહત્વના સોદાઓ પાર પાડી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. આરોગ્ય એકંદરે સારું રહેશે. કાયમી વ્યવહારમાં નવા ફાયદાકારક પરિણામ ઉમેરાય. ભાગીદારીના ધંધામાં હાનિ સહન કરવાનો વખત આવે. સ્નેહી મિત્રો નાણાંકીય બનાવટ ન કરી જાય તે બાબતે કાળજી રાખવી. કોઈની સાથે વધુ પડતી વાટાઘાટ કરવી નહીં. જે વ્યક્તિ પર પુરતો મદાર રાખશો તે જ વ્યક્તિ દગાને પાત્ર બનશે.



### વૃષભ (બ,વ,ઉ)

સપ્તાહ દરમ્યાન આવક જાવકના પલ્લા સરભર રહેશે. જન્મસ્થાનથી દૂર, દૂરના સંબંધોથી વિશેષ પ્રગતિ સાધી શકશો. કાયદાકીય બાબતમાં વધુ નિષ્ણાંત બનશો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારી વર્ગથી ઠપકો સાંભળવા મળે. લાંબા સમયથી રોકાયેલા કાર્યો હાથ ધરી શકશો. નાણાંકીય કટોકટી અનુભવવી પડે. પરિવારમાં ક્ષુલ્લક બાબતોના કારણે મતભેદની સ્થિતિ રહી શકે. વૈભવ સમૃદ્ધિમય વાતાવરણના શોખીન બનશો. કલા અને સંગીતના રસિક બનશો.



### મિથુન (ક,છ,ઘ)

સિદ્ધાંત નિષ્ઠાથી આ સપ્તાહમાં નુકશાન થઈ શકે. આકસ્મિક ધનલાભની આશા રાખવી વ્યર્થ છે. જાહેર જીવનમાં અપમાનિત થવુ પડે. પારકાના વિવાદમાં પડવુ નહીં. લખાણ અને દસ્તાવેજની બાબતમાં બહુ જ ચોક્કસ રહેવું. કાર્યક્ષેત્ર ઉત્સાહ વધારવા છતાં કામ કરવા પ્રત્યે બેચેની જેવું લાગ્યા કરશે. મકાન સંબંધી આયોજનો પાર પડતા જણાય. વિદ્યાર્થીઓને અભ્યાસમાં શ્રેષ્ઠ સફળતા મળે. પારાવારિક જીવન મધુરતાથી ખીલી ઉઠશે. વ્યવસાયિક પ્રગતિ માટે કરેલા પ્રયત્નોનું સારું ફળ મેળવી શકશો.



### કર્ક (ડ,હ)

સપ્તાહ દરમ્યાન શ્રેષ્ઠ પ્રગતિ થતાં મન પ્રસન્ન રહેશે. ઉત્સાહમાં વૃદ્ધિ થાય. બુદ્ધિમત્તાપૂર્વક આગળ વધી શકશો. સતકાર્યો લાભદાયી નિવડે. ભાગીદારીના વ્યવસાયમાં પ્રગતિની ટકાવારી જળવાઈ રહેશે. ચિંતાનો કારણો દૂર થાય. લાંબા ગાળાના આયોજન સરળતાથી પાર પડે. જૂના દર્દોમાં રાહત રહે. નોકરીયાત વર્ગને બઢતીની તક મળે. પિતરાઈઓ સાથે નાની નાની બાબતના લીધે વૈચારિક મતભેદનું વાતાવરણ રહી શકે. દામ્પત્યજીવનમાં સ્નેહનો અભાવ રહે.



### સિંહ (મ,ટ)

સપ્તાહની શુભ શરૂઆતમાં મોટો આર્થિક ફાયદો થાય. યાત્રા પ્રવાસ સુખરૂપ પાર પડે. વૈભવ સમૃદ્ધિની ચીજવસ્તુઓની ખરીદી કરી શકશો. મોસાળ પક્ષના સભ્યોથી લાભ થાય. લાંબા સમયથી વિખૂટા પડેલા સ્વજનનું મિલન થાય. આર્થિક પ્રગતિ વેગવાન બને. આધ્યાત્મિક ઉન્નતિ આડેના અવરોધ દૂર થતાં જણાય. પેટ આંતરડા સંબંધી નાની ફરિયાદ થઈ શકશે. કોર્ટ કચેરીના કાર્યોમાં સફળતા મેળવી શકશો. સ્વભાવે વધુ ઉદાર અને લાગણીશીલ બનશો.



### કન્યા (પ,ઠ,ણ)

આ સપ્તાહમાં સ્વભાવે તર્કશીલ અને સ્પષ્ટવક્તા બનશો. કાર્યક્ષેત્રની બાબતમાં, સ્થાયી પ્રોપર્ટીની બાબતમાં મહત્વની તક મેળવી શકશો. વડીલોના સલાહ સૂચનોથી વધુ આગળ વિકાસ કરી શકશો. ધાર્મિક ટૂંકી મુસાફરી કરી શકશો. આકસ્મિક રીતે ઈજા થઈ શકે. દામ્પત્યજીવનમાં સ્નેહમય વાતાવરણ જળવાઈ રહેશે. સહીસિક્કાની બાબતમાં, નાણાંકીય બાબતમાં વધુ સજાગ રહેવું. સંતાનની પ્રગતિ બાબતે ચિંતીત રહેશો. મકાન જમીનને લગતા ગુંચવણભર્યા રહેશે.



### તુલા (ર,ત)

સપ્તાહ દરમ્યાન તમારી યોજના અને ભાવનાને ફળીભૂત થવા માટેનો અવકાશ મળે. વિદ્વાન વ્યક્તિની મુલાકાત લાભદાયી બને. નિકટ સંબંધીઓ સાથે વાતાવરણમાં કડવાશ આવે. આવકના સાધનોમાં વધારો થવાની સાથે સાથે વૈભવ સમૃદ્ધિમય વાતાવરણ પ્રત્યે પણ એટલું જ આકર્ષણ વધશે. નવા વ્યવસાયના પ્રારંભ માટે મૂડીની સમસ્યા હલ થાય. આંતરડાની બિમારીમાં રાહત જણાય. મનમાં અનેક રીતે આત્મવિશ્વાસમાં વધારો થાય. નોકરીયાત વર્ગને પૂરક આવકની તક મળે.



### વૃશ્ચિક (ન,ય)

સપ્તાહ દરમ્યાન પૂર્વ દિશામાંથી શુભ સમાચાર મળે. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. આધ્યાત્મિક પ્રગતિમાં સરળતા રહે. કાર્યક્ષેત્રની સફળતામાં સહેજ વિલંબ થવાથી, વિઘ્ન્ આવવાથી મનમાં હતાશાનું વાતાવરણ સર્જાય. પ્રિય સ્વજનો મેળપા થાય. ફસાયેલી ઉઘરાણી મેળવવામાં કંઈક અવરોધ આવે. સંતાન સાથે વાતાવરણ તંગ ન બને તેની કાળજી રાખવી. યાત્રા પ્રવાસ દરમ્યાન જળયાત્રા અને વિષૈલા પદાર્થોથી ખાસ સાચવવું. પારાવારિક જીવનમાં મહત્વના શુભ પ્રસંગોનું આયોજન થાય.



### ધન (ધ,ભ,ફ,ઢ)

સપ્તાહ દરમ્યાન નાણાંકીય બાબત અંગે ગૂંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. રાજકીય અધિકાર વર્ગથી, કાર્યક્ષેત્રે શ્રેષ્ઠ પ્રગતિ કરી શકશો. દક્ષિણ દિશાના પ્રવાસના કારણે મન પ્રસન્ન રહેશે. અણધાર્યા આકસ્મિક લાભ પ્રાપ્તિના યોગ બને છે. સ્થાયી પ્રોપર્ટીની બાબતને લઈને પિતરાઈઓ સાથે ઉતાર ચડાવની સ્થિતિ રહે. પરોપકારના કાર્યો માટે નાની યાત્રા મુસાફરી લાભદાયી બને. તબિયત બાબતે સ્હેજ સ્હેજ ફરિયાદ રહી શકે. જાહેર સામાજિક પ્રવૃત્તિઓના કારણે માન સન્માન જળવાઈ રહેશે.



### મકર (ખ,જ)

સપ્તાહ દરમ્યાન કુંટુબીજનો સાથે સંબંધોમાં મધુરતા આવે. નાણાંકીય વ્યવહારમાં કોઈ ગેરમાર્ગે ન દોરવી જાય તેની કાળજી રાખવી. સંતાનની પ્રગતિથી હર્ષ થાય. વડીલોના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહ્યા કરશે. બૈદ્ધિક તેમજ સર્જનાત્મક ક્ષેત્રે સારી સફળતા મેળવી શકશો. હરિફો, પ્રતિસ્પર્ધીઓ ઉપર વિજય મેળવવામાં નાકામ્યાબ નિવડશો. માનસિક રીતે અશાંતિનું વાતાવરણ ન સર્જાય તેની કાળજી રાખવી. પડવા વાગવાથી હાથ પગ સંબંધી નાની ઈજા થઈ શકે.



### કુંભ (ગ,સ,શ,ષ)

સપ્તાહ દરમ્યાન જીવનસાથી સાથેના સંબંધોમાં નિખાલસતા જેટલી વધુ હશે તેટલું આત્મબળ વધશે. સત્સંગ અને આત્માની ઉન્નતિમાં પ્રગતિ થાય. લાંબા ગાળાના આયોજનોનો અમલ કરવા માટે આ સપ્તાહ ઉત્તમ નિવડશે. મિત્રો સ્નેહીઓના સાથેના વ્યવહારમાં આનંદીપણું અને નિખાલસતા વધશે. વડીલોના સહકારથી વિકટ કાર્યો પણ પાર પાડી શકશો ધાર્મિક મુસાફરીથી મન પ્રસન્ન રહેશે. કૌટુંબિક પ્રશ્નોનું નિરાકરણ લાવી શકશો. કોર્ટ કચેરીના કાર્યોમાં અંશત સફળતા મળે.



### મીન (દ,ચ,ઝ,થ)

સપ્તાહ દરમ્યાન યોગ્ય દિશામાં કરેલા પુરુષાર્થનું શ્રેષ્ઠ ફળ મેળવી શકશો. લગ્નજીવનમાં સ્નેહનું વાતાવરણ જળવાઈ રહેશે. બુદ્ધિમત્તાના પ્રભાવે પોતાની પ્રતિભા, પ્રતિષ્ઠા વધારી શકશો. વિદ્વાન વ્યક્તિની મુલાકાતથી કાર્યક્ષેત્રે થયેલા વિલંબ દૂર થશે. સરકારી કામકાજમાં અવરોધ આવે. સહકાર્યકર્તાઓની સંખ્યામાં વધારો થાય. આવકની સ્થિતિ જાળવી શકશો. જન્મસ્થાનથી દૂર, દૂરના સંબંધોથી લાભ પ્રાપ્તિ માટે અનુકૂળતા વધશે. નોકરીયાત વર્ગને સમાધાનવૃત્તિ દાખવી કામને આગળ વધારવું.

# તમારા ઘરમાં આ વસ્તુઓ ક્યારેય ન રાખશો, સુખ-સમૃદ્ધિ નષ્ટ થઈ શકે છે

ઘરમાં સુખ સમૃદ્ધિ માટે હાજર સામાન ખુબ મહત્વપૂર્ણ હોય છે. ઘરમાં જે સામાન રાખવામાં આવ્યો હોય અથવા તો હોય તેનાથી નકારાત્મક કે સકારાત્મક ઊર્જાનું સર્જન થતું હોય છે. આથી ઘરમાં અનાવશ્યક સામાન રાખવો જોઈએ નહીં કારણ કે તેની વિપરીત અસર પડી શકે છે.

જો ઘરમાં રૂપિયાની અછત હોય તો તેની પાછળ ઘરનો વાસ્તુદોષ હોઈ શકે છે. આથી આજે આપણે જોઈશું કે ઘરમાં એવી કઈ વસ્તુઓ છે જે ન હોવી જોઈએ. એવી કઈ વસ્તુઓ જો ઘરમાં રાખવામાં આવે તો સુખ સમૃદ્ધિ નષ્ટ થાય છે.



## કબૂતરનો માળો

ઘરમાં કબૂતરનો માળો હોવો જોઈએ નહીં. જો ઘરમાં કબૂતરનો માળો હોય તો તેને અશુભ ગણવામાં આવે છે. તેનાથી ઘરમાં સુખ સમૃદ્ધિ રહેતી નથી.

## મધપૂડો

જો ઘરમાં મધપૂડો હોય તો તે પણ અશુભ ગણાય છે. જ્યોતિષના જાણકારો માને છે કે ઘરમાં મધમાખીનો મધપૂડો હોવાથી દુર્ઘટનાઓ થઈ શકે છે. આથી ઘરમાં ક્યારેય મધમાખીઓનો મધપૂડો બનાવવા દેવો જોઈએ નહીં.

## કરોળિયાના જાળા

ઘરમાં કરોળિયાના જાળા ક્યારેય હોવા જોઈએ નહીં. તેનાથી ઘરમાં આર્થિક સમસ્યાઓ પેદા થાય છે. વાસ્તુ મુજબ તેનાથી ઘરમાં કંકાશ અને પરેશાનીઓ વધે છે.

## તૂટેલો અરીસો

ઘરમાં તૂટેલો અરીસો રાખવો જોઈએ નહીં. તે અશુભ ગણાય છે. આમ કરવાથી નકારાત્મક ઊર્જા પેદા થાય છે તથા ઘરમાં નાણાની અછત ઊભી થાય છે. ઘરમાં ફાલતુ ખર્ચા વધે છે.

## દીવાલોમાં તિરાડ

ઘરમાં જો ક્યાય પણ દીવાલોમાં તિરાડ જોવા મળે તો તે અશુભ ગણાય છે. ઘરની દીવાલોમાં તિરાડ પડવી તે અશુભ ગણાય છે. આથી દીવાલોને હંમેશા સ્વચ્છ, અને તિરાડ વગરની રાખવી જોઈએ.

## નકામો સામાન અને ભંગાર

ઘરમાં નકામો સામાન રાખવો જોઈએ નહી તેનાથી નકારાત્મક ઉર્જા આવે છે. ઘરમાં કંકાશ વધે છે અને દરિદ્રતા પણ વાસ કરે છે આથી ભૂલથી પણ ક્યારેય નકામો સામાન ઘરમાં સંઘરી રાખવો જોઈએ નહી.


# માત્ર ૨૧ ચોખાના દાણાથી બની જશો લાખોપતિ, વાસ્તુશાસ્ત્રથી કરો ઉપાય

હિન્દુ ધર્મ એક એવો ધર્મ છે જ્યાં દેવી-દેવતાઓની પૂજાની સાથે અનાજને પણ ધાર્મિક દ્રષ્ટિથી જોવામાં આવે છે. એટલું જ નહીં પરંતુ શાસ્ત્રોમાં અન્નપૂર્ણા માનું પણ વર્ણન મળે છે જેને અન્નની દેવી કહેવામાં આવે છે. આજ કારણ છે કે હિન્દુ ધર્મમાં થનારા તમામ ધાર્મિક અનુષ્ઠાન સહિતમાં કેટલીક એવી વસ્તુઓનો ઉપોયગ કરવાનો આવશ્યક માનવામાં આવે છે. વાસ્તુ શાસ્ત્ર અનુસાર કોઈપણ શુભ દિવસ શુક્રવાર કે એકાદશીના દિવસ વહેલા ઉઠીને સ્નાન સહિત કરી દેવી લક્ષ્મીવી તસવીર કે તેમની પ્રતિમા સ્થાપિત કરી તેની સામે આસન લગાવી લો. તે બાદ કુલ ૨૧ પીળા ચોખા લો અને તેને લાલ રંગના રેશમી કપડામાં બાંધીને નાની પોટલી બનાવી લો આ પોટલીને પૂજા દરમિયાન દેવી લક્ષ્મીની સામે રાખી દો. તે બાદ વિધિ-વિધાનથી લક્ષ્મીજીની પૂજા પૂરી કરી આ પોટલીને તમારા પર્સમાં કે ઘરમાં તે સ્થાન પર રાખી દો જ્યાં પૈસા મૂકવામાં આવે છે. તથા ધનની દેવીથી એવી પ્રાર્થના કરો કે તમારે ક્યારેય પૈસાને લઈને કોઈ તકલીફ ન પડે ધ્યાન રાખો ૨૧૨ ચોખા ખંડિત ન હોય કોઈ એક પણ દાણો તૂટેલો ન હોવો જોઈએત જણાવી દઈએ કે ચોખાને પીળા કરવા માટે હળદરમાં પાણી મિક્સ કરો અને હળદરને ચોખા પર લગાવીને થોડીક વાર સૂકાવા ગો. તે બાદ ચોખાની પોટલી બનાવો. એવું માનવામાં આવે છે કે આ ઉપાય કરવાથી થોડાક દિવસમાં ધન લાભ થવા લાગે છે અને કોઈની પર પણ પૈસાનો ખતરો આવે છે તો પણ ટળી જાય છે.

# તમારા હાથમાં છે આ નિશાન તો તમે જલદી જ બની જશો પૈસાદાર

ધનવાન બનવાની ઈચ્છા કોને ન હોય. પરંતુ ઈચ્છા તેની જ પુરી થાય છે કે જે ઉપરથી તેની કિસ્મતમાં ધન લઈને આવ્યા હોય જો તમારા ભાગ્યમાં ધન છે તો તમે ગમે તેમ કરીને તમારી ઈચ્છા પુરી કરી જ લો છો અને તેમા તમને પ્રકૃતિ પણ પૂર્ણ રીતે સહયોગ કરે છે. કારણકે પ્રકૃતિ તમને તે દરેક વસ્તુ આપવા માંગે છે કારણકે તમે તમારા પૂર્વ કર્મોથી વધારે વસ્તુ મેળવવાના હકદાર હોવ છો.

કુંડળી હોય કે હસ્તરેખા દરેક પ્રકૃતિના તે નિર્ણય જણાવે છે. જેથી જો તમારી હથેળીમાં આવા નિશાન નજરે પડે છે તો વિશ્વાસ કરો તમને પૈસાદાર બનવાથી કોઈ રોકી શકશે નહી. કારણકે તે પ્રકૃતિનો નિર્ણય છે. કળશનું ચિહ્ન હથેળીમાં હોવું ધનવૃદ્ધિ યોગ કહેવાય છે જેની હથેળીમાં આ યોગ બને છે તેમના પૈસા સતત વધતા રહે છે આવા લોકોની પાસે સારી બચત હોય છે.



જો હાથમાં ગુરુ પર્વત ઉંચો હોય અને ગુરુ પર્વત પર જીવન રેખાથી નીકળીને એક રેખા પહોંચી રહી હોય. ચંદ્ર પર્વતથી નીકળીને એક રેખા બુધ પર્વત પર જતી રહે જો સૂર્ય પર્વત પર પહોંચનારી રેખાથી મળે છે તો ત્યારે એક સારો ધન યોગ બને છે. જેને ભાસ્કર યોગના નામથી ઓળખવામાં આવે છે. આવા લોકો ખૂબ ગુણવાન અને જ્ઞાની હોય છે તેની કળા અને જ્ઞાનથી અનેક ઉપાય કરી ખૂબ પૈસા અને નામથી ઓળખાવમાં આવે છે.

## વુમન વર્લ્ડ

## વૃક્ષ કપાતું બચે એ માટે છોકરીએ ડુડલમાં વૃક્ષને જૂતા પહેરાવી પૈડા લગાવ્યા




હરિયાણાના ગુડગાંવમાં રહેતી સાત વર્ષની દિવ્યાંશી સિંઘલ રજાના દિવસોમાં નાનીને ત્યાં લખનઉ ગઈ હતી. જ્યાં તેના ઘરની આસપાસના વૃક્ષો કાપી નાંખવામાં આવ્યા હતા. એ જોઈને તે ખૂબ રડી. તેને સ્કૂલમાં ભણાવાયેલું કે વૃક્ષો કાપવાને કારણે આપણને ઓચો ઓક્સિજન મળે છે. રડતી બાળકીને સાંત કરવા તેની મમ્મીએ તેને ફોસલાવીને બીજે મન પરોવાય એ માટે ડ્રોઈંગ શીટ આપીને કહ્યું કે કપાતાં વૃક્ષો જોઈને તને જે વિચાર આવતો હોય એનું દ્રશ્ય તે કાગળ પર દોર. દિવ્યાંશીએ જે ચિત્ર દોર્યું એમાં વૃક્ષો તો હતા જ પણ એની નીચે જૂતા પહેરાવ્યા. તેને લાગતું હતું કે જો ઝાડ પાસે જૂતા અને પૈડા હોય તો જ્યારે કોઈ એને કાપવા આવે ત્યારે એ પોતાને બચાવી શકશે. દિવ્યાંશીની મા દીપ્તિએ આ પેઈન્ટિંગ ધ વોકિંગ ટ્રીને ગુગલ દ્વારા આયોજિત ૨૦૧૯ ડુડલ ફોર ગુગલ કોમ્પિટિશનમાં મોકલી આપ્યું. નવાઈની વાત એ છે કે દિવ્યાંશીના આ પેઈન્ટિંગને ૧.૧ લાખ સ્પર્ધકોમાંથી નંબર વન મળ્યો. ચિલ્ડ્રન્સ ડે પર ગુગલે આખો દિવસ આ ડુડલ આખા દેશમાં દેખાડ્યું હતું. પ્રાઈઝમાં દિવ્યાંશીને પાંચ લાખ રુપિયાની કોલેજની અને બે લાખ રૂપિયા સ્કૂલની સ્કોલરશીપ આપવામાં આવશે.

## અનિતા આનંદને કેનેડામાં સાર્વજનિક સેવા અને ખરીદ વિભાગનો હવાલો સોંપાયો




કેનેડામાં નવી સરકાર આવી છે અને ત્યાં પણ ભારતીય મૂળના લોકોનો દબદબો જોવા મળી રહ્યો છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ પોતાની નવી કેબિનેટની જાહેરાત કરી છે. આ કેબિનેટમાં ભારતીય મૂળની અનિતા આનંદને પણ સામેલ કરવામાં આવ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ કેબિનેટમાં સ્થાન પામનારી અનિતા આનંદ પહેલી ભારતીય હિંદુ છે. જો કે અનિતા એકલી મહિલા નતી જેને કેનેડાની નવી સરકારમાં સમાવિષ્ટ કરવામાં આવી હોય. અનિતા આનંદને કેનેડાની નવી કેબિનેટમાં સાર્વજનિક સેવા અને ખરીદમંત્રીનું પદ આપવામાં આવ્યું છે. ટોરન્ટો વિદ્યાલયમાં કાયદાની પ્રોફેસર તરીકે પણ અનિતા આનંદે સેવા આપી છે. તેમના દિવંગત માતા પંજાબના અમૃતસરના હતા અને પિતા તમિલિયન છે. તે ઓકવિલે ક્ષેત્રમાં ભારતીય કેનેડાના લોકો સાથે જોડાયેલી છે અને ચાર બાળકોના માતા પણ છે.



## સી સર્ફિંગમાં ફ્રેન્ચ સર્ફર જસ્ટિન ડુપોન્ટનો વિક્રમ

ફ્રેન્ચ સર્ફર જસ્ટિન ડુપોન્ટે પોર્ટુગલના નઝારે બીચ નજીક દરિયામાં ૭૦ ફૂટ ઊંચા મોજા પર સવારી કરીને અગાઉનો ૬૮ ફૂટનો વિક્રમ તોજ્યો હોવાનું મનાય છે. અત્યાર સુધી બ્રાઝિલિયન સર્ફર મહિલા માયા ગેબ્રિયેલાનો ૬૮ ફૂટ ઊંચા મોજા પર સવારી કરવાનો સી સર્ફિંગનો વિક્રમ હતો. જો કે વિક્રમ તોડ્યાના દાવાની સત્તાવાર ચકાસણી હજી બાકી છે. જસ્ટિન ડુપોન્ટનો નવો વિક્રમ હોવાનું જાણકારો માને છે આ ઘટના સી સર્ફિંગનો વિશ્વ વિક્રમ છે કે નહીં એ વર્લ્ડ સર્ફ લીગના નિષ્માંતો નક્કી કરશે.

## પિતા પોતાની પુત્રી સાથે લગ્ન કરી શકે?

ઈરાનની સંસદમાં એક આશ્ચર્યજનક બિલ પાસ કરવામાં આવ્યું છે. આ બિલ મુજબ પિતા પોતાની પુત્રી સાથે લગ્ન કરી શકે છે અલબત્ત પોતાની દત્તક લીધેલી પુત્રી સાથે. આ બિલ તેમને એ હક આપે છે પરંતુ તેમાં એક શરત પણ રાખવામાં આવી છે. આ બિલ મુજબ ઈરાનમાં કોઈ પણ શખ્સ ૧૩ વર્ષથી વધારે વયની દત્તક લીધેલી દીકરી સાથે લગ્ન કરી શકે છે. ઘણા લોકો આ નિયમનો વિરોધ પણ કરી રહ્યા છે.

## શિયાળામાં રૂક્ષ થઈ જતાં હોઠને આ રીતે બચાવો

- અધર, નરમ, કોમલ અને લાલિમાયુક્ત રહે તે માટે ઊચિત દેખભાળની જરૂર હોય છે.

- નિયમિત કાચા દૂધના ફીણને હોઠ પર લગડવાથી રૂક્ષ નથી થઈ જતા તેમજ ચમક જળવાઈ રહે છે. શુદ્ધ ઘી હોઠ પર લગાડવાથી અધરોને આભા મળે છે, તે નરમ બને છે.

- હોઠ પર કાળાશ છવાઈ ગઈ હોય તો, તેના પર લીંબુની છાલ ધીરે ધીરે નિયમીત રગડવાથી કાળાશ દૂર થાય છે. રૂક્ષ થઈ ગયેલી હોઠ પરની ત્વચાને ખેંચીને કાઢવી નહીં. તેના પર વેસલિન કે ઘી લગાડીને નરમ કરવી જેથી આપોઆપ નીકળી જશે.

- રૂક્ષ હોઠ પરબેબી ઓઈલ અથવા તો પેટ્રોલિયમ જેલી લગાડવાથી હોઠ પર ચિકાશ આવે છે. ટમાટાનો રસ, લીંબુનો રસ તથા ગ્લિસરિન સમપ્રમાણ માત્રામાં લઈરાતના સૂતા પહેલા હોઠ પર લગાડવાથી ત્વચા નરમ-મુલાયમ રહે છે.

- ઘર બહાર નીકળતા પહેલા હોઠ પર અધરો પર ચિકાશયુક્ત ક્રીમ લગાડવું જેથી પ્રદૂષણની અસર હોઠ પર થાય નહીં.

- શુદ્ધ ચંદનને ઘસી તેમાં થોડી મલાઈ ભેળવી હોઠ પર લગાડવાથી ત્વચ કોમળ રહે છે.

- કાળા જાંબુ ખાધા બાદ તરત જ હોઠને ધોઈ નાખવા અને પછી લીંબુ ઘસી નાખવું જેથી હોઠની રંગત જળવાઈ રહેશે.

- સૂતા પહેલા હોઠ પરથી લગાડેલી લિપસ્ટિક દૂર કરવી. વધુ સમય સુધી લાગેલી લિપસ્ટિક હોઠની ચમક દૂર કરે છે. ઊચ્ચ ગુણવત્તાયુક્ત લિપસ્ટિકનો ઉપયોગ કરવો. હલકી ગુણવત્તા ધરાવતી લિપસ્ટિકથી હોઠની ત્વચા કાળી પડી જવાની શક્યતા રહે છે.

- અધરોના સૌંદર્યને જાળવી રાખવા માટે વધારે મોઢું ખોલીને વાતચીત કરવાથી હોઠની ત્વચા ખેંચાઈ શકે છે. તેથી આ રીતે વાતચીત કરવી નહીં.


### સેવ ઉસળ



સામગ્રી : ૧/૨૫ કપ – વટાણા, ૩ મોટી ચમચી – તેલ, ૧ ચમચી – જીરૂ, ૧/૨ ચમચી – રાઇ, ૧/૨ ચમચી – હીંગ, ૧ નંગ – ડુંગળી, ૧ નંગ – ટામેટા,, ૧/૨ ચમચી – હળદર, જીરૂ પાઉડર, ૧ ચમચી – લાલ મરચું, મીઠું

રીત : સૌ પ્રથમ લીલા વટાણાને આખી રાત પલાળી રાખો. એક કૂકરમાં તેને ૨–૩ સીટી વગાડી બાફી લો. એક કઢાઇમાં તેલ ગરમ કરો. ત્યાર પછી તેમા રાઇ, જીરૂ, હીંગ ઉમેરી લો. તેને સાંતળી લો. હવે તેમા ડુંગળી, ટામેટા ઉમેરો તે નરમ થાય ત્યા સુધી સાંતળી લો. હવે તેમા મીઠું, લાલ મરચું, હળદર અને ગરમ મસાલો ઉમેરી બરાબર હલાવી લો. હવે તેમા અધકચરા વટાણા મેશ કરીને ઉમેરો. તેમા થોડૂક પાણી ઉમેરો. હવે આ મિશ્રણ ઘટ્ટ થાય ત્યાં સુધી ચઢવા દો. હવે આ રગડાને એક બાઉલમાં નીકાળી લો અને ઉપરથી સેવ, સમારેલી ડુંગળી, ટામેટા, કોથમીર ઉમેરીને ગાર્નિશ કરો. તે સિવાય તમે ઉપરથી લસણની ચટણી, લીલી ચટણી પણ ઉમેરી શકો છો તૈયાર છે ચટાકેદાર સેવ ઉસળ.

### ઇદડા



સામગ્રી : ૩ કપ – ચોખા, ૧ કપ – અડદની દાળ ૧/૪ કપ – પલાળેલા પૌઆ, ૩ મોટી ચમચી – લીલા મરચા–આદુની પેસ્ટ, ૧ નાની ચમચી – હીંગ, ૧ ચમચી – ઇનો, ૧ મોટી ચમચી – લાલ મરચું, ૧ ચમચી – કાળામરી, સ્વાદાનુસાર – મીઠું, ૧/૪ કપ – તેલ, ૧ ચમચી – કોથમીર

રીત : સૌ પ્રથમ ચોખા અને અડડની દાળને ૫ – ૬ કલાક પલાળવા. ચોખા, અદડની દાળ અને પલાળેલા પૌઆને મિક્સરમાં વાટી લેવા. ફરીથી ૪ – ૫ કલાક માટે સાઈડમાં મૂકી રાખવું. ત્યાર પછી તેમાં લીલા મરચાં અને આદુની પેસ્ટ , હીગ અને મીઠું ઉમેરવું. ઈદડાના કુકરમાં પાણી ઉકાળવા મુકવુ. થાળીમાં તેલ લગાડવું. ઈદડા ના ખીરામાં ઈનોની પાઉચ ઉમેરી બરાબર હલાવવું થાળીમાં ખીરું રેડવું. ઉપરથી લાલ મરચાં ની ભૂકી અને મરી પાવડર ભભરાવો. કુકરમાં થાળી મૂકીને ૫ – ૬ મિનિટ માટે વરાળથી ચઢવા દેવું. હવે થાળી બહાર કાઢયા પછી ઉપર તેલ લગાડી ને પીરસવું. તેમજ રાઈનો વઘાર કરી કોથમીર અને તલથી સજાવવુ.

### ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | ૧૨ | ■ | |
| ■ | | ■ | ૧૩ | ■ | ૧૪ | ■ | ૧૫ | ૧૬ | |
| ૧૭ | | ૧૮ | | ■ | ૧૯ | ૨૦ | | | ■ |
| | ■ | ૨૧ | | ૨૨ | ■ | | ■ | ૨૩ | ૨૪ |
| ૨૫ | ૨૬ | | ■ | ૨૭ | ૨૮ | | ■ | ■ | |
| ■ | | ■ | ૨૯ | | | ■ | ૩૦ | ૩૧ | |
| ૩૨ | | ■ | | ■ | ૩૩ | | ■ | | ■ |
| ૩૪ | | | ■ | ૩૫ | | ■ | ૩૬ | | |

**આડી ચાવી :**

(૧) બંદોબસ્ત કરનાર, વ્યવસ્થાપક (૫)
(૪) પરતંત્ર (૪)
(૭) એક ધાતુ (૩)
(૮) અવાજ, તાન (૨)
(૯) મહેશ્વર, મહાદેવ (૩)
(૧૦) ઝાડ, પર્વત (૨)
(૧૫) રસેશ્વર, શ્રીકૃષ્ણ (૩)
(૧૭) દિલગીરી, ઉદાસીનતા (૪)
(૧૯) કુદૃષ્ટિ (૪)
(૨૧) મેથીની જાતનું ઘાસ (૩)
(૨૩) મ્યાનો, પાલખી (૨)
(૨૫) ચંપી, માલિશ (૩)
(૨૭) ઠામ, પાત્ર (૩)
(૨૯) લાજશરમ (૩)
(૩૦) કથન, વાતચીત (૩)
(૩૨) એક અને પા (૨)
(૩૩) થોડા વાળની સેર (૨)
(૩૪) ઈચ્છા, ખુશી (૩)
(૩૫) ખાસ ગુણ, રહસ્ય (૨)
(૩૬) હસવા જેવું કાર્ય (૩)

**ઊભી ચાવી :**

(૧) ઉતારો, પડાવ (૩)
(૨) તીવ્ર ઈચ્છા, પ્યાસ (૩)
(૩) પેટે, સાટે (૩)
(૪) પડતી, પરાજય (૩)
(૫) અડગ, ગંભીર, ઠરેલ (૨)
(૬) નવરાઈ, ફુરસદ (૪)
(૧૦) હેરાનગતિ પામેલું (૩)
(૧૨) ખપ, જરૂર (૩)
(૧૩) ધાન, ધાન્ય (૩)
(૧૪) કવિતાની કડી (૨)
(૧૬) ધ્રાસકો (૩)
(૧૭) માશૂક (૩)
(૧૮) રોગ, વાવડ (૩)
(૨૦) નમેલું, વાંકું (૩)
(૨૨) ભંડાર, વખાર (૩)
(૨૪) બદમાશ, ભટકેલ (૩)
(૨૬) બરદાશ, સેવાચાકરી (૪)
(૨૮) પોતાની મતલબ સાધનારું (૪)
(૨૯) અદશ્ય, ગૂઢ, ગુપ્ત (૨)
(૩૧) સફેદ કમળ (૩)
(૩૨) સરખું, સોગન (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# હું ત્યાં જાઉં કે ના જાઉં... કંઈ જ સમજાતું નથી

ચારેકોર ધરતી ને આકાશનું વિશાળકાય પેનેરમિક દૃશ્ય મારી આંખો સમક્ષ ધસી રહ્યું. બેહદ માનવવસ્તી છતાં બેજાન એવા શહેર કરતાં આ માનવવિહોણી ભગ્ન ધરતીમાંયે મને જીવન લાધ્યું.

નાનકડી બૅગ ઊંચકતાં મેં કાચા રસ્તે ચાલવા માંડ્યું.

ગગનચુંબી ઇમારતોથી ઘેરાઈ ગયેલા શહેર કરતાં અહીંના નાનાં-મોટાં નવાં-જૂનાં વૃક્ષો વધુ પ્રેક્ષણીય લાગ્યાં.

રસ્તો કાચો પણ કઠણ હતો.

રોજ સવારની મૉર્નિંગ વૉક કરતાં આજની વૉક સવિશેષ આહ્‌લાદક હતી. ધરતી પર આખી રાત લગી મિલોએ ઓકેલો ધુમાડો નહીં પણ ઊજળો,

સાવ ઊજળો સૂર્યપ્રકાશ હતો.

ગામ હજુ અડધો માઈલ દૂર હતું. પરીક્ષા પત્યા બાદ મારે દર ઉનાળે આમ જ આવવાનું થતું. આ ઉનાળેય આંબા મહોર્યા હતા. આ પેલો જૈફ આંબો અને હવે નાનકડું પણ સુકાઈ ગયેલું વાંધું... પછી ઢગલાબંધ કેસૂડાંથી લચી પડેલો આ ખાખરો... એ બધું જ મારી સ્મૃતિઓમાં આજેય અંકિત છે. સીમના પ્રત્યેક વૃક્ષને, પ્રત્યેક ખાડાટેકરાને હું ઓળખું છું. કેમ કે મારા બાળજીવનના અનેક પ્રસંગો એ બધાંની સાથે સંકળાયેલા છે.

તાપ વધતાં હું સહેજ અકળાયો.

એકાએક મારા હૃદય પર હળવો પણ ન સમજી શકાય એવો થડકાર આવી ગયો. આંબાઓના એક ઝૂંડ તળે છાંયડામાં ઢોરોનું ધણ વિસામો લેતું બેઠું છે. એ જોતાં જ મારા પગમાં અજાયબ સ્ફૂર્તિ આવી ગઈ. હૈયું ભરાઈ ગયું. ક્યારે દોડીને ત્યાં પહોંચી જાઉં ! સંતાતો જઉં કે સીધો જ જઉં ! દોડતો દોડતો જાઉં કે એકદમ ધીમેથી જાઉં ! જાતજાતના રોમાંચ અનુભવતો હું આગળ વધ્યો.

ચહેરા પર સ્મિત આવી જતું રોકવા મેં કોશિષ કરી પણ વ્યર્થ. વાગોળતી ભેંસોની પેલે પાર જોવા મેં કોશિશ કરી.

કંઈક દેખાયું.

મેં નિર્ણય બદલ્યો. એક ઝાડની પાછળ જઈ મારી બૅગ ખોલી. અંદરથી એક ટોકરી કાઢી. બૅગ બંધ કરી ટોકરી ખણખણે નહીં એ રીતે બીજા હાથમાં સંતાડી હું દિશા બદલીને આગળ વધ્યો. એક જૈફ વૃક્ષના વિશાળ થડના બહાર આવી ગયેલાં મૂળિયાં પર મસ્તક

મૂકી એક જોબન લાપરવાહીથી સૂતું હતું. સૂકા કાળા વાળના ઝૂંડથી એનો ચહેરો ઢંકાયેલો હતો. માત્ર ઓઢણીમાં એની આ કાયા હવે સમાતી નહોતી. દબાતા પગલે નજીક જતાં મેં એના કાન પાસે જઈને જ જોરથી ટોકરી ખખડાવી.

'ઓ...મા...રે !' કહેતાં એ ચીસ પાડીને જાગી ગઈ.

ત્વરાથી એણે મારી સામે જોયું. ધ્રૂજતા બદને, ઘેરાયેલી પણ વિહ્‌વળ આંખોએ એ મને શૂન્યમનસ્ક બની તાકી રહી.

'કેમ ચંદન ! આમ બાઘાની જેમ જોઈ શું રહી છે ? નથી ઓળખતી મને ?

હું... હું રમેશ !' મારે કહેવું પડ્યું.

'હાય... બાપ !' કહેતાં ચંદને બે હાથ પોતાના મોં પર ઢાંકી દીધા.

'શું થયું ચંદન ?'

'કાંઈ નહીં... કાંઈ નહીં... મને થયું કે આ તો સપનું કે...' બોલતાં ચંદન શરમાઈ. એણે વાત બદલી : 'આમ નાના છોકરાની જેમ બીવડાવતા શું

હશો ?'

'તું... તું.... ચંદન, કોઈથી બીવે એવી છે ખરી...?'

'હા...સ્તો'

છ માસમાં બદલાયેલી ચંદનને હું જોઈ રહ્યો. ઘણો ફરક પડ્યો હતો.


એના નિતંબ, પગની ઘૂંટીઓ, વક્ષઃસ્થળ, ગાલ અને આંખો એ બધાંયે અધિક ચંચળ અને... અને જાણે કે પુખ્ત બન્યાં હતાં.

બરાબર કસીને પહેરેલ કબજો જીર્ણ પણ હતો અને બટન તૂટું તૂટું થઈ રહ્યું હતું. એની ભીતર ડોકિયું કરતાં જ...

'આમ નફ્ફટ થઈ... શું... તમેય !' ચંદન બોલીને એકદમ નીચું જોઈ ગઈ.

હું પકડાઈ ગયો હતો.

હું હસવા માંડ્યો. ખડખડાટ હસ્યો. ખૂબ હસ્યો. સીમાડાઓ ગાજી રહ્યા. મારા હાસ્યના પડઘા પેલા વિશાળ તળાવની પાળે અથડાઈને પાછા આવ્યા




એકાએક મારા હૃદય પર હળવો પણ ન સમજી શકાય એવો થડકાર આવી ગયો. આંબાઓના એક ઝૂંડ તળે છાંયડામાં ઢોરોનું ધણ વિસામો લેતું બેઠું છે. એ જોતાં જ મારા પગમાં અજાયબ સ્ફૂર્તિ આવી ગઈ. હૈયું ભરાઈ ગયું. ક્યારે દોડીને ત્યાં પહોંચી જાઉં ! સંતાતો જઉં કે સીધો જ જઉં ! દોડતો દોડતો જાઉં કે એકદમ ધીમેથી જાઉં ! જાતજાતના રોમાંચ અનુભવતો હું આગળ વધ્યો.

અને હું ગંભીર થયો.

અને ધ્રાસકો પડ્યો.

ચંદન એક યુવતી હતી. પુખ્તતાને આરે આવેલી છોકરી હતી. કોઈના ઘરની લાજ હતી... એના ઘાઘરાની ફાટેલી કોરમાંથી સરી પડતો દેહ એના જોબનિયાની ચાડી ખાવા કરતાં એની ગરીબીની મશ્કરી વધારે કરતો હોય એમ મને લાગ્યું. મારા હૃદય પર જાણે કે હથોડો ઝીંકાયો. ચંદન અત્યારે તો સાવ ઓછું ભણેલી, સામાન્ય ઘરની એક ગોવાળની દીકરી હતી. આમ જોવા જતાં એને ને મારે શું ! પણ એ જ સમજાતું નહોતું. એ નાનકડી ચંદન અને હું આ સીમમાં ખૂબ રમ્યાં હતાં. ખૂબ ભમ્યાં હતાં. ખૂબ રખડ્યાં હતાં. ખૂબ ઝઘડ્યાં હતાં. ચંદન એના બાપુ સાથે ધણ ચરાવવા આવતી. હું અને બજા ઘણા મિત્રો ભરબપોરે છાનામાના સીમમાં ભાગી આવતા. ચંદનના બાપુ અમને કેરીઓ પાડી આપતા. અમે ખાતાં અને...

પણ આ ચંદન તે તો નવી જ ચંદન.

ચંદને એના ઘાઘરાની કોર્ય સરખી કરી તન ઢાંકી દીધું.

એક લાંબો શ્વાસ લેતાં મેં એની આંખોમાં જોયું. ચંદનની ભાવવાહી આંખો મારી આંખોમાં પરોવાઈ હતી. એ શું શોધતી હતી એ મને ન સમજાયું. હું એનામાં શું શોધતો હતો એ મને ન સમજાયું.

પરંતુ કેટલીયે ક્ષણો આમ ને આમ ચૂપચાપ પસાર થઈ ગઈ.

મને એકાએક યાદ આવ્યું : 'અરે... હા જો ચંદન ! તારા માટે હું ટોકરી લાવ્યો છું.'

'મારા માટે !' ચંદને આશ્ચર્ય વ્યક્ત કર્યું.

'તારા માટે એટલે કે તારા વાછરડા માટે. ગઈ ફેરા તેં કહ્યું હતું ને કે તારી ગાયને સરસ મજાનો વાછરડો આવ્યો છે. ત્યારે એના ગળે લટકાવવા માટે મેં ટોકરી લાવવા તને કહ્યું હતું ને... જો આ છે તે ટોકરી.'

ચંદને મારા હાથમાંથી ટોકરી લીધી. એને જોઈ. ખુશ થઈ અને એકાએક પાછી આપી દીધી.

'કે...મ ?'

'નહીં... નહીં... મારે નથી જરૂર એની.'

'કેમ ?'

'વાછરડો વેચાઈ ગયો. એ હવે અમારી પાસે નથી...' બોલતાં ચંદનનો સાદ ભીનો થયો.

'એ...ટ...લે ?'

ચંદન ચૂપ થઈ.

મેં ચારેકોર છાંયડે બેઠેલા ધણ તરફ નજર નાખી.

એકેએક ગાય-ભેંસ દૂબળી થઈ હતી. જાણે નર્યા હાડપિંજર બેઠાં હતાં.

ડોળા બહાર નીકળી આવ્યા હતા. વાગોળવાની પણ એમનામાં તાકાત નહોતી.

છપ્પનિયા કરતાંયે વધુ કપરા આ દુકાળના વર્ષમાં ચંદન બાપડી વાછરડાને શું

ખવડાવે...! સારું થયું કે એને વેચી દીધો.

'રહેવાના છો ને ?' ચંદને પૂછ્યું.

'હા.'

'કેટલા દિવસ ?'

'તું કહે એટલા !' બોલતાં તો હું બોલી ગયો. પણ કયા અધિકારે હું બોલ્યો એ ન સમજાતાં મૂંઝાઈ ગયો.

મેં જોયું તો ચંદન અધીક ગંભીર થઈ હતી, પણ એની નજર નીચે હતી.

પગના અંગૂઠાથી એ જમીન ખોતરી રહી.

મેં કહ્યું : 'ચંદન... ઘેર આવજે ને...!'

મારી વાત પર જાણે કે તે હસી રહી.

હું ચાલ્યો ગયો.

'બસ... જાવ છો ?'

'હા...સ્તો...'

'પણ... એટલામાં ?' ચંદને ફરી બહાવરા સ્વરે પૂછ્યું.

હું એની સામે જ જોઈ રહ્યો. શાયદ એ વધુ મૂંઝાઈ હતી કે કયા અધિકારે એણે મને આમ કહ્યું.

હું થોભ્યો.

બેઉ એકબીજા સામે ચૂપચાપ કેટલીક ક્ષણો જોઈ રહ્યા. એણે નીચે જોયું ને મેં ચાલવા માંડ્યું.

ઘેર આવતાં જ ગભાણમાં વાછરડો બાંધેલો જોયો.

મેં મારી બાને પૂછ્યું : 'આ... વાછરડો !'

'પેલા ગોવાળ પાસેથી લીધો છે. ભઈ... બિચારાથી એનું જ પેટ ન'તું ભરાતું ત્યાં આ વાછરડાનું તો... ક્યાંથી પૂરું કરે... એટલે આપણે જ ખરીદી લીધો.' આ જવાબ મળતાં જ હું હેબતાઈ ગયો.

મારા હાથમાંથી ટોકરી સરી પડી.

અને...

થોડાક જ દિવસો બાદ મને કહેવામાં આયું કે, મારી સગાઈ મારી ગેરહાજરીમાં જ ક્યાંક કરી દેવાઈ છે ત્યારે... વાછરડા કરતાંયે મને મારી જાતની વધુ દયા આવી.

હું સીમ ભણી દોડ્યો. ચંદનને બધું કહી દઉં કે... 'ચંદન... ચંદન... ચંદન...'

પણ કહીનેય શું કહું ? કંઈ જ સમજાતું નથી. ચંદનને ને મારે શું ?


તો પછી હું સીમ ભણી દોડ્યો શા માટે ? આ પેલું દેખાય ધણ... એ જૈફ ઝાડ તળે જ ચંદન બેઠી હશે.

હું ત્યાં જાઉં કે ના જાઉં... કંઈ જ સમજાતું નથી.


દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102


## જાણવા જેવું

### આપણે જુદા જુદા શબ્દો કઈ રીતે બોલીએ છીએ ?



આપણો અવાજ ગળામાં રહેલી સ્વરપેટીમાં ઉત્પન્ન થાય છે. સ્વરપેટીમાં ઝીણા તાંતણા સમાંતર ગોઠવાયેલા હોય છે. તેમાંથી હવા પસાર થાય ત્યારે તે ઝણઝણે છે અને અવાજ પેદા કરે છે. આ અવાજને જુદા જુદા સ્વરૂપોનું રૂપ આપવામાં જીભ, દાંત અને તાળવું ઉપયોગી થાય છે. આપણી માતૃભાષા ગુજરાતી એટલે આપણે શબ્દો બોલવા માટે કક્કો અને બારાખડીનો ઉપયોગ કરીએ છીએ. કક્કાનો દરેક અક્ષર બોલવામાં જીભ મદદરૂપ થાય છે ક, ખ, ગ જેવા મૂળાક્ષરો મોં ખુલ્લુ રાખીને ગળામાંથી બોલાય છે જ્યારે ચ, છ જેવા અક્ષરો બોલતી વખતે જીભ, દાંત, તાળવાની વચ્ચે સ્પર્શ કરે છે. આ સ્થળને મૂર્ધન્ય કહેછે. પ, ફ, બ જેવા મૂળાક્ષરો હોઠ બંધ રાખીને બોલાય છે અને ત, ધ, દ જેવા શબ્દો બોલતી વખતે જીભ દાંતને સ્પર્શે છે. ભાષા, સમજવા, બોલવા અને શીખવા માટે મગજમાં ખાસ કેન્દ્ર હોય છે શબ્દો બોલવાની રીત મોંની રચના સાથે સંબંધ ધરાવે છે.

### આપણે પીધેલા પાણીનું શરીરમાં શું થાય છે ?

આપણે જમ્યા પછી પાણી પીએ છીએ. દિવસમાં ઘણી વાર તરસ લાગે એટલે પાણી પીએ. આપણે ખોરાક કરતાં વધુ પાણી શરીરમાં નાખીએ છીએ. આટલા બધા પાણીનું શરીરમાં શું કામ ? તે જાણો છો ? ખોરાક પોષક દ્રવ્યો પુરા પાડે છે. આ દ્રવ્યોને શરીરના ભાગોમાં મોકલવા માટે પ્રવાહીની જરૂર પડે. જમ્યા પછી પીધેલું પાણી ખોરાકને અર્ધપ્રવાહી બનાવે છે અને પાચન તંત્રમાં આગળ ધકેલે છે. પાણી શરીરમાં કોઈ રાસાયણિક પ્રક્રિયા કરતું નથી. લોહીને પ્રવાહી રાખવા માટે પાણીની જરૂર પડે. આમ શરીરમાં વિવિધ દ્રવ્યોના વહન માટે પાણી ઉપયોગી થાય છે. પાણી ૧૦૦ ડિગ્રી તાપમાન સુધી પ્રવાહી રહે છે અને મોટાભાગના દ્રવ્યો તેમાં ઓગળે છે. શરીરને લચીલું રાખવા ઉષ્ણતામાન જાળવી રાખવા પાણીની જરૂર પડે. આપણા શરીરમાં ૫૦ થી ૬૦ ટકા પાણી હોય છે. શરીરના કોષોને સક્રિય રાખવા પાણી જોઈએ. અને શરીરની પરસેવા દ્વારા અશુધ્ધિઓ દૂર કરવા માટે પાણી મદદરૂપ થાય છે.



# દુનિયાની સૌથી વધુ વેલ્યુએબલ કંપની 'આલ્ફાબેટ'ના CEO તરીકે સુંદર પિચાઈ

**• પૃથ્વી પરના સૌથી શક્તિશાળી ટેકનોક્રેટ્સમાં સુંદરનો સમાવેશ, સીઈઓ તરીકે હવે સવા બસ્સો કંપનીઓ સંભાળશે**




વોશિંગ્ટન : ગૂગલની પેરેન્ટ કંપની આલ્ફાબેટના સીઈઓ તરીકે આજે સુંદર પિછાઈની નિમણુંક કરવામાં આવી હતી. સુંદર પિછાઈ ઑગસ્ટ ૨૦૧૫થી ગૂગલના સીઈઓ છે. ટેકનોલોજિ જગતના આ મહત્ત્વપૂર્ણ અને મોટા સમાચારની જાહેરાત ગૂગલના સ્થાપકો લેરી પેજ અને સર્જી બ્રિને આજે કરી હતી. ૨૧ વર્ષ પહેલા ૧૯૯૮માં લેરી અને સર્જીએ ગૂગલની સ્થાપના કરી હતી. અત્યારનો યુગ સંપૂર્ણપણે ગૂગલ આધારીત છે. એ સમયે સત્તા પર ચિટકી રહેવાને બદલે લેરી-સર્જીએ જગતનું અતી શક્તિશાળી કહી શકાય એવુ પદ ભારતીય મૂળના ટેકનોક્રેટ સુંદર પિછાઈને આપી દીધું છે. હવે સુંદર પિછાઈ ગૂગલ ઉપરાંત તેની પેરેન્ટ કંપની આલ્ફાબેટ પણ સંભાળશે. આલ્ફાબેટ એ જગતની સૌથી વધુ વેલ્યુએબલ (મુલ્યવાન) કંપની છે. આ જાહેરાત કરતો પત્ર લેરી-સર્જીએ આલ્ફાબેટની વેબસાઈટ પર મુક્યો હતો. તેમાં લખ્યું છે કે સુંદર ગૂગલને સારી રીતે સંભાળી રહ્યા છે. અમે બદલતા સમયની જરૂરને પારખીને ઑક્ટોબર ૨૦૧૫માં આલ્ફાબેટ ઈન્કોર્પોરેશનની સ્થાપના કરી હતી.

# ટ્રમ્પે અંગત સ્વાર્થ માટે સત્તાનો દુરુપયોગ કર્યો, કાર્યવાહી કરાશે

**• નિર્ણય રાષ્ટ્રહિત માટે હોવાનો ટ્રમ્પનો લુલો બચાવ મહાભિયોગ કાર્યવાહી માટે પુરતા પુરાવા છેઃ ડેમોક્રેટ્સ**

વોશિંગ્ટન : પ્રમુખ ટ્રમ્પે ૨૦૨૦ની પ્રમુખની ચૂંટણી ફરીથી જીતવા વિદેશી સરકારને મધ્યસ્થી માગીને અમેરિકાની સુરક્ષા પર જોખમ ઊભા કર્યા હતા અને પોતાના હોદ્દાનો દુરૂપયોગ કર્યો હતો, એમ વિરોધ પક્ષ ડેમોક્રેટેસએ આક્ષેપ કર્યો હતો અને કહ્યું હતું કે ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહી કરવા પુરતા પુરાવા છે. ટ્રમ્પ સામે મહાભિયોગની કાર્યવાહી કરનાર સંસદની ઈન્ટેલીજેન્સ કમિટિ અનુસાર, રિપબ્લીકન પ્રમુખે ૨૦૨૦ની પ્રમુખપદની ચૂંટણી ફરીથી જીતવા યુક્રેનની મદદ માગીને અમેરિકાના હિત કરતાં પોતાના અંગત સ્વાર્થને પ્રાધાન્યતા આપી હતી અને દેશની સુરક્ષા સાથે ચેંડા કર્યા હતા. 'પુરાવાથી સાબીત થાય છે કે પ્રમુખ ટ્રમ્પે પોતાના રાજકીય હરિફ અને પૂર્વ ઉપ-પ્રમુખ જો બિડેનને હરાવવા તેમની જાસુસી કરવા યુક્રેન પર દબાણ કરવા પોતાની સત્તાનો દુરૂપોયગો કર્યો હતો. પછી એવી વાત ઉપજાવી કાઢી હતી કે રશિયા નહીં પરંતુ યુક્રેને ૨૦૧૬ની ચૂંટણમાં દખલગીરી કરી હતી તેવી થીયરી તરતી મૂકી હતી'એમ મંગળવારે અહેવાલ જારી થયા હતા.

# પેરિસ ખાતે પોલ ગોગીનના દુર્લભ ચિત્રની ૧.૦૫ કરોડ ડોલરમાં હરાજી



પેરિસ : પેરિસ ખાતે યોજાયેલી એક હરાજીમાં મંગળવારે ફ્રેન્ચ ચિત્રકાર પોલ ગોગીનના દુર્લભ કેનવાસ ચિત્રના ૯.૫ મિલિયન યુરોસ (૧.૦૫ કરોડ ડોલર) ઉપજ્યા હતા. ઓક્શન હાઉસના કહેવા પ્રમાણે તેમને હરાજીમાં ચિત્રની અંદાજિત કિંમત કરતા લગભગ બમણી કિંમત મળી છે. પોલિનેશિયન ટાપુઓ પર ગોગીનના યુવાન છોકરીઓ સાથેના સંબંધો અને તેના ચિત્રમાં નિરુપણ અંગે નવા વિવાદો સામે આવી રહ્યા છે ત્યારે આ બધા વચ્ચે ચિત્રની બોલીમાં લોકોને ખૂબ રસ પડયો હતો. પોલ ગોગીન દ્વારા ૧૮૯૭ના ગાળામાં દોરવામાં આવેલા 'તે બૌરો-૨', સ્થાનિક ભાષામાં 'ટ્રી' નામના ચિત્રના હરાજીમાં પાંચથી સાત મિલિયન યુરો ઉપજે તેવી શક્યતા હતી પરંતુ તેનાથી લગભગ બમણી કિંમતમાં તે વેચાયું છે. આર્ટક્યુરિયલ ઓક્શન હાઉસના કહેવા પ્રમાણે ચિત્રને ખરીદનાર એક આંતરરાષ્ટ્રીય સંગ્રાહક છે.

# ટિકટોક પર યુએસનો ડેટા ચોરીને ચીન પહોંચાડાય છે : વિદ્યાર્થીનીનો દાવો

**• ટિકટોકે હોન્ગની જાણ બહાર તેનું એકાઉન્ટ બનાવી તેણે ડ્રાફ્ટમાં રાખેલા વીડિયો પણ જાહેર કરી દીધા**




બેઈજિંગ : કેલિફોર્નિયાના પાલો આલ્ટો શહેરની એક વિદ્યાર્થીની મિસ્ટી હોન્ગે નાના વીડિયો બનાવવા માટેના અને શેર કરવા માટેના ચાઈનીઝ પ્લેટફોર્મ ટિકટોક વિરુદ્ધ અમેરિકાની કોર્ટમાં દાવો માંડયો છે.

ટિકટોક નામની ચાઈનીઝ એપ પર મોટી સંખ્યામાં તેના વપરાશકર્તાઓનો ડેટા ચોરી કરવાનો આરોપ લાગ્યો છે. કેસમાં ટિકટોક પર વપરાશકર્તાની મંજૂરી વગર જ તેમના કન્ટેન્ટ અને ડેટા ચોરી કરી ચીન મોકલવાનો આરોપ મુકાયો છે. ટિકટોકની પેરેન્ટ કંપનીનું નામ 'બાઈટ ડાન્સ' છે અને તેનું મુખ્ય કાર્યાલય બેઈજિંગ ખાતે આવેલું છે. ભારત ઉપરાંત અમેરિકાના યુવાનોમાં પણ ટિકટોક એપ ખૂબ લોકપ્રિય થઈ રહી છે. પરંતુ ટિકટોક ઉત્તર અમેરિકામાં ડેટા સંગ્રહ અને સેન્સરશિપને લગતી ચિંતાઓને લઈ દબાણનો સામનો કરી રહ્યું છે. કેલિફોર્નિયાની કોર્ટમાં દાખલ કરાયેલા કેસમાં ટિકટોક પર તે યુઝર્સનો બાયોમેટ્રિક ડેટા, ખાનગી અને વ્યક્તિગત ઓળખાણ યોગ્ય ડેટા ચીન મોકલી રહ્યું હોવાનો આરોપ મુકાયો છે. આ ડેટાની મદદથી અમેરિકામાં હાલ અને ભવિષ્યમાં પણ કોઈ પણ વ્યક્તિની ઓળખ કરી શકાશે અને તેને ટ્રેક કરી શકાશે.

## હસ્તમૈથુનોપચાર ઉર્ફે માસ્ટરબેશન થેરાપી

ગતાંકથી શરૂ...

તે નિઃશુલ્ક માટે એકાંત સિવાય બીજી કોઈ ચીજની જરૂર પડતી નથી. તે નિઃશુલ્ક પ્રયોજી શકાય છે. તેના કોઈ હેલ્થહેઝાર્ડસ નથી. તે બિનહાનિકારક છે. તેને એઈડ્સ પ્રીવેન્શન માટેની વેક્સીન તરીકે ઓળખવામાં આવે છે.

લગ્નેત્તર સેક્સ સંબંધો સમાજમાં ખૂબ વ્યાપકપણે પ્રવર્તે છે. તેમાં પણ ઈમોશનલ ડીસ્ટર્બન્સ, રીલેશનશિપ બ્રેકડાઉન, ડ્રિપેશન, સ્યુસાઈડ ડીવોર્સ, લીગલ પ્રોબ્લેમ્સ, લીટીગેશન, સોશિયલ ટર્બ્યુલન્સ, બ્રોકન ફેમિલી, મરાઈટલ ક્વોરલ્સ જેવા અનેક કોમ્પ્લિકેશન ઉદભવે છે. છળ-કપટ-શંકા-જેલસી-આક્ષેપોથી જીવન ડહોળાઈ જાય છે. આવા સંજોગો ટાળવા માટે વ્યક્તિ હસ્તમૈથુન પ્રયોજી શકે છે. કેવળ સેક્સના આનંદ માટે લગ્નેત્તર સંબંધો બાંધીને ગંભીર કૌટુંબિક તણાવ નોતરતા લોકો હસ્તમૈથુનના પ્રયોગથી પોતાના આવેગોને વાળી શકે છે.



તનસ્વી તન, મનસ્વી મન

ડૉ. મુકુલ ચોક્સી

આવા લોકો માટે મેસ્ટરબેશન એ એક સેફટીવાલ્વની ગરજ સારે છે. જાતીય વૃત્તિઓ ઘણીવાર નિંરકુશ બની જતી હોય છે. જો તેને ડાયવર્ટ કરતાં ન આવડતું હોય તો બેહતર છે કે તેને યોગ્ય રીતે અભિવ્યક્ત થઈ જવા દો. સમાજમાં અપરિણીત, એકલા, ડીવોર્સી, વિધવા, વિધુરક, ત્યક્ત, સેપરેટેડ લોકોની સંખ્યા બહુ મોટી માત્રામાં છે. તે બધાની કામક્ષુધા સંતોષવા માટે તેઓ પાસે રેગ્યુલર સેક્સ પાર્ટનરની સુવિધા ઉપલબ્ધ નથી. આ બધા લોકો માટે હસ્તમૈથુનનો વિકલ્પ ખૂબ જ સરળ, સાહજિક અને યોગ્ય ગણાય.

ઘણા યુગલોમાં પતિ પત્નીની જાતીય ઈચ્છાઓ વત્તી-ઓછી હોય છે. જો એક પાર્ટનરને સેક્સ સંબંધ મહિને એકાદ-બે વાર જ જોઈતો હોય અને બીજા પાર્ટનરને રોજ જોઈતો હોય તો તેઓ વચ્ચે મનદુઃખ, ક્લેશ, ઝઘડા, શીતયુદ્ધ, તણાવ વગેરેમાંથી કંઈપણ પ્રવૃત્તિ શકે છે. આવા યુગલોમાં જે વ્યક્તિની કામેચ્છા વધારે હોય તે, પાર્ટનરને દાબદબાણથી સેક્સ માટે પ્રવૃત્ત કરે તેના કરતાં હસ્તમૈથુન કરી લે તો તેઓ બંને સમથાળ જીવન જીવતાં થઈ જઈ શકે છે. કેમકે કુદરતી રીતે અલ્પ કામેચ્છા ધરાવતી વ્યક્તિની કામેચ્છા વધારી શકાતી નથી. તે જ રીતે થોડી વધુ કામુક્તા ધરાવનાર કામુકતા ઘટાડી ય શકાતી નથી. બેજીક ઈન્સ્ટીક્સને વધારવા કે ઘટાડવા કરતાં તેને મેનેજ કરી ડાયવર્ટ કરવાનું વધારે ઈઝી અને લોજીકલ જણાય છે. જો ઈશ્વરે હસ્તમૈથુનનું પ્રોવિઝન ન કર્યું હોત તો સમાજ કેટલા અરૂચિકર, અવૈધ, અનૈતિક, દાબદબાણવાળા કામસંબંધોથી ખદબદતો હોત તેને કલ્પના કરતાં જ ધ્રૂજે જવાશે. હસ્તમૈથુનનો અતિરેક રોગ છે, પણ તેનો સંયત, ગાઈડેડ, સમજણપૂર્વકનો મર્યાદિત ઉપયોગ ચોક્કસ પરિસ્થિતિમાં ઉપચારાત્મક બની શકે છે. તેને માટે નિષ્ણાંતની તબીબી સલાહને અનુસરવું જરૂરી છે.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.) E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૩૨ વર્ષ છે. મારે બે બાળકો છે. મને છેલ્લા ઘણાં સમયથી પેડૂમાં દુખ્યા કરે છે તેમજ સફેદ પાણી પડવાની સમસ્યા પણ છે. પહેલાં મને એમ થયું કે વધારે કામ કરવાને કારણે આમ થતું હશે પણ આ દુખાવો સતત રહ્યાં કરે છે. હું આરામ કરું તો પણ દુખાવો થયા કરે છે. હું આરામ કરવા માટે મારા પિયર જઇ આવી પણ આરામના સમયે પણ દુખાવો તો રહે જ છે. શું મને ગર્ભાશયનું કેન્સર હશે? આ દુખાવો ક્યા કારણસર થતો હશે? સફેદ પાણી પણ પડે છે. પહેલાં મને આ તકલીફ નહોતી. મને કોઈ ઉપાય જણાવશો.**

જવાબ : સ્ત્રીઓના ભાગે કામનો બોજ પુરુષોની સરખામણીએ વધારે હોય છે. અલબત્ત, ભારે વસ્તુ ઉપાડવાનું કે એવું કોઈ કામ પુરુષ પાસે કરાવડાવો તો તેઓ ના નથી કહેતા પણ વારંવાર તેમને હેરાન ન કરવાની ભાવનાથી સ્ત્રીઓ જાતે જ અમુક વજનવાળી વસ્તુ જાતે ઊંચકીને એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી દેતી હોય છે. આના કારણે ઘણીવાર ગર્ભાશય નીચે આવી જવાની સમસ્યા થતી હોય છે. ગર્ભાશય નીચે આવી ગયું હોય તો પેડૂમાં દુખાવો અને સફેદ પાણી પડવાની સમસ્યા થવા લાગતી હોય છે. બને કે તમને પણ આ જ સમસ્યા હોય. માટે આ અંગે કોઈને પૂછીને ઉપાય કરવાથી કશું જ નહીં થાય, અને તમે એક મુશ્કેલીમાંથી બીજીમાં ફસાઈ જશો. માટે કોઈ સારા ગાયનેકને બતાવી દો. જો ગર્ભાશય નીચે આવી ગયું હોય તો આ માટે ચોક્કસ ઓપરેશન આવે છે તે કરાવડાવી લેવું જોઈએ.



મુંઝવણ

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૨૬ વર્ષ છે. મને બે વર્ષથી સમયસર માસિક નથી આવતું. મારાં લગ્નને એક વર્ષ થયું છે. હવે અમારે બાળક જોઇએ છે, પણ માસિક નિયમિત ન હોવાથી મને ડર લાગે છે કે બાળક રહેશે કે નહીં રહે. આ અંગે મારે શું કરવું જોઇએ?**

જવાબ : તમારે સૌપ્રથમ ગાયનેકને મળવાની જરૂર છે. પહેલાં માસિક નિયમિત કેમ નથી આવતું તે અંગે તપાસ કરાવડાવો, અને તેની દવા લો. દવા લેવાથી ઘણી સ્ત્રીઓને માસિકચક્ર નિયમિત થઈ જતું હોય છે. માસિક નિયમિત થાય ત્યારબાદ ગર્ભ અંગે વિચારવું.

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૧૮ વર્ષ છે. મારા પેનિસની લંબાઇ અને જાડાઇ બરાબર છે પણ તેના આગળના ભાગમાં થોડી ચામડી જામ થઇ ગઇ હોય તેવું લાગે છે. આ સમસ્યા નાનપણથી છે. આના કારણે યુરિનમાં પણ ક્યારેક સમસ્યા થાય છે. આ માટે મારે શું કરવું?**

જવાબ : તમારી જેમ ઘણાં ને આ તકલીફ હોય છે. પણ મોટેભાગે પેરેન્ટ્સને આ તકલીફની ખબર પડતાં જ ઓપરેશન કરાવડાવી નાખતાં હોય છે. આ ઓપરેશનમાં લિંગના આગળના ભાગની ચામડીને થોડી કટ કરવામાં આવતી હોય છે. તમે પણ આ ઓપરેશન કરાવડાવી શકો છો.

**પ્રશ્ન : નમસ્તે સર, મારી ઉંમર ૨૭ વર્ષ છે. મારાં લગ્નને થોડો સમય જ થયો છે. મારે જાણવું હતું કે શું સ્ત્રી સાથે માસિકચક્ર દરમિયાન સેક્સ કરાય? અને જો કરાય તો તેમાં શું ધ્યાન રાખવું પડતું હોય છે?**

જવાબ : માસિક સમયે સ્ત્રીને પેડૂમાં અને કમરમાં દુખાવો થતો હોવાથી તે સમયે સેક્સ તેને પીડાદાયક લાગતું હોય છે. આ વાત દરેક માટે રુચિકર નથી હોતી. તમને તેમાં કોઈ તકલીફ ન હોય પણ તમારી પાર્ટનરને તે અનહાઈજિન લાગતું હોય તો તે માટે ફોર્સ કરવો વાજબી નથી. માસિક સમયે ઈન્ફેક્શન થવાની સમસ્યા પણ વધી જતી હોય છે. એટલે તે સમયે સંભોગ ન કરવો વધુ હિતાવહ છે. બાકી બંને પાર્ટનરની મરજી હોય તો તમે કરી શકો છો. આ માટે હાઈજિન અંગે ખાસ કાળજી રાખવી જરૂરી છે.

# મેસ્સી વિક્રમી છઠ્ઠી વખત ફીફાનો બેસ્ટ પ્લેયર બન્યો

**સન્માન : ૨૦૧૯ની સિઝનમાં આર્જેન્ટિનાના સ્ટાર લાયોનલ મેસ્સીએ ગોલ્ડન શૂઝનો એવોર્ડ પણ જીત્યો હતો**

મેડ્રિડ : પોતાની ક્લબ તથા દેશ માટે કપરા સમયમાં પણ ફૂટબોલના મેદાન ઉપર સમર્થકોનું ભરપૂર મનોરંજન કરનાર આર્જેન્ટિનાના સ્ટાર લાયોનલ મેસ્સીએ વિક્રમી છઠ્ઠી વખત ફિફાના સર્વશ્રોષ્ઠ ખેલાડીનો એવોર્ડ જીત્યો હતો. ગઈ સિઝનમાં બાર્સેલોનાનું પ્રદર્શન સરેરાશ રહ્યું હતું. કોપા અમેરિકાની સેમિફાઈનલમાં બ્રાઝિલે આર્જેન્ટિનાને પરાજય આપ્યો હતો. તેમ છતાં ૨૦૧૯માં મેસ્સીનું પ્રદર્શન શાનદાર રહ્યું હતું. હવે તેના નામે ફૂટબોલના ઈતિહાસમાં સૌથી વધારે આ એવોર્ડ નોંધાયેલા છે. તેણે પાંચમો બલૂન ડી ઓર એવોર્ડ ચાર વર્ષ પહેલાં જીત્યો હતો. તેના પરંપરાગત હરિફ ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, જોહાન ક્રફ, માઈકલ પ્લેટિની તથા માર્કો વાન બાસ્ટેનના નામે બે-બે એવોર્ડ છે. અમેરિકાની નેશનલ ટીમની સુકાની મેગન રેપિનોએ વિમેન્સ કેટેગરીમાં ફિફાની બેસ્ટ પ્લેયર ઓફ ધ યરનો એવોર્ડ હાંસલ કર્યો હતો.




### ૫૪ મેચમાં ૪૬ ગોલ

મેસ્સીએ ચાલુ વર્ષે ૫૪ મેચ રમીને ૪૬ ગોલ કર્યા હતા અને તેણે ૧૭ ગોલમાં સાથી ખેલાડીઓ માટે સહાયકની ભૂમિકા અદા કરી હતી. બાર્સેલોના માટે તણે ૪૪ મેચમાં ૪૧ ગોલ કર્યા હતા અને ત્રણ હેટ્રિક પણ નોંધાવી હતી. સુકાની તરીકે મેસ્સીએ પ્રથમ સિઝનમાં ટીમને સતત ત્રીજું લા લીગાનું ટાઇટલ જીતાડી આપ્યું હતું. તેણે લેવાન્ટે સાથે ફાઇનલમાં વિજયી ગોલ પણ નોંધાવ્યો હતો. ચેમ્પિયન્સ લીગમાં મેસ્સીએ બે ગોલ નોંધાવ્યા હોવા છતાં બાર્સેલોનાને લીવરપૂલે પરાજય આપ્યો હતો.

## સાઉથ એશિયન ગેમ્સ: ભારતને સ્વિમિંગ તથા વેઈટલિફ્ટિંગમાં ચાર-ચાર ગોલ્ડ

પોખરા (નેપાળ) : ભારતીય એથ્લેટ્સે ગુરુવારે અહીં ૧૩મી સાઉથ એશિયન ગેમ્સમાં પોતાનો દબદબો જાળવી રાખીને વેઈટલિફ્ટિંગ તથા સ્વિમિંગમાં ચાર-ચાર ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સ્વિમિંગમાં અપેક્ષા ફર્નાન્ડિઝે ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોક, એસપી લિખિતે ૨૦૦ મીટર બ્રેસ્ટ સ્ટ્રોકમાં તથા દિવ્યા સાતિજાએ ૧૦૦ મીટર બટરફલાય અને ચાર બાય ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રિલેમાં ગોલ્ડ મેડલ મેળવ્યા હતા. સ્વિમિંગમાં ભારતે ૪ ગોલ્ડ સહિત કુલ ૧૧ મેડલ્સ મેળવ્યા હતા. એશિયન વેઈટલિફ્ટિંગ ચેમ્પિયનશિપમાં સિલ્વર મેડલ મેળવનાર ઝિલી ડાલાબેહડાએ વિમેન્સ અં-૪૫ કિલોગ્રામ વેઈટ કેટેગરીમાં કુલ૧૫૧ કિલોગ્રામ (સ્નેચમાં ૬૬ તથા ક્લિન એન્ડ જર્કમાં ૮૫) ઊંચકીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. અં-૪૯ વેઈટ કેટેગરીમાં સ્નેહા સોરેને પ્રથમ, ૫૫ કિલોગ્રામ વેઈટ ગ્રૂપમાં કોમનવેલ્થ ચેમ્પિયનશિપની ગોલ્ડ મેડાલિસ્ટ સોરોખાઈબામ બિંદિયારાની દેવીએ ગોલ્ડ તથા સિદ્ધાંત ગોગોઈએ મેન્સ ૬૧ કિલોગ્રામ કેટેગરીમાં કુલ ૨૬૪ કિલોગ્રામ વજન ઊંચકીને ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો.

**ડોપિંગની દોષિત બોક્સર નીરજ ટોપ્સ સ્કીમમાંથી બહાર**

નવી દિલ્હી : ડોપિંગમાં સંડોવાયેલી મહિલા બોક્સર નીરજ ફોગાટને રમતમંત્રાલયે લક્ષ્ય ઓલિમ્પિક પોડિયમ સ્કીમની (ટોપ્સ, TOPS) યાદીમાંથી બહાર કરી દીધી છે. ભારતને ૨૦૨૦ ઓલિમ્પિકમાં ક્વોટા મેળવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરનાર તીરંદાજ દીપિકાકુમારીને આ યાદીમાં સામેલ કરાઇ છે.

## ભારતીય જુનિયર વિમેન્સ હોકી ટીમે ન્યૂઝીલેન્ડને ૨-૦થી હરાવ્યું

- ભારત માટે લાલરિંડકીએ ૧૫મી તથા પ્રભાલિને ૬૦મી મિનિટે ગોલ કર્યા



કેનબરા : ભારતીય જુનિયર મહિલા હોકી ટીમે બુધવારે અહીં ન્યૂઝીલેન્ડને ૨-૦થી હરાવીને ત્રણ દેશ વચ્ચે રમાતી ટૂર્નામેન્ટમાં પોતાના અભિયાનની સકારાત્મક શરૂઆત કરી હતી. લાલરિંડકીએ ભારત તરફથી ૧૫મી મિનિટે પ્રથમ ગોલ નોંધાવ્યો હતો. મિડફિલ્ડર પ્રભાલીન કૌરે ૬૦મી મિનિટે બીજો ગોલ નોંધાવીને ભારત માટે સ્કોર ૨-૦નો કર્યો હતો. ભારતે મેચની શરૂઆતથી જ આક્રમક અભિગમ અપનાવ્યો હતો અને ન્યૂઝીલેન્ડને મેચમાં પરત ફરવાની એક પણ તક આપી નહોતી. ન્યૂઝીલેન્ડે મંગળવારે ટૂર્નામેન્ટના પ્રથમ મુકાબલામાં ઓસ્ટ્રેલિયાને ૩-૧ના માર્જિનથી પરાજય આપ્યો હતો. ભારતને ત્રીજી જ મિનિટે પેનલ્ટી કોર્નર હાંસલ કર્યો હતો પરંતુ તેને ગોલમાં ફેરવી શક્યું નહોતું.

## આઈસીસીનો અખતરો : ભારત-વિન્ડીઝ શ્રેણીમાં થર્ડ અમ્પાયર નો-બોલ આપશે



હૈદરાબાદ : ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે રમાનારી ટ્વેન્ટી૨૦ તથા વન-ડે શ્રોણીના મુકાબલામાં હવે નો-બોલનો નિર્ણય ફિલ્ડ અમ્પાયર નહીં પરંતુ થર્ડ અમ્પાયર લેશે. આઈસીસીએ આ બાબતની જાહેરાત કરી હતી. શુક્રવારથી શરૂ થઈ રહેલી ટી૨૦ શ્રોણી દરમિયાન ટેક્નિક દ્વારા નો-બોલનો નિર્ણય લેવાનું પરીક્ષણ કરવામાં આવશે. આઈસીસીએ યાદીમાં જણાવ્યું હતું કે આ પૂરા ટ્રાયલ દરમિયાન ત્રીજા અમ્પાયર જ પ્રત્યેક નો-બોલનો નિર્ણય લેશે. થર્ડ અમ્પાયર જ બોલનો પગ પોપિંગ ક્રિઝની બહાર ગયો છે કે નહીં તેની સમીક્ષા કરશે અને પછીથી પોતાનો નિર્ણય જણાવશે. આઈસીસીએ જણાવ્યું હતું કે જો બોલ ક્રિઝની બહાર પગ મૂકશે તો ત્રીજો અમ્પાયર ઓન ફિલ્ડ અમ્પાયર સાથે વાત કરશે. એટલે કે ફિલ્ડ અમ્પાયર ત્રીજા અમ્પાયરની સહમતી વિના નો-બોલ આપી શકશે નહીં. આ રીતે બેનિફિટ ઓફ ડાઉટ બોલરને મળશે. જો નિર્ણય આપવામાં વિલંબ થશે તો મેદાન ઉપરનો ફિલ્ડ અમ્પાયર આઉટનો નિર્ણય બદલશે.

## કોહલી ફરીથી નં-૧ બેટ્સમેન બન્યો




દુબઇ : ભારતીય ટીમનો સુકાની વિરાટ કોહલી આઇસીસી ટેસ્ટ રેન્કિંગમાં ફરીથી નંબર-૧ બેટ્સમેન બની ગયો છે. તેણે ઓસ્ટ્રેલિયાના ભૂતપૂર્વ સુકાની સ્ટિવ સ્મિથને નંબર-૧ની રેસમાં પાછળ રાખી દીધો હતો. કોહલીએ બાંગ્લાદેશ સામે તાજેતરમાં રમાયેલી બે ટેસ્ટની શ્રોણીમાં સારો દેખાવ કર્યો હતો જેના કારણે તેના રેન્કિંગમાં સુધારો થયો હતો. આઇસીસીની નવી રેન્કિંગ મુજબ વિરાટ કોહલી ૯૨૮ પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને તથા સ્મિથ ૯૨૩ પોઇન્ટ સાથે બીજા ક્રમે છે. એશિઝ શ્રોણીમાં શાનદાર પ્રદર્શન કર્યા બાદ સ્મિથ નંબર-૧ બની ગયો હતો. હવે કોહલી ફરીથી નંબર-૧ ખુરશી ઉપર બિરાજ્યો છે. કોહલીએ ચાર ટેસ્ટમાં કુલ ૭૭૪ રન બનાવ્યા હતા. ઓસ્ટ્રેલિયાનો માર્કસ લાબુશેન પણ પ્રથમ વખત ટોપ-૧૦માં સામેલ થયો છે અને તે આઠમા ક્રમે છે. ભારતનો ચેતેશ્વર પૂજારા ચોથા અને ન્યૂઝીલેન્ડનો કેન વિલિયમ્સન ત્રીજા ક્રમાંકે જળવાઇ રહ્યા છે. પેસ બોલર્સમાં જસપ્રીત બુમરાહ પાંચમા તથા ઓફ સ્પિનર અશ્વિન નવમા ક્રમાંકે છે. પેટ કમિન્સ નંબર-૧ તથા સાઉથ આફ્રિકાનો કાગિસો રબાડા બીજા ક્રમે છે. સ્મિથ પાકિસ્તાન સામે કોઇ વિશેષ પ્રદર્શન કરી શક્યો નહોતો અને તેની સીધી અસર તેના રેન્કિંગ ઉપર પડી છે. સ્મિથે બ્રિસબેન ટેસ્ટમાં માત્ર ચાર રન બનાવ્યા હતા. એડિલેડમાં તે ૩૬ રન બનાવી શક્યો હતો. બીજી તરફ કોહલીએ બાંગ્લાદેશ સામેની પિંક બોલ ટેસ્ટમાં ૧૩૬ રનની ઇનિંગ્સ રમી હતી.

## ફેડરરના સન્માનમાં ૨૦ ફ્રેન્કના ચાંદીના સિક્કા જારી કરાયા

બર્ન : ટેનિસ પ્લેયર રોજર ફેડરર સ્વિટ્ઝરલેન્ડમાં એવો પ્રથમ જીવિત વ્યક્તિ છે જેના સન્માનમાં ચાંદીના સિક્કા બહાર પાડવામાં આવ્યા છે. સ્વિટ્ઝરલેન્ડની ફેડરલ મિન્ટ સ્વિસ મિન્ટે ફેડરરના સન્માનમાં તેની તસવીર સાથે ૨૦ ફ્રેન્કનો સિક્કો બનાવ્યો છે. કોઈ જીવિત વ્યક્તિના સન્માન માટે ચાંદીનો સ્મારક સિક્કો બહાર પાડવામાં આવ્યો હોય તેવો ઈતિહાસમાં આ પ્રથમ બનાવ છે. સ્વિસ મિન્ટે યાદીમાં જણાવ્યું હતું કે ફેડરલ મિન્ટ સ્વિસ મિન્ટ રોજર ફેડરરને સમર્પિત કરે છે. કોઈ જીવિત વ્યક્તિને પ્રથમ વખત આ રીતે સન્માનિત કરવામાં આવી રહ્યો છે. ફેડરરના બેકહેન્ડ રમતા ફોટોવાળા ૫૫ હજાર સિક્કા તૈયાર થઈ ચૂક્યા છે. સ્વિસ મિન્ટ ૨૦૨૦ના મે મહિનામાં ગોલ્ડનો ૫૦ ફ્રેન્કનો સિક્કો બહાર પાડશે.

## નેપાળની અંજલિની કમાલ, એક પણ રન આપ્યા વિના છ વિકેટ

નવી દિલ્હી : નેપાળની અંજલિ ચંદે ઘાતક બોલિંગ કરીને સાઉથ એશિયન ગેમ્સની વિમેન્સ ક્રિકેટ મુકાબલામાં એક પણ રન આપ્યા વિના છ વિકેટ ઝડપી હતી. અંજલિએ સોમવારે નેપાળના પોખરામાં રમાયેલી આ મેચમાં માલદીવની મહિલા ટીમ સામે આ સિદ્ધિ મેળવી હતી. સાઉથ એશિયન ગેમ્સની વિમેન્સ ક્રિકેટ ટૂર્નામેન્ટનો આ પ્રથમ મુકાબલો હતો જેમાં અંજલિએ ઈતિહાસ રચ્યો હતો. નેપાળે માલદીવની ટીમને માત્ર ૧૬ રનમાં ઓલઆઉટ કર્યા બાદ ફક્ત પાંચ બોલમાં વિના વિકેટે ૧૭ રન બનાવીને મુકાબલો જીતી લીધો હતો. ૨૪ વર્ષીય અંજલિએ આ ટી૨૦ ઈન્ટરનેશનલ મુકાબલામાં ૨.૧ ઓવરની બોલિંગ કરીને છ વિકેટ ઝડપી હતી. કરુણા ભંડારીએ પણ બે વિકેટ ઝડપી હતી. અંજલિએ ત્રણ બેટ્સવુમનને બોલ્ડ કરી હતી. તેણે બેને કેચઆઉટ તથા એકને સ્ટમ્પ આઉટ કરાવી હતી. સૌથી રસપ્રદ બાબત એ છે કે અંજલિની આ પ્રથમ ટી૨૦ ઈન્ટરનેશનલ મેચ હતી. નેપાળે આ મુકાબલો ૧૧૫ બોલ બાકી રાખીને ૧૦ વિકેટે જીતી લીધો હતો. અંજલિને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવી હતી.



## ઓસ્ટ્રેલિયાએ સતત બીજી વખત પાક.ને ઈનિંગ્સથી પરાજય આપ્યો

એડિલેડ : ઓસ્ટ્રેલિયાએ અહીંના એડિલેડ ઓવર ગ્રાઉન્ડ ખાતે રમાયેલી બીજી ક્રિકેટ ટેસ્ટ મેચ (ડે-નાઈટ)માં પાકિસ્તાનને એક ઈનિંગ્સ અને ૪૮ રનથી હરાવીને બે મેચની શ્રોણીમાં પ્રવાસી ટીમને ૨-૦થી વ્હાઈટવોશ કર્યો હતો. આ સાથે ઓસ્ટ્રેલિયાએ પાકિસ્તાનને સતત બીજી ટેસ્ટમાં ઈનિંગ્સથી પરાજય આપ્યો છે. ઓસ્ટ્રેલિયાએ પોતાના પ્રથમ દાવને ત્રણ વિકેટે ૫૮૯ રનના સ્કોરે ડિકલેર કર્યો હતો. તેના જવાબમાં પાકિસ્તાનની ટીમે યાસિર શાહે સદી નોંધાવી હોવા છતાં પોતાના પ્રથમ દાવમાં ૩૦૨ રન બનાવ્યા હતા. ત્યારબાદ યજમાન ટીમે તેને ફોલોઓન કરી હતી. ત્યારબાદ પાકિસ્તાનનો બીજો દાવ ૨૩૯ રનના સ્કોરે સમેટાઈ ગયો હતો અને તેને એક ઈનિંગ્સ અને ૪૮ રનથી પરાજયનો સામનો કરવો પડ્યો હતો.

# સુદાનમાં ફેક્ટરીમાં આગ : ૧૮ ભારતીય સહિત ૨૩ના મોત



• ૧૩૦થી વધુ ઘાયલસરકારે લોકોને રક્તદાન માટે અપીલ કરી, કારખાનામાં ૫૦ ભારતીય કારીગરો કામ કરતા હતા

ખાર્તૂમ : સુદાનની રાજધાની ખાર્તૂમ ખાતે આવેલી સીલા સિરામિક ફેક્ટરીના ગેસ ટેન્કરમાં વિસ્ફોટ થતા મંગળવારે ઓછામાં ઓછા ૨૩ લોકોના મૃત્યુ થયા હતા અને ૧૩૦થી વધારે લોકોને ઈજાઓ પહોંચી હતી. ઉત્તર ખાર્તૂમના ઔદ્યોગિક ઝોનમાં આવેલા ટાઈલ્સ નિર્માણ એકમમાં વિસ્ફોટ થતા ૨૩થી વધારે લોકો મૃત્યુ પામ્યા છે. કેબિનેટના જાહેર નિવેદનમાં ૨૩ લોકોના મોત અને ૧૩૦થી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનો ઉલ્લેખ કરાયો છે અને વિસ્ફોટ બાદ તે વિસ્તારમાં આકાશમાં કાળા ધૂમાડાના વાદળો છવાઈ ગયા હતા. સુદાન સરકારે ઘાયલોની સારવાર માટે લોકોને વધારે સંખ્યામાં રક્તદાન માટે આગળ આવવા અપીલ કરી છે અને ઘાયલો પૈકીના કેટલાકની સ્થિતિ ગંભીર હોવાથી મૃતકઆંકમાં વધારો થવાની શક્યતા દર્શાવી છે. સુદાનના ભારતીય દૂતાવાસે પોતાની વેબસાઈટ પર ગેસ ટેન્કરમાં થયેલા વિસ્ફોટની આ ઘટનામાં કેટલાક ભારતીય કારીગરો મૃત્યુ પામ્યા હોવાનો અને કેટલાક ઘાયલ થયા હોવાનો ઉલ્લેખ કર્યો છે. વિસ્ફોટ થયો તે સમયે કારખાનામાં ૫૦થી વધારે ભારતીય શ્રમિકો કામ કરતા હતા અને તે પૈકીના ૧૮ના મોતની પુષ્ટિ કરવામાં આવી છે. જ્યારે ઘાયલ થયેલા અન્ય ભારતીયોને અન્ય સ્થળે ખસેડવામાં આવ્યા છે. સુદાન સરકારે કારખાનામાં આગ ફેલાઈ તેના માટે અયોગ્ય રીતે વિસ્ફોટક સામગ્રી સંગ્રહીત કરવામાં આવેલી તેને કારણભૂત ગણાવ્યું છે. દુર્ઘટના બાદ તે સ્થળે રાહત અને બચાવ કામગીરી શરુ કરી દેવામાં આવી હતી અને સ્થાનિક પ્રશાસને દુર્ઘટનાનું કારણ જાણવા તપાસ શરુ કરી દીધી છે.

## નાઈજિરિયાના દરિયા કાંઠે ઉભેલા જહાજમાંથી ભારતીયોનું અપહરણ

નવી દિલ્હી : સમુદ્રી લુંટારુઓએ નાઈજીરીયાના દરિયા કિનારે થી હોંગકોંગના ઝંડાવાળા એક જહાજનું અપહરણ કરી લીધું છે. અપહૃત જહાજમાં ૧૯ લોકો સવાર હતા જે પૈકીના ૧૮ ભારતીયો હતા. સમુદ્રી લુંટારુઓએ નાઈજીરીયાના તટીય વિસ્તારમાંથી હોંગકોંગના જહાજમાં સવાર ૧૮ ભારતીયોનું અપહરણ કર્યુ છે. સમુદ્રી ઘટનાઓ પર નજર રાખનારી એક વૈશ્વિક એજન્સીએ આ જાણકારી આપી છે. જાણવા મળ્યા મુજબ અપહૃત જહાજ હાલ સુરક્ષિત છે અને નાઈજીરીયન નેવી તેના પર નજર રાખી રહી છે.

અધિકૃત વિગતો પ્રમાણે ભારતીયોના અપહરણના સમાચાર સામે આવ્યા બાદ નાઈજીરીયા ખાતેના ભારતીય મિશને ઘટના સાથે સંબંધીત જાણકારી મેળવવા અને અપહૃત ભારતીયોને છોડાવવા માટે આફ્રિકી રાષ્ટ્રના અધિકારીઓનો સંપર્ક સાધ્યો હતો. જહાજોની ગતિવિધિઓને ટ્રેક કરનારા 'એઆરએક્સ મેરીટાઈમ'ની વેબસાઈટ પર સમુદ્રી ડાકુઓએ મંગળવારે જહાજને પોતાના કબજામાં લીધું હોવાનો ઉલ્લેખ છે. સમુદ્રી લુંટારાઓએ જહાજ પર સવાર ૧૯ લોકોનું અપહરણ કર્યુ હતું જે પૈકીના ૧૮ ભારતીય નાગરિક હતા જ્યારે એક તુર્કીશ નાગરિક હતો.

## બ્રિટનમાં ૬૫ લાખ ડોલરના ડ્રગની દાણચોરી કેસ: બે ભારતીય ભાઈઓએ ગુનો કબૂલ્યો

• મનજીન્દર,દેવિન્દરને જાન્યુ. માં સજા અપાશે : ગેંગલીડરો વસીમ હુસેન, નઝરત હુસેનને ૪૪ વર્ષની ભેગી સજા

લંડન : નેધરલેન્ડમાંથી ચીકનની આયાત સાથે સંકળાયેલી કંપનીઓ દ્વારા બ્રિટનમાં લાખો ડોલરના ડ્રગની દાણચોરી કરવાનો સંગઠીત ગુનામાં સંડોવણીની ભારતીય મૂળના બે ભારતીય ભાઈઓએ કબુલાત કરી હતી.

યુકેની નેશનલ ક્રાઈમ એજન્સી દ્વારા કરાયેલી તપાસના પગલે પકડાયેલા મનજીન્દ્ર સિંહ ઠાખાર અને દેવિન્દર સિંહ ઠાખારે ગુનાની કબુલાત કરી હતી. આવતા વર્ષે જાન્યુઆરીમાં તેમને સજા ફટકારવામાં આવશે.


બમહ્વગહામસ્થિત સંગઠીત અપરાધી ટોળકીના ગેંગલીડર એવા વસીમ હુસેન અને નઝરત હુસેનને બર્મિંગહામ ક્રાઉન કોર્ટમાં ચાલેલા કેસના અંતે સંયુક્ત રીતે ૪૪ વર્ષની સજા ફટકારવામાં આવી હતી.

આ ટોળકીએ ડ્રગ ઉપરાંત પોતાના હરિફોને ધમકાવવા અને પોતાની ગુનાઈત પ્રવૃત્તિઓ ચાલુ રાખવા શસ્ત્રો લેવાનો પણ પ્રયાસ કર્યો હતો. અમારી તપાસમાં લંડન અને નેધરલેન્ડમાં અપરાધી નેટવર્કના તમામ સંપર્કો શોધી કાઢ્યા હતા. તપાસમાં ડચ પોલીસની મદદ ખૂબ જ મહત્તવની હતી'એમ તેમણે ઉમેર્યું હતું.

છેલ્લા ત્રણ કરતાં વધુ વર્ષથી ચાલી રહેલી આખી તપાસમાં સમગ્ર વેસ્ટ મિડલેન્ડસમાં 'એ'વર્ગની ડ્રગની આયાત અને તેની વહેંચણીના સંગઠીત નેટવર્કનો અમે વ્યવસ્થીત રીતે નાશ કર્યો હતો'એમ એનસીએના શાખા મેનેજરે કહ્યું હતું.

## અમેરિકાના ટેનેસી રાજ્યમાં હિટ એન્ડ રનમાં બે ભારતીય વિદ્યાર્થીઓનાં મોત

• ટેનેસી સ્ટેટ યુનિવર્સિટીના બંને વિદ્યાર્થીઓના અંતિમ સંસ્કાર ભારતમાં કરવા વિદ્યાર્થીઓએ ૪૨,૦૦૦ ડોલરનું ફંડ એકઠું કર્યું



વોશિંગ્ટન : ટેનેસી સ્ટેટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા બે ભારતીય વિદ્યાર્થીઓના માર્ગ અકસ્માતમાં મૃત્યુ થયા હતા. હિટ એન્ડ રનમાં મૃત્યુ પામેલા બંને ભારતીય વિદ્યાર્થીઓના અંતિમ સંસ્કાર ભારતમાં થાય તે માટે યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ ૪૨ હજાર ડોલરનું ફંડ એકઠું કર્યું હતું.

અમેરિકાના ટેનેસી રાજ્યમાં એક પીકઅપ ટ્રકની હડફેટે બે ભારતીય વિદ્યાર્થીઓ આવી ગયા હતા. ૨૩ વર્ષીય જૂડી સ્ટેન્લી અને ૨૬ વર્ષનો વૈભવ ગોપીશેટ્ટી ટેનેસી યુનિવર્સિટીમાં અભ્યાસ કરતા હતા. યુનિવર્સિટીમાં એગ્રીકલ્ચર કોલેજમાં ખાદ્યવિજ્ઞાનનો અભ્યાસ કરી રહેલાં બંને વિદ્યાર્થીઓના હિટ એન્ડ રનમાં મોત થયા હતા. પોલીસે આપેલી વિગત પ્રમાણે એક કારને ટ્રકે હડફેટે લીધી હતી. એ વખતે ઘટનાસૃથળે જ આ બંનેના મોત થયા હતા. તેમના ભારતીય મૂળના પ્રોફેસર ભારત પોખરેલે જણાવ્યું હતું કે બંને ખૂબ જ તેજસ્વી વિદ્યાર્થીઓ હતા. વૈભવ ટૂંક સમયમાં ફૂડના ક્ષેત્રમાં મહત્વનું સંશોધનપત્ર રજૂ કરવાનું વિચારતો હતો.

## 'ઑલ જાપાન સ્ટુડન્ટ ઈંગ્લિશ સ્પર્ધા'માં મૂળ ભારતીય વિજેતા

ટોકિયો : જાપાનમાં પણ મોટી સંખ્યામાં ભારતીય વિદ્યાર્થીઓ ભણે છે અને વિવિધ સ્પર્ધામાં ઝળકી રહ્યાં છે.

તાજેતરમાં યોજાયેલી ઓલ જાપાન સ્ટુડન્ટ ઈંગ્લિશ પ્રેઝન્ટેશન કોન્ટેસ્ટમાં ભારતીય વિદ્યાર્થી ત્રિશિત બેનર્જી વિજેતા થયો હતો. જાપાનમાં આ સ્પર્ધા જીતનારો ત્રિશિત પ્રથમ ભારતીય વિદ્યાર્થી છે. અગાઉ કોઈ ભારતીય સ્ટુડન્ટને આવી સિદ્ધી મળી નથી. ૧લી ડિસેમ્બરે ટોકિયો ખાતે તેના પરિણામો જાહેર થયાં હતા. આ સ્પર્ધામાં ફુકુશિમા પ્રાંતમાં કઈ રીતે પ્રવાસીઓને આકર્ષવા એ અંગેનું પ્રેઝન્ટેશન તૈયાર કરવાનું હતું. જાપાનની યુનિવર્સિટીઓમાં ભણતા ૭૯૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કુલ ૩ રાઉન્ડમાં સ્પર્ધા યોજાઈ હતી. સ્પર્ધાના અંતે ત્રિશિત વિજેતા જાહેર થયો હતો. ઈનામ તરીકે ત્રિશિતને ટ્રોફી, સર્ટિફિકેટ અને સૌથી મોટાં જાપાની અખબાર યોમુરી શિમ્બુનની વૉશિંગ્ટન સ્થિત ઓફિસમાં ઈન્ટર્નશિપ કરવાની તક મળી છે. ત્રિશિત ટોહુકુ યુનિવર્સિટીમાં ફાઈલન યર સાયન્સનો વિદ્યાર્થી છે. આ અંગે ત્રિશિત બેનર્જીએ જણાવ્યું હતું કે મને તો વિશ્વાસ જ નથી થતો કે હું આ અતી પ્રતિષ્ઠિત સ્પર્ધામાં વિજેતા થયો છું. પરંતુ હું આ વિજય માટે ફુકુશિમા પ્રાંતના લોકોનો આભારી છું.

## યુએસના પર્લ હાર્બર બેઝમાં ગોળીબાર, હુમલાખોર સહિત ત્રણ વ્યક્તિના મોત

હોનોલુલુ : અમેરિકાના હવાઈ દ્વીપ ખાતે આવેલા પર્લ હાર્બર મિલિટ્રી બેઝ પર એક બંદૂકધારીએ અચાનક જ ગોળીબાર શરુ કરી દીધો હતો અને બાદમાં પોતાની જાતને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. ગોળીબારના લીધે ત્રણ લોકો ઘાયલ થયા હતા જે પૈકીના બે ગંભીર ઈજાને પગલે મૃત્યુ પામ્યા હતા. અમેરિકી નૌસેના અને વાયુ સેનાના સંયુક્ત બેઝ પર્લ હાર્બર હિકમ ખાતે ગુરુવારે સવારના સમયે ગોળીબારની ઘટના બની હતી જેમાં ભારતીય વાયુસેનાના પ્રમુખ આરકેએસ ભદૌરિયા અને તેમની ટીમનો સુખદ બચાવ થયો હતો. ગોળીબારની ઘટનામાં ત્રણ લોકો ઘાયલ થયા હતા જે પૈકીના બે સારવાર દરમિયાન મૃત્યુ પામ્યા હતા.

જાણવા મળ્યા મુજબ ઘટના સ્થળે પહોંચેલા સુરક્ષા દળોએ બંદૂકધારીને પકડવા પ્રયાસ કર્યો ત્યારે તેણે પોતાની જાતને ગોળી મારીને આત્મહત્યા કરી લીધી હતી. અમેરિકાએ હિંદ-પ્રશાંત મહાસાગર ક્ષેત્રમાં વાયુ સેનાના પ્રમુખો માટે એક કાર્યક્રમ પૈસિફિક એર ચીફ સિમ્પોસિયમ(પૈકસ ૨૦૧૯)નું આયોજન કર્યું છે જેમાં અમેરિકા સહિત ૨૧ દેશના એર ચીફ માર્શલ સહભાગી બનશે.

## અમેરિકાના દક્ષિણ ડકોટામાં પ્લેન ક્રેશ થતા બે બાળકો સહિત નવ લોકોના મોત

• ચેમ્બરલેન અને સેન્ટ્રલ દક્ષિણ ડકોટામાં ભારે બરફીલા તોફાનોની આગાહી કરી હતી



દક્ષિણ ડકોટા : અમેરિકી રાજ્ય દક્ષિણ ડકોટામાં પ્લેન ક્રેશ થતા બે બાળકો સહિત નવ લોકોના મોત થયા છે અને અન્ય ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે. મૃતકોમાં આ વિમાનના પાયલોટનો પણ સમાવેશ થાય છે.

અમેરિકાના દક્ષિણ ડકોટમાં શનિવારે ભારે મોટી વિમાની દુર્ઘટના નોંધાઈ હતી જેમાં નવ લોકોના મોત થયા હતા. આ વિમાને ચેમ્બરલેનથી ઉડાન ભરી હતી અને તેમાં સવાર તમામ મુસાફરો ઈદાહો સ્થિત ઈદાહો ફોલ્સ જઈ રહ્યા હતા. ટ્રાન્સપોર્ટેશન સેફ્ટી બોર્ડના અધિકારી પીટર નડસનના કહેવા પ્રમાણે વિમાને ઉડાન ભરી તેના પહેલા જ ચેમ્બરલેન અને સેન્ટ્રલ દક્ષિણ ડકોટામાં ભારે બરફીલા તોફાનોની આગાહી બહાર પાડવામાં આવી હતી. અકસ્માત વખતે વિમાનમાં કુલ ૧૨ લોકો સવાર હતા જે પૈકીના બે બાળકો સહિત નવ લોકો મૃત્યુ પામ્યા છે અને ત્રણ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી છે.


Education is not learning of the facts but the TRAINING of the MIND to think - Sir Albert Einstein
Invest in your Child's Mind Development
GRAND
DECEMBER 15th
11 AM - 2 PM
OPENING
ALOHA MIND MATH
25 YEARS IN EDUCATION
Join us to learn:
- Open House
- Meet our staff
- Meet other parents
- Classroom technology demo
Join us for fun:
- Face painting
- Balloon twisting
- Photo booth
- Refreshments
- Draws
COMPLETE BRAIN DEVELOPMENT PROGRAM FOR KIDS AGED 5 TO 13
Benifits:
Concentration
Photographic memory
Imagination
Creative Thinking
ALOHA MIND MATH - WOODBRIDGE
#205 - 4370 STEELES AVE (W)
WOODBRIDGE, ON L4L 4Y4
Intersection: Steeles Ave (W) & Pine valley Dr
TEL: 905 605 1525
Email: woodbridge@alohacanada.ca
Benifits:
Numerical Ability
Logical Analysis
Observation Skills
Spatial Orientation
Enhanced Listening


Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service
3642 Kingston Rd
Toronto
$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers
1177 Pure Spring Blvd
Pickering
$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen
25 Heron Park Pl
Toronto
$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .
12 Silverwood Circ
Ajax
$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms
19 Rosebank Dr
Toronto
$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted
192B Magnolia Ave
Toronto
$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)
PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com
MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com
JAINIK JARIWALA
Sales Representative
416.206.6115
Designed by Swadesh- Gujarati News Paper
Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116, Toronto, ON. M1H 3B7
Century 21 Titans Realty Inc. Brokerage
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract


Continental MOTORS
LASER ALIGNMENT
Free Diagnosis with Repairing
THIS MONTH ONLY
Synthetic Oil Change $49.99 Most Cars
THIS MONTH ONLY
Oil Change $24.99 Most Cars
Computer Diagnosis
Wheel Balancing
Alternater & Starter
Steering & Suspension
Oil Changes
Brakes & Tires
Safety
Tune Up
Muffler
Licenced Mechanic On Duty
We do Body Work, Painting & Insurance Jobs
O: 647-351-7692 • C: 416-575-1277
650 Markham Road, Scarborough
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm


WELCOME !
GENERAL & COSMETIC FAMILY DENTISTRY
Dr. Salim Kapadia DDS
Dental Centre
SK
Dr. Salim Kapadia DDS
Shagofa Azizi RDH
Get Free Quote for All Dental Needs.
FREE and Convenient On-site Parking & Wi-Fi
Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi
❖ Evening and weekend appointments available.
❖ Friendly and caring staff.
❖ We cater to all Insurance Plans.
FREE LASER WHITENING
❖ Complete range of Dental services available.
❖ Emergencies seen right away.
❖ Dental Implants start to Finish.
FOR APPOINTMENT PLEASE CALL
416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com
Dr. Salim Kapadia Dental Centre
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request


CLUB CERAMIC
Lapoto Finish
Glossy Finish
Matt Fiish
પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી
Porcelain tiles starting from $0.89 per square feet only
Ceramic tiles starting from $0.50 per square feet only
સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી
◆ Porcelain & Ceramic tiles at Direct factory price
◆ Price match guarantee + we will beat price with additional 5% discount
◆ Tiles available for Floor, Wall and Outdoor Parking
◆ પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
◆ અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
◆ ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે
-: Available Size :-
24'' * 24'' I 12'' * 24'' I 24'' * 48'' I 4'' * 8'' I 4'' * 12''
MONTREAL
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 / +1-514-813-3850
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850
www.clubceramic.com, Email : sales@clubceramic.com